સ્વામીશ્રી વિવેકાનંદ પ્રણિત

पातांजल योगदर्शन.

અનુવાદક,

મગુભાઈ ફતેહચંદ કારભારી.

श्री

पातांजल योगदर्शन.

સ્વામી વિવેકાનંદકૃત ટીકા સાથે.

અનુવાદક,

ભગુભાઈ ફતેહચંદ કારભારી.

પ્રકટ કર્તા,
મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે,
બુકસેલર અને પબ્લીશર,
ત્રણ દરવાજા, અમદાવાદ

અમદાવાદઃ
"નિર્મળ" પ્રિન્ટીંગ પ્રેસમાં લલ્લુભાઈ
ઈશ્વરદાસ ત્રિવેદીએ મુદ્રિત કર્યું.

સંવત ૧૯૫૯. સને ૧૯૦૩

[illegible] રૂ. ૧-૮-૦

બેબોલ.

સન ૧૮૯૯માં જ્યારે મારી તરફથી રાજયોગ પ્રકટ કરવામાં આવ્યુ ત્યારે મે લખ્યુ હતું કે સ્વામીજીની "ટીકાવાળુ **પાતાંજલ યોગસૂત્ર** જુદા પુસ્તકના રૂપમા તૈયાર કરવા માંડયું છે, જે થોડા વખતમાં અસલ શ્લોકસાથે પ્રસિદ્ધ કરવામાં આવશે." અને આજે તે લેખના આધારે આ પુસ્તક પ્રકટ કરવાનો મને પ્રસંગ મળ્યો છે તે જોઇ મને આનંદ થાય છે. પાતાંજલ યોગદર્શનનુ પુસ્તક સર્વ માન્ય છે. તેનાં અંગ્રેજીમાં મહુંમ ડૉ રાજેન્દ્રલાલ મીત્રે, પ્રોફેસર મણીલાલ નભુભાઇ મી સરકાર આદિએ ભાષાન્તરો કર્યા છે. સિવાય મરાઠી, કેનેરી, બેંગાલી, હિંદી, ટેમીલ આદી આપણી તમામ ભાષામાં ભાષાન્તર થયાં છે, તેજ આ પુસ્તકનુ સર્વમાન્યપણુ સાબીત કરી આપે છે

આટલું છતા સ્વામી વિવેકાનંદ કૃત **પાતાંજલ યોગદર્શન** એટલુ તો લોકપ્રીય થયુ છે કે આજ ૭ વર્ષમા તેની બધી મળી અંગ્રેજીમાં દસ આવૃત્તીઓ થઇ છે અને યુરોપની એવી કોઇપણ ભાષા નથી કે જેમાં આ ટીકાનુ ભાષાન્તર ન થયુ હોય—ટીકાસરળ હોવાથીજ મે આ પ્રયત્ન કર્યો છે અને આશારાખુછુ કે યોગવિદ્યાના અભ્યાસીઓ અને તે વિદ્યા શિખવા ધગજ રાખનાર અનુયાઇઓ આનો સત્કાર કરશે.

આ પ્રસગે જે ગ્રહસ્થો અને મારાસ્નેહીઓ મારી તર્ફથી પ્રકટ થતાં પુસ્તકોનો સત્કાર કરી મારા કાર્યમાં સ્હાયભૂત થાયછે તેમનો હું કેટલાક અંશે આભારીછું.

૧૧૦૩ રાયજીમ્હેતાની પોળ
અમદાવાદ.
૧૫ મી. ફેબ્રુઆરી ૧૯૦૩

ભ. ફ. કા.

ॐ श्रीः

पाताञ्जल–योगसूत्र. ॥

ઉપક્રમણિકા.

યોગ-સૂત્રની વ્યાખ્યાનો યત્ન કર્યા પૂર્વે, યોગીઓનો ધર્મ જે પાયા ઉપર સ્થાપિત છે, એવા એક વિષયની મીમાંસા કરવાની કોશીશ કરીશ. જગત્માં જેટલા મોટા મોટા માણસો છે, તે સર્વેનો એવો એક મત છે, અને પ્રાકૃતિક પદાર્થ સમ્બંધી વિશેષ પરીક્ષા કર્યાથી એ વાત એક રીતે મિમાંસિત (નિર્ણિત-સિદ્ધ) થઇ ગઈ છે કે, આપણે-એક સર્વાતીત સત્તા, જે આપણા આ દ્વૈત જગતના પછવાડે રહેલી છે, ત્યાંથી આ દ્વૈત જગતમાં આવ્યા છીએ, અને પાછા તે સત્તામાં જ પાછા જવાને સારૂ ક્રમે ક્રમે આગળ વધીએ છીએ. જો આટલું સ્વીકારવામાં આવે, તો એક એવો પ્રશ્ન થઇ આવે છે કે, આ બે અવસ્થામાંથી કઇ અવસ્થા ઉત્તમ? એવા અનેક માણસો છે, કે જેઓ આ વ્યક્ત અવસ્થાને જ માણસની સર્વોચ્ચ અવસ્થા સમજે છે. ઉચ્ચ ધારણાશક્તિવાળા અનેક ભાવિકોનો મત એવો છે કે, આપણું એક અખંડ પુરુષનો વિકાશ છીએ, અને આ વ્યક્તાવસ્થા અવ્યક્તાવસ્થા કરતાં શ્રેષ્ઠ છે. નિરપેક્ષ પૂર્ણ બ્રહ્મમાં કોઇ ગુણ રહી શકે (હોઇ શકે) નહિ તેથી, તેઓ એમ ધારે છે કે, તે (બ્રહ્મ) નિશ્ચય અચૈતન્ય, જડ, પ્રાણશૂન્ય છે. તેઓ એમ વિચારે છે કે માત્ર આ જીવનમાં જ સુખ-

ભોગ સંભવે છે, તેથી આ જીવનના સુખમાં જ આપને આસક્ત થવું ઉચિત છે. પ્રથમ, જોઇએ કે, આ જીવન-સમસ્યાની બીજી શીશી મીમાંસા છે; અને તેઓના સંબંધી આલોચના કરીએ. એ સબધી અતિ પ્રાચીન સિદ્ધાંત એ છે કે, મૃત્યુ પછી માણસ જે છે તે જ રહે છે, તો પણ તેનુ સમસ્ત અશુભ ચાલ્યું જાય છે, અને તેના બદલે, કેવળ જે કાંઇ સારૂં, તે જ અનન્ત કાળને સારૂ રહી જાય છે. પ્રણાલીબદ્ધ નૈયાયિક ભાષામાં આ સત્યને ગોઠવી એક તો તે એવું થઇ રહે કે, માણસની શેષ ગતિ આ જગત્‌—આ જગત્‌ની જ કંઇક ઉચ્ચાવસ્થા છે—અને એનો સમુદય અસત્‌ ભાગ કાઢી નાંખ્યાથી જે બાકી રહે, તેને જ સ્વર્ગ કહે છે. આજ પૂર્વોક્ત મતવાળાઓનું સર્વ શેષ લક્ષ્ય છે. આ મત અતિ અસંભવિત અને વિસાત વગરનું છે, તે બહુ સહજ સમજી શકાય છે, કારણ કે તેમ થઇ શકે જ નહિ સારૂં નહિ તથાપિ નઠારૂં છે, અથવા નઠારૂં નથી પણ સારૂં છે, એમ થઇજ શકે નહિ. કંઇ પણ નઠારૂં નથી, એવા જગતમાં વાસની કલ્પનાને ભારતના નૈયાયિકો આકાશ—કુસુમ તરીકે વર્ણવે છે. ત્યાર પછી બીજો એક મત હાલના અનેક સંપ્રદાયો તરફથી સાંભળવામાં આવે છે, તે એ કે, માણસ ક્રમાગત ઉન્નતિ કરે છે, પરંતુ તે કદિ તે શેષ લક્ષમાં પહોંચી શકશે નહિ. આ મત પણ તુરતવેળા સાંભળતાં તો અતિ યુક્તિ યુક્ત તરીકે લાગ્યા છતાં પણ વાસ્તવિક અતિશય અયુક્ત છે, કારણ, સરળ રેખામાં કોઇ ગતિ થઇ શ્વ હોઇ શકે નહિ. ગતિ માત્ર વર્તુલાકારે ગતી રહે છે. જો તમે એક પથરો લેઇને આ-

કાશામાં ફેંકો, અને ત્યાર પછી જો તમારૂં જીવન પહોંચે, તો તે (પથરો) બરાબર તમારા હાથમાં પાછો આવશે. જો એક સરળ રેખાને અનંત માર્ગમાં પ્રસારિત કરવામાં આવે, તો તે એક વૃત્તરૂપે (ગોળાકાર) બની જઈને તેનો છેડો આવશે. એટલા માટે, આ મત,–કે મનુષ્યની ગતિ સર્વદા અનન્ત ઉન્નતિના તરફ છે, તેનો ક્યાંઈ પણ શેષ (અંત) નથી એ અયુક્ત (અયોગ્ય)છે અપ્રાસંગિક હોવા છતાં હું અત્યારે આ પુર્વોક્ત મત સંબંધી એક બે વાતો કહીશ, નીતિશાસ્ત્રમાં કહે છે કે, કોઇનો પણ અનાદર અથવા તિરસ્કાર કરશો નહિ–સર્વને ચહાજો નીતિશાસ્ત્રનું આ સત્ય પૂર્વોક્ત મતદ્વારા પ્રતિપાદિત થઈ જાય છે જેમ વીજળી અથવા અન્ય કોઇ શક્તિ સંબંધી આધુનિક મત એવો છે કે, એ શક્તિ–શક્તિના આધાર–યંત્ર (Dynamo)માંથી નીકળી ફરી ઘુમીને પાછી તે યંત્રમાં પાછી આવે છે, તેવી જ રીતે તે પણ છે. પ્રકૃતિની સમુદય શક્તિ સંબંધી પણ આ નિયમ છે સર્વ શક્તિઓ ઘુમી ફરીને જે સ્થાનમાંથી ગઈ હોય, તે જ સ્થાનમાં પાછી આવશે. આ કારણથી કોઇનો પણ અનાદર કરવો ઉચિત નથી, કારણ, એ શક્તિ–એ અનાદર–જે તમારામાંથી નીકળી હતી, તે કાળે ફરીને પાછી તમારી પાસે આવશે. જો તમે લોકોને ચાહાઓ, તો તે ચાહના ઘુમી ફરીને તમારી પાસે પાછી આવશે આ ખરેખર સત્ય છે કે, માણસના અંતઃકરણમાંથી અનાદરનું બીજ નીકળે છે, તે ઘુમી ફરીને પાછું આવી તેના ઉપર પૂર્ણ પરાક્રમથી પોતાનો પ્રભાવ પ્રસારશે, કોઇનાથી એની ગતિને અટકાવાની

નથી. ચાંદ્રના સંબંધી પણ એમ જ. અનન્ત ઉન્નતિ સંબંધી મત સ્થાપન કરવો અસમ્ભવિત છે; એ વાત બીજાં પણ પ્રત્યક્ષ ઉપર સ્થાપિત યુક્તિદ્વારા પ્રમાણ કરી શકાય. પ્રત્યક્ષ જોવામાં આવે છે કે, ભૌતિક સર્વ વસ્તુની ક્ષય ગતિ એક વિનાશ છે–તેથી અનન્ત ઉન્નતિનો મત કોઇ પણ રીતે કહી શકે નહિ. આપણે આ જે નાના પ્રકારના પ્રયત્ન કરીએ છીએ, આપણી આ જે અત્યંત ભારી આશાઓ, આટલો ભય, આટલું સુખ, એ સર્વનું પરિણામ શું છે? મૃત્યુ જ આપણા સર્વની ગતિ છે આના કરતાં સુનિશ્ચિત બીજું કંઇ પણ થઇ શકે નહિ. ત્યારે એવી સરલ રેખામાં ગતિ ક્યાંથી રહી? એવી અનન્ત ઉન્નતિ ક્યાં રહી? થોડેક દૂર જઇને પાછું જ્યાંથી ગતિનો આરંભ થયો હતો, તેજ સ્થાને ફરીને પાછું આવવાનું થયું *નીહારમય નક્ષત્ર સમૂહ (Nebulæ)માંથી કેવા સૂર્ય, ચન્દ્ર, તારા ઉત્પન્ન થાય છે, અને ફરીને પાછા તેમાં જ જતા રહે છે. આવી રીતે સર્વત્ર ચાલે છે. ઉદ્ભિજ્જો માટીમાંથી સાર (સત્વ) ગ્રહણ કરે છે, અને પાછા કોહોઇ ફરાઇને માટીમાં જ મળી જાય છે. જે કંઈ આકૃતિવાળી વસ્તુઓ છે, તે આ ચો તરફના પરમાણુ-પુંજમાંથી ઉત્પન્ન થઇ પછી તે પરમાણુમાં જ મળી જાય છે.

એક જ નિયમ જુદે જુદે સ્થાને જુદી જુદી રીતે કામ કરે, એમ બની શકે જ નહિ. નિયમ સર્વત્ર સમાન જ. આના કરતાં નિશ્ચય બીજું કંઇ પણ થઇ શકે નહિ. જો આ એક પ્રકૃતિનો નિયમ હોય, તો અન્તર્જગતમાં એ નિયમ લાગુ પડે નહિ કેમ? મન એના ઉત્પત્તિ સ્થાનમાં જઇને

* નીહારસ્તૂપ, ભારદ

નાશ પામશે આપણે ઇચ્છા કરીએ વા નાકરીએ, તોપણ આપણે તેજ આદિમાં પાછું જવું પડશે. એ આદિ કારણને ઇશ્વર અથવા અનન્ત કહે છે આપણે ઇશ્વરમાંથી આવ્યા છીએ, અને ઇશ્વરમાં ફરીને પાછા જઇશું જ જઇશું. આ ઇશ્વરને ગમેતે નામથી બોલાવવામાં (ઓળખવામાં) આવે.—એને ગૉડ કહો, પૂર્ણ કહો, કે પ્રકૃતિ કહો, અથવા બીજા કોઇ પણ નામે તેને બોલાવો—ભગવાન્ તે એક જ પદાર્થ "यतो वा इमानि भूतानि जायन्ते, येन जातानि जीवन्ति, यं प्रयन्त्यभिसंविशन्ति,"—'જેનામાંથી સર્વ ઉત્પન્ન થયું છે, સર્વ પ્રાણી જેનામાં સ્થિતિ કરે છે અને જેનામાં સર્વ ફરીને પાછા જશે;' આના કરતાં નિશ્ચય બીજાનું કંઇપણ થઇ શકે નહિ. પ્રકૃતિ સર્વત્ર એક જ નિયમથી કાર્ય કર્યા કરે છે. એક માણસથી જે કાર્ય થાય છે, તેજ કાર્ય બીજા લાખો લોકોથી પણ તે એક જ નિયમથી થશે ઉદ્ભિદમાં જે જોવામાં આવે છે, તેજ વ્યાપાર (કાર્ય-ક્રિયા) આ પૃથ્વી (જગત્) સર્વ મનુષ્યો અને સર્વ નક્ષત્રોમાં પણ ચાલ્યા કરે છે બૃહત્ તરંગ કેટલાક ક્ષુદ્ર ક્ષુદ્ર તરંગોની એક મહા સમષ્ટિ માત્ર છે. સમુદય જગત્નું જીવન કહ્યાથી સર્વ ક્ષુદ્ર ક્ષુદ્ર લાખો જીવનની સમષ્ટિ જ સમજાય અને એ સર્વ ક્ષુદ્ર ક્ષુદ્ર લાખો જીવનું મૃત્યુ એજ જગતનું મૃત્યુ

અહિં એવો પ્રશ્ન ઉત્પન્ન થાય છે કે, આ પ્રમાણે ભગવાનમાં પ્રત્યાવર્તન (પાછા જવું) એ ઉચ્ચતર અવસ્થા કે નિમ્નતર અવસ્થા ? યોગમતના દાર્શનિકો આના ઉત્તરમાં દૃઢ ભાવથી કહે છે કે, હા, એ ઉચ્ચાવસ્થા. તેઓ કહે

છે કે, માણસની વર્તમાન અવસ્થા અવનત (નીચી) અવસ્થા છે. જગતમાં એવો કોઈ ધર્મ નથી, જેમાં કહે છે કે, માણસ પૂર્વે જે અવસ્થામાં હતો, તેના કરતાં ઉતરતી અવસ્થા પામ્યો છે અને ધર્મમાં આ એક જ પ્રકારનું તત્ત્વ મળી આવે છે કે, માણસ અસલમાં તો શુદ્ધ અને પૂર્ણ હતો, ત્યાર પછી ક્રમે ક્રમે નીચે જતો રહ્યો છે, અને એમ કરતાં એટલો નીચો જાય છે કે, એની નીચે પછી તે જઈ શકે નહિ. ત્યારપછી એવો સમય આવશે જ આવશે, કે જ્યારે તે વર્તુળાકારે ધૂમીને ઉપર જતો પાછો તે પૂર્વના સ્થાને જઈ પહોંચશે. માણસની વર્તુળાકારે ગતિ થશે જ થશે. તે ગમેતેટલો નીચે આવશે કાં ના જાય, પરંતુ આખરે એવી ઉર્દ્ધ્વ ગતિ પુનઃ પામશે, અને અંતે તેના આદિ કારણ ભગવાનમાં પાછો જશે. માણસ પ્રથમ ભગવાનમાંથી આવે છે, વચ્ચે તે મનુષ્યરૂપે રહે છે, અને આખરે ફરીને ભગવાનમાં પાછો જાય છે. દ્વૈતવાદના ભાવથી આ તત્ત્વ એવી રીતે બધ બેસતું કરી શકાય. અદ્વૈત ભાવે એ તત્ત્વ કહેતાં કહેવું જોઈએ કે, માણસ ભગવાન છે, અને પાછો ફરીને તેમાં જ જાય છે. જો આપણી વર્તમાન અવસ્થા જ ઉચ્ચતર અવસ્થા હોય, તો જગતમાં આટલાં દુઃખ, આટલાં ભયાનક કાર્ય રહ્યાં છે કેમ ? અને એનો અંત પણ આવે છે કેમ ? જો આજ ઉચ્ચતર અવસ્થા હોય, તો એનો છેડો આવી રહે છે કેમ ? જે વિકૃત થાય છે અને પરિણામ પામે છે, તે કદિ સર્વોચ્ચ અવસ્થા થઈ શકે નહિ. આ જગત આટલું પૈશાચિક ભાવવાળું–પ્રભુને અનુચિત કેમ છે ? એના પક્ષમાં બહુ તો એટલું કહી શકાય કે, એની

અંદર થઇને આપણે એક ઉચ્ચતર માર્ગે જઇએ છીએ. આપણે પુનરુજ્જીવિત થઇશું એમ સમજીને જ એ અવસ્થાની અંદર થઇને જઇએ છીએ. બીજને જમીનમાં નાંખો, તો તે વિશ્લિષ્ટ થઇને છેક ધ્વસ (નાશ) થઇ જશે. અને પાછું ધ્વસ અવસ્થામાંથી મોટું વૃક્ષ ઉત્પન્ન થશે. આ મહત્ વૃક્ષ થવાને સારુ પ્રત્યેક બીજ કોહીને માટીમાં મળી જવું જોઇએ આ ઉપરથી એ વાતની સારી ખાત્રી થાય છે કે, આપણે જેટલા જલદી આ "મનુષ્ય" સત્તાવાળી અવસ્થા—વિશેષને અતિક્રમ કરીને તેના કરતાં ઉચ્ચાવસ્થામાં જઇએ, તેટલું આપણું મંગળ છે ત્યારે શું આત્મહત્યા કરીને આપણે એ અવસ્થા અતિક્રમ કરીશું ? કદિપણ નહિ. એથી તો ઉલટું સારાને બદલે માઠું થશે. શરીરને અનર્થક દુખ દેવું, અથવા જગતને નકામી ગાળોભેળો દેવી, એ આ સંસાર તરવાનો ઉપાય નથી નિરાશાના આ કાદવવાળા સરોવરમાં થઇને આપણે જવું પડશે, અને જેટલા જલદી જઇ શકીશું તેટલું મંગળ છે પરંતુ એ વાત સર્વદા યાદ રહેવી જોઇએ કે, આપણી આ વર્તમાન અવસ્થા સર્વોચ્ચ અવસ્થા નથી.

આમાં આટલું સમજવું કઠણ છે કે, જેને સર્વોચ્ચ, સંકોતીત, દ્વંદ્વાતીત બ્રહ્મ કહેવામાં આવે છે, તેને ઘણાક પથ્થર અથવા અર્દ્ધ—જંતુ—અર્ધસ્ફારવત્ જડ પદાર્થ માત્ર ધારે છે. પરંતુ વાસ્તવિક તેમ નથી. એમ ધાર્યામાં પણ મહા વિપત્તિ છે જેઓ એમ ધારે છે, તેઓ માને છે કે, જગતમાં જેટલું અસ્તિત્વ છે, તે બે ભાગમાં વિભક્ત છે—એક પ્રકાર પથ્થરાદિના જેવો જડ છે, અને બીજો પ્રકાર જ્ઞાન-

વાળો છે. પરંતુ તેઓને પૂછીએ છીએ કે, તેઓ સર્વ અસ્તિત્વને આ બે ભાગમાં વિભક્ત કરીને જ સંતુષ્ટ રહે છે, તેમાં તેઓનો શો અધિકાર છે? ધ્યાન કરતાં અનંતગણી ઉચ્ચાવસ્થા શું નથી? પ્રકાશનું કંપન અતિ મંદ હોય તો તે આપણા દીઠામાં આવશે નહિ, પણ જ્યારે કંઈક વધારે તેજસ્વી થાય છે, ત્યારે જ આપણા દીઠામાં આવે છે-ત્યારે જ તે આપણી આંખોમાં પ્રકાશરૂપે પ્રકાશિત થાય છે. વળી જ્યારે તે અત્યંત અધિક ઉજ્જવળ થાય છે, ત્યારે પણ આપણે તે દેખી શકીશું નહિ, આપણી આંખોએ તે અંધકારવત્ માલમ પડે છે. આ ગેપોક્ત અંધકાર પેલા પ્રથમોક્ત અંધકારની સાથે શું સંપૂર્ણ એક છે? તેઓમાં કશો તફાવત શું નથી? ના, કદિપણ નથી તેઓ બે મેરૂની પેઠે પરસ્પરથી દૂર છે. પત્થરની ધ્યાન શૂન્યતા અને ભગવાનની ધ્યાન શૂન્યતા બંને શું એક વસ્તુ છે? કદિપણ નથી. ભગવાન ધ્યાન કરતા નથી. વિચાર કરતા નથી. અને તે કરે પણ શા સારૂ? તેની આગળ કંઈપણ અજાણ્યું છે કે તે ધ્યાન કરે! પત્થર ધ્યાન કરી શકતો નથી; ઈશ્વર ધ્યાન કરતો નથી આ તેઓની અંદર તફાવત છે. પૂર્વોક્ત દાર્શનિકો એવો ખ્યાલ કરે છે કે, ધ્યાન છોડીને ચાલ્યા જવું, એ અતિ ભયાનક કાર્ય છે; તેઓ ધ્યાનની ક્રિયાના ઉપરાંત બીજું કંઈપણ ખોળી-શોધી શકતા નથી.

યુક્તિનું રાજ્ય છોડી ગયે તેના કરતાં પણ ઘણું ઉચ્ચતર રાજ્ય રહેલું છે. વાસ્તવિક બુદ્ધિના અતીત પ્રદેશમાં જ આપણું પ્રથમ ધર્મજીવન શરૂ થાય છે. જ્યારે તમે ધ્યાન બુદ્ધિ, યુક્તિ સર્વ છોડીને ચાલ્યા જાઓ, ત્યારે જ તમે ભ-

જગત–પ્રાપ્તિના આરંભમાં પ્રથમ પગ મૂકીએ. એજ જીવનનો પ્રકૃત આરંભ છે. જેને સાધારણ રીતે જીવન કહે છે, તે પ્રકૃત જીવનની ભ્રુણ અવસ્થા માત્ર છે.

અહિં એવો પ્રશ્ન થઈ શકે છે કે, ધ્યાન અને વિચારના અતીત અવસ્થા એ સર્વોચ્ચ અવસ્થા છે, તેનું પ્રમાણ શું? પ્રથમ, જગતના જેટલા શ્રેષ્ઠ મનુષ્યો–જેઓ કેવળ વાક્યવ્યય કરે છે, તેઓના કરતાં બહેતર મનુષ્યો–જેઓએ પોતાની શક્તિના બળથી સર્વ જગતને પરિચાલિત કર્યું હતું, જેઓના હૃદયમાં સ્વાર્થનો લેશમાત્ર પણ નહોતો, તેઓએ કહ્યું છે, કે, આપણી આ અવસ્થા કેવળ તે અનન્ત માર્ગની એક સીડી સ્વરૂપ છે તે અનન્ત આપણી આગળ રહેલો છે. બીજું, તેઓ માત્ર એમજ કહે છે, એમ નથી, પરન્તુ તેઓએ જે સાધના–બળથી તે અનન્તમાં ગમન કર્યું હતું, તે સર્વ ઉપાય સર્વ સાધારણોને સારૂ રાખી ગયા છે; સૌ કોઇજો ધારે તો તેઓના માર્ગનું અનુસરણ કરી શકે. ત્રીજું, પૂર્વે જે વ્યાખ્યા આપવામાં આવી, તેના સિવાય જીવન સમસ્યાની બીજા કોઇ પ્રકારની સંતોષકારક વ્યાખ્યા આપી શકાતી નથી જો સ્વીકાર કરવામાં આવે કે, એના કરતાં ઉચ્ચ અવસ્થા બીજી નથી, તો જિજ્ઞાસા યોગ્ય એ છે કે, આપણે ચિરકાળ એવા ચક્રની અંદર થઇને કેમ જઇએ છીએ? શી યુક્તિથી આ દૃશ્યમાન સમુદય વ્યાપારાત્મ (ક્રિયાત્મક) જગતની વ્યાખ્યા કરવામાં આવે? જો એના કરતા અધિક દૂર જવાની આપણી શક્તિ ના હોય, જો આપણે એના કરતા કંઇક અધિક યાચના કરવાની ના રહે, તો આ પંચેન્દ્રિય–ગ્રાહ્ય જગત્ જ આપણા જ્ઞાનની

કોઈ સીમા રહી જશે. આને જ અજ્ઞેયવાદ કહે છે. પરંતુ તે-
મ એ છે કે, આપણે ઇન્દ્રિયોની અને મનનો વિશ્રામ સ્થા-
પીએ, તેની પણ યુક્તિ ગઈ છે ? તું તેને જ પ્રકૃત નહિ ક-
હીશ, કે જે રચનામાં ચુપચુપ ઊભા રહીને મરી શકે છે.
જો યુક્તિ જ આપણું સર્વસ્વ હોય, તો તે પણ આપણને
કેવળ ઈશ્વર-નાસ્તિકવાદના તરફ દોરતા દેશે નહિ. કેવળ
અર્થ (ધન-દ્રવ્ય), યશ અને નામની આકાંક્ષા, એમના
સિવાય બીજા સર્વ વિષયોમાં નાસ્તિક થાય, તે કેવળ તા-
ર્કિક-તાલમેળથી છેતરપિંડી કરનાર જણાશે. કેન્ટે (Kant)
નિઃસંશય ભાવે સિદ્ધ કર્યું છે કે, આપણો યુક્તિરૂપ દુર્ગ
દિવાલ ઓળંગીને તેના અતીત પ્રદેશમાં જઈ શકવાના નહિ
પરંતુ ભારતખંડમાં જેટલા તત્ત્વ શોધી કાઢવામાં આવ્યાં છે.
તે સર્વની પહેલી વાત એ છે કે, યુક્તિને પેલેપાર જવું.
યોગીઓ અતિશય હિંમતભેર આ રાજ્ય સંબંધી શોધ
કરવામાં પ્રવૃત્ત થાય છે અને આખરે એવી એક વસ્તુ મે-
ળવે છે, કે જે યુક્તિથી ઉપર હોય છે—ત્યાં આપણી વ-
ર્તમાન પરિદૃશ્યમાન અવસ્થાનું કારણ મળી આવે છે જે
આપણને જગતની બહાર લેઈ જાય, તેના સંબંધી શિક્ષણ
મેળવવાનું આ ફળ છે. “ તમે અમારા પિતાછો, તમે અમને
અજ્ઞાનને પેલેપાર લેઈ જાઓ. ” **त्वं हि: नः पिता, न**
स्तमसः परपारं नेष्यसि (प्रश्नोपनिषद्)” આજ ધર્મ-
વિજ્ઞાન. બીજું કંઈ પણ પ્રકૃત ધર્મવિજ્ઞાનના નામને યોગ્ય
થઈ શકે નહિ.

॥ ॐ श्रीः ॥

॥ पातांजल-योगसूत्र ॥

॥ प्रथम अध्याय ॥

॥ समाधि-पाद ॥

अथ योगानुशासनम ॥ १ ॥

સૂત્રાર્થ—હવે યોગની વ્યાખ્યા કરવામાં પ્રવૃત્ત થઈએ છીએ.

योगश्चित्तवृत्तिनिरोधः ॥ २ ॥

સૂત્રાર્થ—ચિત્તને વિભિન્ન પ્રકારની વૃત્તિવાળું અર્થાત્ આકાર અથવા પરિણામયુક્ત થવા ના દેવું તેજ યોગ. (ચિત્તની વૃત્તિઓનો નિરોધ તેજ યોગ.)

વ્યાખ્યાઃ—આ સ્થળે ઘણું સમજવાનું છે. બુદ્ધિ ધ-

હું. રીતે આપણે માનવું પડશે. પ્રથમ તો ચિત્ત છે અને ઇંદ્રિયો છે. તે બધાનું વર્ણન, આપણી આ આંખો છે એ ખરેખર વાસ્તવિક રીતે દેખતી નથી. જો મગજમાંની દર્શનેન્દ્રિય આપના કોઈ ભાગને નષ્ટ કરી નાંખો, તો તમારી આંખો ના રહી શકે, આંખોની કીકી આખેઆખી રહી શકે, અને આંખના ઉપર જે છબી પડીને દેખાય છે, તે પણ રહી શકે. તથાપિ દેખી શકાય નહિ. તો પછી આંખો એ કરણનું (દેખવાનું-જોવાનું) કેવળ ગૌણ યંત્ર માત્ર થયું. એ ખરું (વાસ્તવિક-ખરેખરી) દર્શનેન્દ્રિય નથી. એ ઇન્દ્રિય તો મગજની અંદર જ્ઞાનતંતુકેન્દ્રમાં રહેલી છે. આથી તેનામાં આવશે કે, કેવળ બે આંખોથી જ કોઈ કામ થઈ શકે નહિ. કદિ કદિ (કેટલાક) લોક ઉઘાડી આંખે ઊંઘી જાય છે; (તે વેળાએ) પ્રકાશ આવવા આવવાનું પણ હોય છે. અને વસ્તુ ચિત્ર (છબી) પણ હોય છે, પણ એક ત્રીજી વસ્તુનું પ્રયોજન છે. મન ઇન્દ્રિયમાં સંયુક્ત થવું જોઈએ. આંખો કેવળ બહારનું એક યંત્ર માત્ર છે, મગજમાંનું જ્ઞાનકેન્દ્ર અને મન એ બંનેની પણ આવશ્યકતા છે કોઈ કોઈવાર એવું થાય છે કે; રસ્તા પરથી ગાડી ચાલી જાય છે. પરંતુ તમે તેનો શબ્દ (અવાજ) સાંભળવા પામતા નથી. એનું કારણ શું ? કારણ એજ કે, તમારું મન શ્રવણેન્દ્રિયમાં સંયુક્ત થયું નથી. તેટલા માટે પ્રથમ બહારનું યંત્ર, ત્યારપછી ઇન્દ્રિય; અને

મન એ બનેમાં જુદું થતું જોઇએ. મન, આ અનુભવથી ઉપજતા સંસ્કારને થોડી પણ અંદરના ભાગમાં લેઇ જઇને નિશ્ચયાત્મિક બુદ્ધિને અર્પણ કરે છે (અને) બુદ્ધિમાં જ-ઈને એવું આઘાત કર્યાથી બુદ્ધિમાંથી પણ નવું એક પ્રતિક્રિયા થાય છે આ પ્રતિક્રિયાની સાથે અહંકાર જાગી ઉઠે છે વળી આ ક્રિયા અને પ્રતિક્રિયાની સમષ્ટિ, પુરુ-ષને યથાર્થ આત્મા કહી શકાય. તેની આગળ અર્પિત થાય છે. ને વેગાએ તે (આત્મા) આ મિશ્રણ સમષ્ટિને એક વસ્તુરૂપે સમજે છે ઇન્દ્રિયો, મન, નિશ્ચયાત્મિક બુદ્ધિ અને અહંકાર મળીને જે થાય છે, તેને અન્તઃકરણ કહે છે ચિત્ત સત્તાવાળા મનની અંદર એઓ ભિન્ન ભિન્ન પ્રક્રિયા સ્વરૂપ છે ચિત્તની અંદરના આ સર્વ વિચાર-પ્રવાહને વૃત્તિ કહેછે. હવે પ્રશ્ન એ થાય કે, વિચાર એ શા વસ્તુ છે? માધ્યાક-ર્ષણ અથવા વિકર્ષણ શક્તિની પેઠે વિચાર એ એક પ્રકા-રની શક્તિ માત્ર છે પ્રાકૃતિક શક્તિના અક્ષય ભંડારમાંથી આ શક્તિ ગ્રહણ કરાય છે ચિત્ત નામનું યંત્ર આ શક્તિને ગ્રહણ કરે છે, અને જ્યારે તે ભૌતિક પ્રકૃતિના બીજા પર જઈ પહોંચે છે, ત્યારે જ તેને વિચાર કહે છે. આપણા ખોરાકમાંથી આ શક્તિ સંગૃહિત થાય છે. એ ખોરાકની શક્તિમાંથી જ શરીરની ગતિ ઇત્યાદિ શક્તિ થાય છે, અને બીજા પણ વિચારરૂપ સમુદય સૂક્ષ્મતર શક્તિ પણ એમાંથી જ ઉત્પન્ન થાય છે. સ્વાભાવિક જ આપણા જોવામાં આવે

છે કે, મન ચૈતન્યમય નથી. (તે છતાં) પ્રથમ તો તે ચૈતન્યમય હોય એમ લાગે છે. આમ લાગવાનું કારણ શું? કારણ એ કે, ચૈતન્યમય આત્મા એની પછવાડે રહેલો છે. તમે જ એકમાત્ર ચૈતન્યમય પુરુષ છો,–મન કેવળ એક યંત્રમાત્ર છે, જેનાથી તમે બહિર્જગત અનુભવો છો. આ પુસ્તકની વાત લો; તો બહાર એનું પુસ્તકરૂપી અસ્તિત્વ નથી. બહાર વાસ્તવિક જે છે, તે અજ્ઞાત અને અજ્ઞેય છે. એ કેવળ ઉત્તેજક કારણ માત્ર છે. એ જડને મનમાં આઘાત કરે છે, અને મનમાંથી એક પ્રતિક્રિયા થાય છે. જે જળમાં એક પથરો નાખવામાં આવે, તો જળ તરંગ સ્વરૂપના આકારમાં વિભક્ત થઈને એ પથરાને પ્રતિઘાત કરશે. આપણે જેને જગત્ કહીએ છીએ, તે કેવળ મનની અંદર જે પ્રતિક્રિયા થાય છે, તેના જ એક પ્રકારના કારણસ્વરૂપ છે પુસ્તકાકાર, ગજાકાર અથવા મનુષ્યાકાર કોઈ પદાર્થ બહાર નથી બહારના ઉત્તેજક કારણથી મનની અંદર જે એક પ્રતિક્રિયા થાય છે. તેજ માત્ર આપણે જાણી શકીએ છીએ જોન સ્ટુઅર્ટ મિલે કહ્યું હતું. "અનુભવની નિત્ય સંભવનીયતા"નું નામ ભૂત. બહાર કેવળ એ પ્રતિક્રિયા ઉત્પન્ન કરી દેવાનું ઉત્તેજક કારણ માત્ર રહેલું છે. દૃષ્ટાન્ત તરીકે એક (એક બિંદુ વાલુ-કણ ?) છીપ લો. તમે જાણો છો કે, મોતી શી રીતે ઉત્પન્ન થાય છે ? રેતીની એક કાંકરી અથવા બીજું કાંઈ એની (છીપની) અંદર

પ્રવેશ કરીને એને ઉત્તેજિત કરે છે, પછી એ દીપ એ દૈતીના ક્રમની ચોતરફ ભિંત (અથવા કાચ) જેવું એક પ્રકારનું આવરણ (પડ) ચડાવતી રહે છે તેમાંથી જ મોતી ઉત્પન્ન થાય છે. આ મનુષ્ય બ્રહ્માણ્ડ પણ જાણે આપણા પોતાના ભિંત સ્વરૂપ છે પ્રકૃત જગત્ એ દૈતીનો કણ. સાધારણ માણસો એ વાત કદિ સમજી શકશે નહિ, કારણ કે, જ્યારે જ્યારે તે એ સમજવાની કોશિશ કરશે, ત્યારે ત્યારે બહારની બાજુએ ભિંતનું આવરણ નાખશે, અને પોતાના એ ભિંતાને જ દેખશે હમે આપણા સમજ્યામાં આવ્યું કે, વૃત્તિઓનો પ્રકૃત અર્થ શો ? માણસનું પ્રકૃત સ્વરૂપ જે છે. તે મનના પણ અતીત છે મન તેના હાથમાં એક યંત્ર તુલ્ય છે તેનું જ ચૈતન્ય એની (મનની) અંદર થઇને આવે છે, જ્યારે તમે તેની પછવાડે દઢતાપે રહોછો, ત્યારે જ તે ચૈતન્યમય થઈ ઉઠેછે માણસ જ્યારે આ મનને એકેવારે ત્યાગ કરે, ત્યારે તેનો એકેવારે નાશ થઇ જાય, એનું અસ્તિત્વ જરાએ રહે નહિ. આથી સમજાયું કે ચિત્ત કહેતાં શું સમજવું છે ? તે મનરતત્વસ્વરૂપ છે–વૃત્તિઓ એના તરંગ સ્વરૂપ છે, જ્યારે બહારના કેટલાક કારણ એના ઉપર કાર્ય કરે છે, ત્યારેજ તેઓ એ પ્રવાહરૂપ ધારણ કરે છે જગત્ તરીકે આપણી જે ધારણાછે, તે સર્વે કેવળ એ વૃત્તિઓને જ સમજવી જોઇએ.

આપણે તળાવ કે સરોવરનુ તળિયુ જોઈ શકતા નથી, કારણ કે, તેનો ઉપરનો ભાગ નાના ના'

વાયલો હોય છે. જ્યારે એ તમામ તરંગો શમી જઇને (શાન્ત થઇને) જળ સ્થિર થઈ જાય છે, ત્યારેજ આપણે તેના તળિયાનું એક બિંદુ જોવા પામીયે છીએ. જો જળ ડોહોળાએલું હોય, તો તેનું તળિયુ કદિપણ જોવામાં નહિ આવે પણ જો જળ નિર્મળ હોય, અને તદપુર પણ તરંગ ના રહે, તોજ આપણે તેનુ તળિયુ જોવા પામીએ. તળાવનુ તળિયુ એ આપણુ પ્રકૃત સ્વરૂપ—તળાવ એ ચિત્ત, અને એના તરંગો એ વૃત્તિ સ્વરૂપ. વળી એ પણ જોવામાં આવે છે કે, આ મન ત્રિવિધ ભાવે રહે છે; પહેલો અંધકારમય અર્થાત્ **તમ**, જેમકે પશુ અને અતિ મૂર્ખ માણસોનાં મન, એનુ કાર્ય કેવળ બીજાનું અનિષ્ટ કરવું; એવા મનમાં બીજા કોઇ પ્રકારનો વિચાર ઉદય થાય નહિ. બીજો ભાવ, મનની ક્રિયાશીલ અવસ્થા–રજસ,–એ અવસ્થામાં કેવળ પ્રભુત્વ અને ભોગની ઇચ્છા રહે છે. તે વેળાએ એવો જ ભાવ રહે છે કે, હુ શક્તિશાળી થઇશ, અને બીજાના ઉપર પ્રભુત્વ કરીશ ત્રીજો,–જ્યારે સર્વ પ્રવાહ (તરંગો) શાન્ત થઈ જાય,–તળાવનુ જળ નિર્મળ થઇ જાય,–ત્યારે તેને સત્વ અથવા શાંત કહેવામાં આવે છે. એ જડાવસ્થા નથી, પરન્તુ અતિશય ક્રિયાશીલ અવસ્થા છે. શાન્ત થવુ એ શક્તિનો સર્વથી ઉચ્ચતમ વિકાસ છે; ક્રિયાશીલ થવુ તો સહજ છે લગામ છોડી દીધાથી ઘોડાએ આપોઆપજ તમને દોડીને ચાલ્યા જશે. ગમે તે માણસ એ કરી શકે; પરન્તુ જે એ પ્રમાણે સંપાદાંધ ધરવા જ

તા ધે પ્રશ્નોને ઝટકારી શકે, તેજ મહા શક્તિશાળી પુરુષ. (પ્રશ્નોને) છૂટા મૂકી દેવા અને ધૈર્ય ધારણ કરવો, એ-ઓમાં કયા કામમાં અધિકતર શક્તિનું પ્રયોજન છે ? શાન્ત મનુષ્ય અને આળસુ મનુષ્ય એક પ્રકારના નથી. સત્વને આળસુપણું સમજવા નહિ. જે તરંગોને પોતાના અધીનમાં આણી શક્યો છે, તેજ શાન્ત પુરુષ. ક્રિયાશીલતા એ નિમ્નતર શક્તિનો પ્રકાશ છે–શાન્ત ભાવ ઉચ્ચતર શક્તિનો વિકાસ છે

આ ચિત્ત સર્વદા એની સ્વાભાવિક પવિત્ર અવસ્થાની પુન પ્રાપ્તિને સારૂ યત્ન કરે છે, પરંતુ ઇન્દ્રિયો એને બહાર આકર્ષણ કરી ગએ છે એને દમન કરવું, એની બહાર જ-વાની પ્રવૃત્તિને નિવારણ કરવી, અને એને પ્રત્યાગત કરીને (પાછુ વાળીને) તે ચૈતન્યઘન પુરુષની નજીકમા જવાને માર્ગે ફેરવવું, એજ યોગનું પ્રથમ પગથિયું. કારણ કે કેવળ એ ઉપાયથીજ ચિત્ત એના પ્રકૃત પથે જઇ શકે છે

જો કે અતિ ઉચ્ચતમથી તે અતિ નીચતમ પ્રાણીની અંદર પણ આ ચિત્ત રહેલું છે, તથાપિ કેવળ મનુષ્ય-દેહમા જ આપણે પ્રથમ બુદ્ધિનો વિકાશ જોવા પામીએ છીએ. મન જ્યા સુધી બુદ્ધિનો આકાર ધારણ કરતુ નથી, ત્યાં સુધી તેના પક્ષે, તે જે રસ્તે થઇને આવ્યુ હતુ, તેજ રસ્તે થઇને પુનઃ પ્રત્યાવર્તન કરી આત્માને મુક્ત કરવો એ કાંઈ સહજ વાત નથી. ગાય અથવા કૂતરાના પક્ષે સાક્ષાત મુક્તિ અસ-

ભિત્ત છે, કારણ એઓને મન છે ખરું, પરંતુ તેમનું મન હજુ બુદ્ધિનો આકાર ધારણ કર્યો નથી.

આ ચિત્ત, અવસ્થાભેદથી અનેકરૂપ ધારણ કરે છે, જેમકે ક્ષિપ્ત, મૂઢ, વિક્ષિપ્ત અને એકાગ્ર મન આ ચાર પ્રકારની અવસ્થાથી ચાર પ્રકારનાં રૂપ ધારણ કરે છે. પ્રથમ ક્ષિપ્ત—જે અવસ્થાથી મન ચારે તરફ જવાનું કરે—જે અવસ્થામાં કર્મવાસના પ્રબળ રહે. આવા મનની કોશીશ કેવળ સુખ દુ:ખ એ દ્વિવિધ ભાવથી પ્રકટ થાય. ત્યાર પછી મૂઢ અવસ્થા—એ તમોગુણાત્મક છે, એનો યત્ન કેવળ બીજાનું અનિષ્ટ કરવાનો. જ્યારે મન પોતાના કેન્દ્રની તરફ જવાની કોશીશ કરે, ત્યારે તેજ તેની વિક્ષિપ્ત અવસ્થા.—અહિં ટીકાકાર કહે છે કે, વિક્ષિપ્ત અવસ્થા દેવતાઓની પણ મુખ્ય અવસ્થા, અસુરોની સ્વાભાવિક. એકાગ્ર ચિત્ત જ આપણને સમાધિમાં લેઈ જાય છે.

तदा द्रष्टुः स्वरूपेऽवस्थानम् ॥ ३ ॥

સૂત્રાર્થઃ—તે સમયે (અર્થાત્ આ નિરોધની અવસ્થામાં) દ્રષ્ટા (પુરુષ) પોતાના (અપરિવર્તનીય) સ્વરૂપમાં રહે છે.

વ્યાખ્યાઃ—જ્યારે પ્રવાહો (તરંગો) શાંત પડી જાય

---

૧ અહિં નિરુદ્ધ અવસ્થાની વાત કહેવામાં આવી નહિ, કારણ કે નિરુદ્ધાવસ્થાને પ્રાપ્ત પછી (વાસ્તવિક રીતે) ચિત્તવૃત્તિ કહી શકાય નહિ.

અને એ સરોવર શાન્ત બનવાનું (સ્થિર સપાટીવાળું) થઈ જાય, ત્યારે જ આપણે તેના નીચેની જમીન (તળિયું) જોવા પામીએ. મનના સંબંધમાં પણ એમ જ સમજવું જોઈએ. જ્યારે તે શાન્ત થઈ જાય ત્યારે જ આપણે આપણું સ્વરૂપ સમજી શકીએ; આપણે આપણને એની સાથે મિશ્ર કરતા નથી, પરન્તુ પોતાના સ્વરૂપમાં રહીએ છીએ.

वृत्तिसारूप्यमितरत्र ॥ ४ ॥

સૂત્રાર્થઃ—અન્યાન્ય સમયે (અર્થાત્ આ નિરોધની અવસ્થા સિવાય અન્ય સમયે) દ્રષ્ટા વૃત્તિની સાથે એકીભૂત થઈ રહે છે.

વ્યાખ્યાઃ—જેમ હું જ્યારે ઉદાસીની અવસ્થામાં હોઉં; કોઈએ મારી નિન્દા કરી એ એક પ્રકારનું પરિણામ—એક પ્રકારની વૃત્તિ—હું એની સાથે મને મિશ્રિત કરી નાખું છું; એનું ફળ દુઃખ.

वृत्तयः पञ्चतय्यः क्लिष्टा अक्लिष्टाः ॥ ५ ॥

સૂત્રાર્થઃ—વૃત્તિ પાંચ પ્રકારની—ક્લેશયુક્ત અને ક્લેશશૂન્ય.

प्रमाण–विपर्यय–विकल्प–निद्रा–स्मृतयः ॥ ६ ॥

સૂત્રાર્થઃ—પ્રમાણ, વિપર્યય, વિકલ્પ, નિદ્રા અને સ્મૃતિ એટલે સત્યજ્ઞાન, ભ્રમજ્ઞાન, શાબ્દભ્રમ,

નિદ્રા અને સ્મૃતિ, આ પાંચ વૃત્તિ.

प्रत्यक्षानुमानागमाः प्रमाणानि ॥ ७ ॥

સૂત્રાર્થઃ—પ્રત્યક્ષ એટલે સાક્ષાત્ અનુભવ, અનુમાન અને આગમ એટલે વિશ્વાસુ (જેનાપર આપણને વિશ્વાસ-શ્રદ્ધા હોય તેવા) માણસનાં વચન,-આ પ્રમાણો.

વ્યાખ્યાઃ—જ્યારે આપણા અનુભવમાં આવેલા વિષય એક બીજાના વિરોધી ના હોય ત્યારે તેને પ્રમાણ કહે છે. જે કોઈ બાબત સાંભળી, તે બાબત જો પૂર્વે અનુભવમાં આવેલા કોઈ વિષયના વિરોધી હોય, તો હું તેના વિરુદ્ધ તર્ક વિતર્ક કર્યા કરું. કહેવાનું એનાપર વિશ્વાસ આવી શકે નહિ. પ્રમાણના વળી ત્રણ પ્રકાર છે. સાક્ષાત અનુભવ અથવા પ્રત્યક્ષ-એ એક પ્રકારનું પ્રમાણ. જો આપણે કોઈ પ્રકારના આંખ અથવા કાનના ભ્રમમાં પડ્યા ના હોઈએ, તો આપણે જે કોઈ જોઈએ અથવા અનુભવીએ, તેને પ્રત્યક્ષ કહેવામાં આવે. હું આ જગત્ જોઉં છું; એનું અસ્તિત્વ છે, એમ એનું યથેષ્ટ પ્રમાણ. બીજું અનુમાન તમને કોઈ લિંગ-જ્ઞાન થયું. તેનાથી તે જે વિષયની સૂચના કરે છે, તેને જાણી લેશો. ત્રીજું, આપ્ત વાક્ય-યોગીઓ એટલે જેઓએ પ્રત્યક્ષ દર્શન કર્યું છે, તેઓની પ્રત્યક્ષાનુભૂતિ. આપણે સર્વે આ જ્ઞાનના તરફ ક્રમે ક્રમે અગ્રસર થઈએ છીએ પરંતુ તમારે અમારે એ માર્ગે જતાં-જતાંને સાર-ભૂગ

યત્ન કરવો જોઈએ, ઘણાક કારણ વિચારોની અંદર થઈને જવું જોઈએ, પરંતુ યોગી જેમનું મન પવિત્ર થઈ ગયું છે, તેઓજ આ સમુદાય વિચારાદિના અતીત પ્રદેશમાં ગયા છે. એઓના મનશ્ચક્ષુની આગળ ભૂત, ભવિષ્યત્, વર્તમાન, એક સાથ પુસ્તકરૂપે પ્રકાશી રહે છે. પછી તેઓને આ કઠોર પ્રણાલીની અંદર થઈને જવાની જરૂર પડતી નથી. તેઓનાં વાક્યજ પ્રમાણ, કારણ, તેઓ પોતાના ભિતરમાં જ ચૈતન્યનું દર્શન કરે છે તેઓજ સર્વજ્ઞ પુરુષ છે તેઓ જ શાસ્ત્રના કર્તા છે, અને તેથી કરીનેજ શાસ્ત્ર પ્રમાણ તરીકે માન્ય છે હાલ પણ જો એવા કોઈ પુરુષ હોય, તો તેનાં વચન પણ પ્રમાણ થશે. બીજા દાર્શનિકોએ આ આપ્ત સંબંધી અનેક વિચાર કર્યા છે. તેઓએ પ્રશ્ન ઉઠાવ્યો છે કે, આપ્તવાક્ય સત્ય કેમ ? આ પ્રશ્નનો તેઓ એવો ઉત્તર આપે છે કે, આપ્તવાક્યનું પ્રમાણ એ કે, તે તેઓનું પ્રત્યક્ષ છે. જેમ પૂર્વ જ્ઞાનના વિરોધી ના હોય તો તમે જે જુઓ, તે પ્રમાણ તરીકે ગ્રાહ્ય થાય, હું જે જોઉં, તે મારી આગળ પ્રમાણ તરીકે ગ્રાહ્ય થાય, તેવુંજ તેઓનું પ્રમાણ પણ સમજવું જોઈએ. ઇન્દ્રિયનું અતીત જ્ઞાન પ્રાપ્ત કરવું સમ્ભવિત છે; જ્યારે પણ એ જ્ઞાન, યુક્તિ અને મનુષ્યની પૂર્વ અનુભૂતિને ખંડન ના કરે ત્યારે તે જ્ઞાન પ્રમાણ તરીકે ગ્રાહ્ય થાય કોઈ એક ઉન્મત્ત માણસ આવીને એમ કહે કે, હું ચારે તરફ દેવતા દેખું છું, તો તેને પ્રમાણ કહેવામાં આવે નહિ

પ્રથમ તો, તે સત્ય જ્ઞાન હોવું જોઈએ. બીજું, તે આપણા પૂર્વ જ્ઞાનનો વિરોધી ના હોય. ત્રીજું, તે માણસના (કહેનારના) ચરિત્ર (આચરણ)ના ઉપર તેનો આધાર રહે છે. ઘણાકને એમ કહેતા સાંભળ્યા છે કે, એ માણસનું ચરિત્ર કેવું છે, તે જોવાની જરૂર નથી આવશ્યક નથી, પણ તે શું કહે છે, તેજ ફક્ત વિશેષે કરીને અવશ્યક છે-તે શું કહે છે, તેજ પ્રથમ સાંભળવાની જરૂર છે. બીજી બાબતોમાં આ યુક્તિ ખરી થઇ શકે: એક માણસ ભલે દુષ્ટ પ્રકૃતિનો હોય છતાં, જ્યોતિષ સંબંધી કોઈ નવી શોધ કરી શકે પરંતુ ધર્મ વિષયની વાત ન્યારી જ છે (તેમાં તેમ થઇ શકતું નથી), કારણ કે, કોઈ અપવિત્ર મનુષ્ય ધર્મનું જે ખરું સત્ય છે, તે પ્રાપ્ત કરી શકશે નહિ. આ કારણથીજ આપણે પ્રથમતો એ જોવું જોઈએ કે, જે માણસ પોતાને આપ્ત તરીકે પ્રસિદ્ધ કરે છે, તે માણસ સંપૂર્ણ રીતે નિઃસ્વાર્થ અને પવિત્ર છે કે નહિ બીજું આપણે એ જોવું જોઈએ કે, તે માણસ જે કહે છે, તે મનુષ્ય જાતિના પૂર્વ જ્ઞાન અને અભિજ્ઞાના વિરોધી છે કે નહિ કોઈ નૂતન સત્ય શોધી કાઢવામાં આવે, તે પૂર્વના કોઇ સત્યનું ખંડન કરે નહિ, પણ ઉલટું તે પૂર્વ સત્યની સાથે બરાબર મળી જાય એવું, તે સત્ય બીજાએ પ્રત્યક્ષ કરવાનો સંભવ હોવો જોઇએ. જો કોઇ માણસ કહે કે, મેં કોઈ અલૌકિક દેખાવ જોયો છે, અને તરતજ પાછો એમ કહે કે,

તમને એ જોવાનો કશો અધિકાર નથી, તો હું તેની વાતનો વિશ્વાસ આપીશ નહિ. પ્રત્યેક મનુષ્યને પોતાની જાતે એનો અનુભવ મેળવવાની સત્તા છે જ છે વળી જે માણસ પોતાનું જ્ઞાન ધનના બદલામાં વેચે છે, તે કદિ પણ આપ્ત નથી. આ તમામ પરીક્ષામાં પાસ થવાની આવશ્યકતા છે. પ્રથમ જોવું જોઇએ કે, તે માણસ પવિત્ર છે અને તેનો કોઈ સ્વાર્થ નથી, એટલે લાભ અથવા માનની અપેક્ષા તેને ના હોય બીજું, એ વાત તેણે દેખાડી આપવી જોઇએ કે, તે જ્ઞાનાતીત ભૂમિપર પહોંચી (ચઢી) ગયો છે. ત્રીજું, તેણે આપણને એવું કાંઇ આપવાની આવશ્યકતા છે, કે જે આપણે ઇન્દ્રિયથી પ્રાપ્ત કરી શકીએ નહિ, અને જે કેવળ જગતના કલ્યાણને સારૂ આપેલું જોઇએ, વળી જોવું જોઇએ કે, તે અન્યાન્ય સત્યના વિરોધી ના હોય; જો તે બીજા વૈજ્ઞાનિક સત્યોના વિરોધી હોય, તો તેનો એકદમ પરિત્યાગ કરો. ચોથું, કેવળ તે માણસ જ તે વિષયનો અધિકારી, બીજું કોઈ નહિ, એમ હોવું ના જોઇએ. બીજાના પક્ષે જે પ્રાપ્ત કરવું સંભવિત હોય, તેજ કેવળ પોતાના જીવનમાં કાર્ય તરીકે કરી દેખાડે એમ યથાર્થી પ્રમાણ ત્રણ પ્રકારના થયાં, પ્રત્યક્ષ-ઇન્દ્રિય-વિષયાનુભૂતિ, અનુમાન અને આપ્તવાક્ય. આ આપ્ત શબ્દનો ઇંગ્રેજીમાં અનુવાદ કરી શકાતો નથી. અનુપ્રેરિત (inspired) શબ્દદ્વારા પ્રકટ કરી શકાય નહિ, કારણ, અનુપ્રાણ બહાર

[illegible] આવે છે [illegible] અર્થ છે. [illegible] આવે છે [illegible] ([illegible] સંપાદન કર્યું [illegible]

विपर्ययो मिथ्याज्ञानमतद्रूपप्रतिष्ठम् ॥ ८ ॥

સૂત્રાર્થઃ—વિપર્યયનો અર્થ મિથ્યા જ્ઞાન, જે તે વસ્તુના પ્રકૃત સ્વરૂપને પ્રકાશ ના કરે.

વ્યાખ્યાઃ—બીજા એક પ્રકારની વૃત્તિ એટલે એક વસ્તુમાં અન્ય વસ્તુની ભ્રાન્તિ. એને વિપર્યય કહે છે, જેમકે, છીપમાં રૂપાનો ભ્રમ

शब्द-ज्ञानानुपाती वस्तुशून्यो विकल्पः ॥ ९ ॥

સૂત્રાર્થઃ—કેવળ શબ્દથીજ એક પ્રકારનું જ્ઞાન ઉત્પન્ન થાય તથાપિ તે શબ્દ-પ્રતિપાદ્ય વસ્તુનું અસ્તિત્વ જો ના રહે, તો તેને શબ્દજનિત ભ્રમ કહે છે.

વ્યાખ્યાઃ—વિકલ્પ નામે બીજી એક પ્રકારની વૃત્તિ છે. કોઈ એક વાત સાંભળી, ત્યારે આપણે ધીર ભાવથી એના અર્થનો વિચાર કર્યા વિના એક સિદ્ધાન્ત કરી નાંખીએ આ ચિત્તની દુર્બળતાનું ચિહ્ન છે. સંયમવાદ હવે એ સમજવામાં આવશે. માણસ જેટલો દુર્બળ, તેટલી તેની સંયમની શક્તિ ઓછી રહે. સર્વદા આ વિષયનો વિચાર કરો કે, જ્યારે તમને ક્રુદ્ધ અથવા દુઃખિત થવાનો ભાવ થઈ આવે છે, ત્યારે એવો વિચાર કરી જૂઓ કે, કોઇ સમા-

ચાર તમારી પાસે આવતાંજ કેવી રીતે તે તમારા મનને વૃત્તિ તરીકે ફેરવી દે છે

अभावप्रत्ययालम्बना वृत्तिर्निद्रा ॥ १० ॥

સૂત્રાર્થઃ—જે વૃત્તિ શૂન્યભાવને અવલંબન કરીને રહે, તે વૃત્તિજ નિદ્રા.

વ્યાખ્યાઃ—બીજી એક પ્રકારની વૃત્તિનું નામ નિદ્રા અને સ્વપ્ન આપણે જ્યારે જાગી ઊઠીએ છીએ, ત્યારે જાણીએ છીએ કે, આપણે ઊંઘતા હતા તે સમયની અનુભૂતિની કેવળ સ્મૃતિ માત્ર રહે છે હવે જેનો આપણે અનુભવ કરીએ નહિ તે વિષયની સ્મૃતિ આપણને રહી શકે નહિ પ્રત્યેક પ્રતિક્રિયા ચિત્ત-સરોવરના એક તરંગ સ્વરૂપ છે નિદ્રામાં જો મનની કોઈ પ્રકારની વૃત્તિ ના રહેતી હોત, તો હમણાં જે વાત આવે છે, તેની આપણી ભાવાત્મક કિંવા અભાવાત્મક કોઈ અનુભૂતિ રહેત નહિ અને તેમ થવાથી આપણે તે સ્મરણ પણ કરી શકત નહિ. નિદ્રાવસ્થાનું આપણે સ્મરણ કરી શકીએ છીએ તેથી પ્રમાણિત થાય છે કે, નિદ્રાવસ્થામાં મનમાં એક પ્રકારનો તરંગ હતો સ્મૃતિ પણ એક પ્રકારની વૃત્તિ છે.

अनुभूतविषयासम्प्रमोषः स्मृतिः ॥ ११ ॥

સૂત્રાર્થઃ—અનુભૂત સમસ્ત વિષયો આપણા મનમાંથી ચાલ્યા નહિ જતાં સંસ્કારવશથી જ્ઞા-

મના તળાવમાં આવી જાય છે, તેને સ્મૃતિ કહે છે.

વ્યાખ્યાઃ—પૂર્વે જે પાંચ પ્રકારની વૃત્તિના વિષે કહેવામાં આવ્યું છે, તે પ્રત્યેકમાંથી સ્મૃતિ આવી શકે છે, જેમ કે, તમે એક શબ્દ સાંભળ્યો. એ શબ્દ જાણે ચિત્ત સરોવરમાં નાખેલા પત્થર તુલ્ય સમજો, એનાથી એક ક્ષુદ્ર તરંગ ઉત્પન્ન થાય છે તે તરંગ પાછો બીજા પણ ઘણાક ક્ષુદ્ર ક્ષુદ્ર તરંગોની હારો ઉત્પન્ન કરે છે, તે જ સ્મૃતિ. નિદ્રામાં પણ આ બનાવ (ક્રિયા) બન્યા (થયા) કરે છે. નિદ્રા નામનો તરંગ-વિશેષ જ્યારે ચિત્તની અંદર સ્મૃતિરૂપ અનેક તરંગમાળાઓ ઉત્પન્ન કરે છે, ત્યારે તેને સ્વપ્ન કહે છે, જાગ્રત સમયમાં જેને સ્મૃતિ કહે તેવી જ રીતના નિદ્રાકાળના તરંગને સ્વપ્ન કહેવામાં આવે છે.

अभ्यास वैराग्याभ्यां तन्निरोधः ॥ १२ ॥

સૂત્રાર્થઃ—અભ્યાસ અને વૈરાગ્યના દ્વારા આ વૃત્તિયોનો નિરોધ થાય છે.

વ્યાખ્યાઃ—આ વૈરાગ્યની પ્રાપ્તિને સારૂ મન વિશેષરૂપે નિર્મળ, સત્ અને વિચાર પૂર્ણ થવું આવશ્યક છે. અભ્યાસ કરવાને આવશ્યક શું? પ્રત્યેક કાર્ય સરોવરના ઉપરના ભાગમાંના (સપાટીના પાણીપરના) કમ્પનશીલ પ્રવાહ સ્વરૂપ છે. પ્રત્યેક કાર્યમાં જાણે ચિત્ત સરોવરના ઉપર એક તરંગ ચાલ્યો જાય છે. આ કમ્પનકાર્ય કરીને નાશ થઈ જાય ત્યારે રહે છે શું? આ સઘળો સંસ્કાર સમૂહ જ બાકી

રહે છે. આવા અનેક સંસ્કારો મનમાં પડી રહ્યાથી તેઓ એકત્ર થઇને અભ્યાસરૂપ બને છે. " અભ્યાસ એ બીજો સ્વભાવ છે." આમ કહેવાય છે પણ એ કેવળ બીજો સ્વભાવ નથી, પણ પ્રથમ સ્વભાવ પણ ખરો-માણસના સમુદય સ્વભાવ એ અભ્યાસના ઉપર આધાર રાખે છે. આપણે હમણાં જેવી પ્રકૃતિવાળા થઇ રહ્યા છીએ, તે પૂર્વ અભ્યાસનું ફળ છે, સર્વ કાંઇ અભ્યાસનું ફળ છે એમ જાણી શકવાથી, આપણા મનમાં સાન્ત્વના થઇ આવે છે; કારણ જો આપણો વર્તમાન સ્વભાવ કેવળ અભ્યાસ વડેજ થઇ રહે, તો આપણે ઇચ્છા કરીએ ત્યારે ઇચ્છા એ અભ્યાસને નાશ પણ કરી શકે. આ સર્વ સંસ્કારો, આપણા મનની અંદર જે વિચાર-પ્રવાહ ચાલ્યો જાય છે, તેના પશ્ચાદવશિષ્ટ (પાછળ બાકી રહેલા-રહી ગયેલા) ફળ સ્વરૂપ છે આપણું ચરિત્ર આ સમુદય સંસ્કારની સમષ્ટિ સ્વરૂપ છે. જ્યારે કોઇ વિશેષ વૃત્તિપ્રવાહ પ્રબળ થાય છે, ત્યારે લોકોનો તેજ (તેવોજ) ભાવ થઇ રહે છે જ્યારે સદ્‌ગુણ પ્રબળ થાય, ત્યારે માણસ સત્ થઇ જાય છે, જો મંદભાવ પ્રબળ થાય, તો માણસ મંદ થઇ જાય છે, અને જો આનંદનો ભાવ પ્રબળ થાય, તો માણસ સુખી થઇ રહે અસત્ સ્વભાવનો એકમાત્ર પ્રતિકાર (ટાળવા-મટાડવા-દુર કરવાનો ઉપાય) તેનો વિપરીત અભ્યાસ છે જેટલો કાંઇ અસત્ અભ્યાસ આપણા ચિત્તમાં સંસ્કાર બદ્ધ થઇ ગયો છે, તે કેવળ સત્ અભ્યાસના દ્વારા નાશ કરવો જોઇએ. કેવળ

સત્કાર્ય કર્યા જાઓ, સર્વદા પવિત્ર વિચાર કરો; અસત્ સંસ્કારના નિવારણનો એજ એક માત્ર ઉપાય છે. કારણ, અસત્ય મનુષ્ય કેવળ એક વિશેષ પ્રકારનું 'ચરિત' (રહેણી કરણી-આચરણ), જે કેટલાક અભ્યાસની સમષ્ટિ માત્ર હોય છે, તેજ દેખાડી આપે છે. કદિપણ એમ કહેવું નહિ, કે અમુકના ઉદ્ધારની હવે આશા નથી. તેનો જે અસત્ સ્વભાવ દેખાય છે, તે પછી નૂતન અને સત્ અભ્યાસના દ્વારા નિવારિત થઇ શકે છે ચરિત્ર કેવળ પુનઃ પુનઃ અભ્યાસની સમષ્ટિમાત્ર છે, આવી રીતનો પુનઃ પુનઃ અભ્યાસ જ સ્વભાવને સંશોધન કરી શકે છે.

तत्र स्थितौ यत्नो ऽभ्यासः ॥ १३ ॥

સૂત્રાર્થઃ—આ વૃત્તિયોને સંપૂર્ણ રીતે વશમાં રાખવાની જે સતત કોશીશ, તેને અભ્યાસ કહે છે.

વ્યાખ્યાઃ—અભ્યાસ કોને કહે છે? ધ્યાન અથવા વિચારાકાર મનને દમન કરવાની કોશીશ, અર્થાત્ એની પ્રવાહરૂપે અહર્નિશ નિવારણ કરવાની કોશીશ જ અભ્યાસ.

[स तु] दीर्घकालनैरन्तर्यसत्कार। सेवितो दृढभूमिः॥१[४॥]

સૂત્રાર્થઃ—દીર્ઘકાળ સર્વદા તીવ્ર શ્રદ્ધા સહિત તે પરમપદ પ્રાપ્તિની કોશીશ કર્યાથીજ અભ્યાસ દૃઢ ભૂમિ થઈ જાય.

વ્યાખ્યા:—આ સંયમ એક દિવસમાં થઇ આવતો નથી, દીર્ઘકાળ નિરંતર અભ્યાસ કર્યા પછી આવે છે.

ष्टानुश्रविकविषयवितृष्णस्य वशीकारसंज्ञा वैराग्यम् १५

સૂત્રાર્થ:—દૃષ્ટ અથવા શ્રુત સર્વ પ્રકારના વિષયોની આકાંક્ષા જેણે ત્યાગ કરી છે, તેની આગળ જે એક અપૂર્વ ભાવ આવે છે. જેનાથી તે સમસ્ત વિષય-વાસનાને દમન કરી શકે છે, તેને વૈરાગ્ય અથવા અનાશક્તિ કહે છે

વ્યાખ્યા:—આપણે જે સકળ કાર્ય કરીએ છીએ, તે બે પ્રકારના મનોભાવ અથવા પ્રવૃત્તિયો કરીએ છીએ, પ્રથમ—આપણે પોતે જે કાંઇ જોઇએ છીએ બીજું,—અન્યની અનુભૂતિ આ બે શક્તિઓ, આપણા મનરૂપી સરોવરમાં નાના પ્રકારના તરંગ ઉત્પન્ન કરે છે વૈરાગ્ય આ બે પ્રકારની શક્તિના સામે યુદ્ધ કરવાની અને મનને વશમાં રાખવાની શક્તિ સ્વરૂપકે આ બે પ્રકારની પ્રવૃત્તિનો ત્યાગ જ આપણે આવશ્યક છે ધારો કે હું એક રસ્તે થઇને જાઉંછું એટલામાં એક માણસ આવ્યો, અને આવતાં જ તેણે મારી ઘડિઆળ કાઢી(લેઇ) લીધી આ મારી પોતાની પ્રત્યક્ષ અનુભૂતિ છે. એ મેં જાતે જોયુ છે એણે મારા ચિત્તને તરત જ ક્રોધરૂપ વૃત્તિના આકારે બનાવી દીધુ આવો ભાવ આવવા દેવો નહિ જો તે નિવારણ કરી ના શકો, તો તમારામાં છે શું ? કંઇ પણ નથી. જો નિવારણ કરી

શકો, તો જ તમારો વૈરાગ્ય છે, એમ સમજવામાં આવશે. એ પ્રમાણે, સંસારી લોકો જે વિષય ભોગવે છે, તેનાથી આપણને શિખામણ દે છે કે, વિષય-ભોગ જ જીવનનું ધ્યેય (સર્વોપરી) લક્ષ છે આ સર્વ આપણને આપનાર પ્રલોભન સ્વરૂપ છે આ સર્વને અસ્વિકાર કરવાં અને મનને એ વિષય લેઇને વૃત્તિના આકારે બની જવા ના દેવું એજ વૈરાગ્ય સ્વાનુભૂત અને પરાનુભૂત વિષયમાંથી આપણી જે બે પ્રકારની કાર્ય-પ્રવૃત્તિ ઉત્પન્ન થાય છે, તેમને નિવારણ કરવી અને તેના દ્વારા ચિત્તને વિષયને વશ થવા ના દેવું તેને વૈરાગ્ય કહે છે તેઓ મારા આધીનમાં રહે હું તેના આધીન ના થાઉં આ પ્રકારની મનની શક્તિને વૈરાગ્ય કહે છે-આ વૈરાગ્ય જ મુક્તિનો એક માત્ર ઉપાય છે.

तत्परं पुरुषख्यातेर्गुणवैतृष्ण्यम् ॥ १६ ॥

સૂત્રાર્થઃ—જે તીવ્ર વૈરાગ્ય પ્રાપ્ત થવાથી ગુણ ગુણોમાં આપણને વીતરાગ થઈ આવે અને તેઓને પરિત્યાગ કરીએ, તેજ પુરુષનું પ્રકૃત સ્વરૂપ દેખાડી આપે છે.

વ્યાખ્યાઃ—જ્યારે આ વૈરાગ્ય ગુણના પ્રત્યેની આપણી આસક્તિ સુધાંને પરિત્યાગ કરાવે, ત્યારે જ તેને શક્તિનો ઉચ્ચતમ વિકાશ કહેવામાં આવે. પ્રથમ તો પુરૂષ અથવા આત્મા એટલે શું અને ગુણ એટલે શું, તે આપણે જાણવું જોઇએ. યોગશાસ્ત્રના મતે સમુદય પ્રકૃતિની અંદર ત્રણ

ગુણ છે; એકનું નામ તમ:, બીજો રજ અને ત્રીજો સત્વ. આ ત્રણ ગુણ આ બાહ્ય જગત્‌માં આકર્ષણ વિકર્ષણ અને તેઓનું સામંજસ્ય, આ ત્રિવિધ ભાવથી પ્રકટ થાય છે. પ્રકૃતિમાં જેટલા પદાર્થો છે, જે કાંઇ જોવામા આવે છે, તે સર્વે આ ત્રણ શક્તિના ભિન્ન ભિન્ન સમવાયથી ઉત્પન્ન થાય છે સાંખ્ય મતવાળાઓએ પ્રકૃતિને નાના પ્રકારના તત્ત્વોમા વિભક્ત કરી છે; મનુષ્યનો આત્મા એ સકળ (તત્ત્વો)ની બહાર, પ્રકૃતિની બહાર; તે શુદ્ધ અને પૂર્ણ સ્વરૂપ, અને પ્રકૃતિમા જે કાંઇ ચૈતન્યનો પ્રકાશ જોઇએ છીએ, તે સર્વે પ્રકૃતિના ઉપર આત્માનું પ્રતિબિમ્બ માત્ર છે પ્રકૃતિ પોતે જડ છે. એટલું યાદ રાખવું જોઇએ કે, પ્રકૃતિ કહેતા તેની સાથે મનને પણ સમજાવે છે. મન પણ પ્રકૃતિની અંતર્ગત વસ્તુ છે આપણે જે કાંઈ ધ્યાન અથવા વિચાર, તે પણ પ્રકૃતિના અન્તર્ગત ધ્યાન અથવા વિચારથી તે અતિ સ્થૂલતમ ભૂત પર્યન્ત સર્વે પ્રકૃતિના અન્તર્ગત-પ્રકૃતિનો વિભિન્ન વિકાશ માત્ર. આ પ્રકૃતિએ મનુષ્યના આત્માને આવૃત્ત રાખ્યો છે, જ્યારે તે (પ્રકૃતિ)એ આવરણ ખેંચી લે છે, ત્યારે આત્મા આવરણ મુક્ત થઇ સ્વમહિમાથી પ્રકાશિત થાય છે પદરમા સૂત્રમાં વર્ણવ્યો છે તે વૈરાગ્ય (પ્રકૃતિના દમન તરીકે) આત્માના પ્રકાશના પક્ષે અતિશય સાહાય્યકારી છે. આગલા સૂત્રમાં સમાધિ એટલે પૂર્ણ એકાગ્રતાના લક્ષણનું વર્ણન કરવામાં આવ્યું છે,

તેજ યોગીનું ગેય (અંતિમ લક્ષ્ય છે.)

वितर्कविचारानन्दास्मितानुगमात् सम्प्रज्ञातः ॥१

સૂત્રાર્થ—સમ્પ્રજ્ઞાત એટલે સમ્યક જ્ઞાન પૂર્વ
સમાધિમાં વિતર્ક, વિચાર, આનંદ અને નિર્ગુ
અહં એનો ભાવ ક્રમશઃ આવીને ખરો થાય છે

વ્યાખ્યાઃ—સમાધિ બે પ્રકારની છે. એકને સમ્પ્ર
અને બીજીને અસમ્પ્રજ્ઞાત કહે છે. સમ્પ્રજ્ઞાત સમાધિ
વળી ચાર પ્રકાર છે આ સમ્પ્રજ્ઞાત સમાધિથી પ્રકૃતિ
વશ કરવાની સમુદય શક્તિ આવે છે. એના પ્રથમ પ્ર
રને સવિતર્ક સમાધિ કહે છે મન જ્યારે કોઈ એક વસ્તુ
બીજી સર્વે વસ્તુઓનાથી પ્રથક કરીને ધ્યાન કરતું રહે
ત્યારે તેને સવિતર્ક કહે છે. આ પ્રકારના વિચાર અથ
ધ્યાનના વિષયના બે પ્રકાર છે. પ્રથમ પ્રકૃતિનાં સર્વે તત્
અને બીજો, પુરુષ આ તત્વોના પાછા બે પ્રકાર છે.
વીસ તત્વ સર્વે જડ છે. એક માત્ર ચેતનજ પુરુષ.
મન, પ્રકૃતિના ભિન્ન ભિન્ન તત્વોના વિષય, તેઓના
અને અન્તના તરફ લક્ષ્ય રાખીને ધ્યાન અથવા વિચાર
છે, ત્યારે તેને એક પ્રકારની સવિતર્ક સમાધિ કહે છે.
વાતની કંઈક વ્યાખ્યાની જરૂર છે. યોગનો આ
(ભાગ) ખપ્પૂરું રીતે સાંખ્ય દર્શનના ઉપર સ્થપિત
આ સાંખ્ય દર્શન ગયથી પુરું કહેવામાં આવ્યું છે. ત
મહત્ તત્ત્વ, અહંકાર, સંકલ્પ, મન, એઓનો એક

રણુ મૂળાધાર પામો છે તેને ચિત્ત કહે છે. ચિત્તમાંથીજ તેઓ પ્રકટ થાય છે આ ચિત્ત, પ્રકૃતિની ભિન્ન ભિન્ન શક્તિઓને ગ્રહણ કરીને તેઓને ધ્યાન અથવા વિચારરૂપ બનાવી દે છે વળી શક્તિ અને ભૂત બનેના નિમિત્તભૂત એક પદાર્થની પણ આપણે કલ્પના કરવી જોઇએ આ પદાર્થને અવ્યક્ત કહે છે-ને સૃષ્ટિના પૂર્વના સમયની પ્રકૃતિની અપ્રકાશિત અવસ્થા એમાંથી એક કલ્પ પછી, સર્વ પ્રકૃતિ પ્રત્યાવર્તન કરે છે, અને પાછી બીજા કલ્પમાં તેમાંથી ફરીને સર્વ ઉત્પન્ન થાય છે આ સર્વના અતીત પ્રદેશમાં ચૈતન્યઘન પુરુષ રહેલો છે શક્તિ પ્રાપ્ત કર્યાથીજ મુક્તિ મળે નહિ એ કેવળ ભોગને સારૂ પ્રયત્ન માત્ર છે. આ જીવનમાં ભોગ-સુખ થઇજ શકતુ નથી કારણ, વાસના કદિ તૃપ્ત થતી નથી તેથી ભોગ-સુખની શોધ ખોળ વૃથા છે માણસ આ અતિ પ્રાચીન ઉપદેશ પ્રમાણે કાર્ય કરી શકતો નથી. કારણ કે, તેને એ અત્યંત કઠણ લાગે છે પરંતુ જ્યારે તે એ વિષય વિશેષરૂપે સમજી શકે છે, ત્યારે પછી જડ જગતના અતીત થઇને મુક્ત થઇ જાય છે. સાધારણ રીતે જેઓને ગુહ્યશક્તિ કહે છે, તે પ્રાપ્ત કર્યાથી માત્ર ભોગની વૃદ્ધિ થાય છે, પરંતુ પરિણામે (આખરે) તેનાથી પીડાનીજ વૃદ્ધિ થાય છે અવશ્ય, વિજ્ઞાનની દૃષ્ટિએ જોઇને પતંજલિએ આ ગુહ્ય શક્તિની પ્રાપ્તિનો સ્વીકાર કર્યો છે. પરંતુ તે એવી સમુદાય શક્તિના પ્રલોભનથી આપણને સાવધાન કરી દેવાને ભૂલ્યા નથી. જ્ઞાનજ પ્રકૃત

શક્તિ છે. કોઇ વસ્તુના જ્ઞાનની પ્રાપ્તિ યથાર્થીજ અ
તેના ઉપર સત્તા મેળવીએ છીએ એવી રીતે જ્યારે
પણું મન એવા સર્વ ભિન્ન ભિન્ન વિષયોનું ધ્યાન કરે
છે, ત્યારે તેઓના ઉપર સત્તા પ્રાપ્ત કરીએ નહિ
જે પ્રકારના ધ્યાનથી બાહ્યિક સ્થૂલ ભૂતો ધ્યેય રૂપ
તેને સવિતર્ક કહે છે. તર્કનો અર્થ પ્રશ્ન—અને સવિ
અર્થ પ્રશ્નના સહિત. જેથી કરીને ભૂત સમૂહ તેઓના
રનાં સત્ત્વ અને તેઓની તમામ શક્તિ એવા ધ્યાનપ
પુરુષને પ્રદાન કરે, તેને સાર ભૂતોને પ્રશ્ન કરવો.
સવિતર્ક કહે છે. અને જ્યારે તે ધ્યાનમાંજ એવાં
દેશ અને કાળનાથી પૃથક કરીને તેઓના સ્વરૂપની
કરવામાં આવે, ત્યારે તે સમાધિને નિર્વિતર્ક સમાધિ
છે. વળી જ્યારે એ ધ્યાન પણ બીજું એક પગથિયું
ચડે, જ્યારે તન્માત્રોને દેશકાળના અન્તર્ગત તરીકે
વામાં આવે (ધ્યાન કરવામાં આવે) ત્યારે તેને સ
સમાધિ કહે છે વળી એ સમાધિમાં જ્યારે સૂક્ષ્મ
દેશકાળના અતીત જાતથી લેઇને તેઓના સ્વરૂપનું
કરવામાં આવે, ત્યારે તેને નિર્વિચાર સમાધિ કહે છે.
પછીનું પગથિયું આ—ઓમાં સૂક્ષ્મ સ્થૂલ ભૂતનું ધ્યાન પ
કરીને અંતઃકરણને ધ્યાનનો વિષય કરવો પડે. અ
અન્તઃકરણને રજસ્તમ ગુણથી પૃથક કરીને ધ્યાન
કરીએ, ત્યારે તેને સાનંદ સમાધિ કહે છે. આ સમ

જ ત્યારે આપણે અંત:કરણને સમુદાય ઉપાધિશૂન્ય કરીને ધ્યાન કરીએ; પરંતુ મનની અતીત અવસ્થામાં ઉપનીત થઈ શકીએ નહિ, એ સમાધિ જ્યારે વિશેષ પરિપક્વ થઇ જાય, જ્યારે સ્થૂલ, સૂક્ષ્મ સમુદય ભૂતનું ધ્યાન પરિત્યક્ત થઈ જાય, મનની સ્વરૂપાવસ્થા જ કેવળ વિશદ થઇ રહે, કેવળ સાત્વિક અહંકાર માત્ર અન્યાન્ય વિષયનાથી પૃથક્કૃત થઈ વર્તમાન રહે, ત્યારે તેને અસ્મિતા સમાધિ કહે છે. જે માણસને આ અવસ્થા પ્રાપ્ત થઇ છે. તેનેજ વેદમાં " વિદેહ " કહે છે. તે પોતાને સ્થૂલ દેહ શૂન્યરૂપે વિચાર્યા કરે છે, પરંતુ પોતે સૂક્ષ્મ શરીરધારી છે, એવું ધ્યાન કરવું જોઇએજ જોઇએ જેઓ આ અવસ્થામાં રહીને તે પરમપદ પ્રાપ્ત નહિ કરતા પ્રકૃતિમા લય પામે છે, તેઓને પ્રકૃતિલય કહે છે, પરંતુ જેઓ કોઈ પ્રકારના ભોગ સુખથી સંતુષ્ટ નહિ, તેઓજ શેષ લક્ષ્ય મુક્તિ મેળવે છે.

विराममत्ययाभ्यासपूर्वः संस्कारशेषोऽन्यः ॥१८॥

સૂત્રાર્થ:—અન્ય પ્રકારની સમાધિમાં સર્વદા સમુદય માનસિક ક્રિયાના વિરામનો અભ્યાસ કરવામાં આવે છે, કેવળ ચિત્તના ગૂઢ સંસ્કારો માત્ર અવશિષ્ટ રહે છે.

વ્યાખ્યા:—આજ પૂર્ણ જ્ઞાનાતીત અસમ્પ્રજ્ઞાત સમાધિ; આ સમાધિ આપણને મુક્તિ આપી શકે છે. પ્રથમ જે સમાધિની વાત કહેવામાં આવી છે, તે આપણને મુક્તિ

આપી શકતી નથી-આત્માને મુક્ત કરી શકતી નથી, એક માણસ સમુદય શક્તિ પ્રાપ્ત કરી શકે, પરંતુ તેનું પાછું પતન થવાનું આત્મા જ્યાં સુધી પ્રકૃતિની અતીતાવસ્થામાં ના જઇને સમ્પ્રજ્ઞાન સમાધિની પણ બહાર જઈ શકે નહિ, ત્યાં સુધી પતનનો ભય રહે. જો કે એની પ્રણાલી બહુ સહજ જેવી લાગે છે, પરંતુ તે પ્રાપ્ત કરવી બહુ કઠણ છે. એની પ્રણાલી એવી છે કે,-મનને ધ્યાનનો વિષય કરીને, જ્યારે હૃદયમા કોઇ વિચાર અથવા ધારણા આવે છે, ત્યારે તેના ઉપર આઘાત કરો; મનની અંદર કોઈ પ્રકારનો વિચાર આવવા ના દેઇને તેને સંપૂર્ણ રીતે શૂન્ય કરો. જ્યારે આપણે યથાર્થ રીતે આ સાધન કરી શકીએ, તેજ ઘડીએ મુક્તિ મેળવીએ. પૂર્વ સાધનમાં જેઓ પુરા પ્રવીણ થયા નથી, તેઓ જ્યારે મનને શૂન્ય કરવાની કોશીશ કરે છે, ત્યારે તેઓનાં ચિત્ત અજ્ઞાન બીજભૂત તમોગુણદ્વારા આવૃત થઈ જાય છે, અને તે તેઓના મનને આળસુ અને અકર્મણ્ય (નકામુ) કરી નાંખે છે. તેઓ માને છે કે, અમે મનને શૂન્ય ભાવમાં ભાવિત કરીએ છીએ. આ પ્રકૃતરૂપે સાધન કરવાને સમર્થ થવું, એ શક્તિનો એક સર્વોચ્ચ વિકાશ છે-મનને શૂન્ય કરવાને સમર્થ યથાર્થીજ સયમનો શેષાન્ત થઈ જાય છે. જ્યારે આ અસમ્પ્રજ્ઞાત એટલે જ્ઞાનાતીત અવસ્થા પ્રાપ્ત થાય છે, ત્યારે એ સમાધિ નિર્બીજ થઈ જાય છે. સમાધિ નિર્બીજ થય, એનો અર્થ શો ? જે સમાધિમાં જ્ઞાન બાકી રહે,

જ્યાં કેવળ કેટલીક ચિત્તવૃત્તિનેજ દમન કરવામા આવે છે, ત્યાં તે ચિત્તવૃત્તિઓ સંસ્કાર અથવા બીજને આકારે અપ્રકટ રહે છે. વળી સમય આવ્યેથી ફરીને પાછો તેઓનો પ્રકાશ થવાનો સંભવ રહે છે; પરંતુ જ્યારે સર્વ સંસ્કાર દમવામાં આવે છે, જ્યારે મન પણ લગભગ વિનષ્ટ થઇ આવે છે, ત્યારે તે નિર્બીજ થઇ જાય છે પછી એવી જીવનલતાની પુન પુન ઉત્પત્તિ થવાની બીજી કરી સંભાવના રહે નહિ. મનની અંદર એવું કોઈ સંસ્કાર બીજ રહે નહિ, જેનાથી પુન પુન જન્મ મૃત્યુ થઇ શકે અવશ્ય તમે એમ પૂછશો કે, જ્ઞાન રહે નહિ. તે વળી કેવા પ્રકારની અવસ્થા ? જેને આપણે જ્ઞાન કહીએ છીએ, તે એ જ્ઞાનાતીત અવસ્થાની સાથે તુલનામા નિમ્નતર અવસ્થા માત્ર છે. એટલું હમેશા યાદ રાખવુ જોઇએ કે, કોઈ વિષયના સર્વોચ્ચ અને સર્વ નિમ્ન બને છેડા લગભગ એકજ પ્રકારના દેખાય. પ્રકાશનુ કંપન જ્યારે ખૂબ મંદ થાય, ત્યારે તે અંધકાર સ્વરૂપ ધારણ કરે છે, અને વળી પ્રકાશનું ઉચ્ચ કમ્પન પણ અંધકારના જેવુ દેખાય છે. પરંતુ એ બે પ્રકારના અંધકારને શું એક કહેવા જોઇએ ? એમાંનો એક પ્રકૃત (ખરેખરો) અંધકાર છે, અને બીજો અતિ તીવ્ર ઉજાસ (પ્રકાશ) છે, તથાપિ તેઓ દેખવામાં એકજ પ્રકારના છે. તેજ પ્રમાણે અજ્ઞાન સર્વ કરતાં નિમ્નાવસ્થા છે, જ્ઞાન મધ્યાવસ્થા છે, અને એ જ્ઞાનના અતીત

બીજી પણ એક ઉચ્ચાવસ્થા છે. આપણે જેને જ્ઞાન કહીએ છીએ, તે પણ એક ઉત્પન્ન દ્રવ્ય છે, તે એક મિશ્ર પદાર્થ છે, પ્રકૃત સત્ય નથી. આ ઉચ્ચતર એકાગ્રતાનો ક્રમાગત અભ્યાસ કર્યાથી તેનું ફળ શું થવાનું? એનાથી પૂર્વની અસ્થિરતા અને આળસના જે પુરાતન સંસ્કારો તે સર્વે નાશ થઇ જશે. અશુદ્ધ સોનામાંથી તેમનો ભેગ અથવા મળ કાઢી નાંખવાને સારૂ, જે ધાતુ વાપરવામાં આવેછે, તેની જે અવસ્થા થાયછે, તેવીજ અવસ્થા એ સત્ પ્રવૃત્તિઓની પણ થાય છે. જ્યારે કોઇ ખાણમાંથી ખોદી કાડેલી ધાતુને ગાળવામાં આવે છે, ત્યારે જે ધાતુ તેમાં મૂકવામાં (ગાળવાને સારૂ તેમાં નાંખવામાં) આવે છે, તે પણ એની સાથે ગળી જાય છે. એજ પ્રમાણે સર્વદા એવી રીતના સંયમની શક્તિથી પૂર્વની અસત્ પ્રવૃત્તિઓ અને તેની સાથે સત્ પ્રવૃત્તિઓ પણ ચાલી જશે. એ સત્ અને અસત્ બંને પ્રવૃત્તિઓ પરસ્પર પરસ્પરને અભિભૂત કરી નાંખશે. તે વેળાએ પછી આત્મા સત્ અથવા અસત્ કોઇ પ્રકારની શક્તિદ્વારા અભિભૂત કરી નાંખશે તે વેળાએ પછી આત્મા સત્ અથવા અસત્ કોઇ પ્રકારની શક્તિદ્વારા અભિભૂત ના થતાં સ્વમહિમામાં અવસ્થિત રહેશે. પછી તે આત્મા સર્વવ્યાપી, સર્વશક્તિમાન અને સર્વજ્ઞ થઇ જાય છે. આત્મા સમુદય શક્તિનો ત્યાગ કરીને સર્વ શક્તિમાન થાયછે; અને જીવનમાં અભિમાન ત્યાગ કરીને મૃત્યુ અનિ . કરેછે-કારણ કે, પછી તે, તે મહા પ્રાણરૂપેજ બની જાય અને ત્યારેજ તે (આત્મા) જાણી શકશે કે, તેને જન્મ

અથવા મૃત્યુ, સ્વર્ગ વા પૃથ્વી એ કશાનું કદિપણ પ્રયોજન નહોતું. તે જાણી શકશે કે, તે કદિપણ ક્યાંઈ પણ આવ્યો નથી, અને કદિ કોઇપણ ઠેકાણે ગયો નથી, કેવળ પ્રકૃતિજ ગમનાગમન કરતી હતી પ્રકૃતિની એ ગતિજ આત્માના ઉપર પ્રતિબિમ્બિત થઈ હતી કેમેરા(Camera)ના દ્વારા પ્રકાશ દિવાલના ઉપર પ્રતિબિમ્બિત અને પ્રક્ષિપ્ત થઇ પડ્યો છે અને હાલે ડોલે છે (તે છતા) દિવાલ (અથવા પડદો) મૂર્ખની પેઠે એમ માને છે કે, હુંજ હાલું ડોલું છું. આપણા સર્વના સંબધમા પણ આમજ છે; ચિત્તજ કેવળ આમ તેમ જાય છે, અને નાના પ્રકારનાં રૂપ ધારણ કરે છે, (તે છતા) આપણે એમ માનીએ છીએ કે, આપણે એવા ભિન્ન ભિન્ન આકાર ધારણ કરીએ છીએ. આ સર્વ અજ્ઞાન ચાલ્યુ જશે. એવી સિદ્ધાવસ્થામાં મુક્ત આત્મા જ્યારે જે આજ્ઞા કરશે–પ્રાર્થના અથવા ભિક્ષુકના જેવી યાચના નહિ, પરંતુ આજ્ઞા કરશે, તે તરતજ પૂર્ણ થશે. એવો મુક્તાત્મા જ્યારે જે ઇચ્છા કરશે ત્યારે તેજ (ઇચ્છાનુસાર) કરવાને સમર્થ થશે. સાંખ્ય દર્શનના મતે, ઇશ્વરનું અસ્તિત્વ નથી. એ દર્શન કહે છે કે, જગતનો ઈશ્વર કોઈ હોઈ શકે નહિ, કારણ કે, જો તે હોય, તો તે નિશ્ચય આત્મા હશે, અને આત્મા અવશ્ય કતો મુક્ત અથવા બદ્ધ હશે. જે આત્મા પ્રકૃતિના વશીભૂત, પ્રકૃતિએ જે આત્માના ઉપર આધિપત્ય સ્થાપન કર્યું છે, તે કેવી

રીતે સૃષ્ટિ કરી શકે ? તો તે પોતેજ દાસ થઈ બેસે. વળી જો બીજો પ્રકાર સ્વીકારવામાં આવે, એટલે આત્માને જો મુક્ત તરીકે સ્વીકારવામાં આવે, તો એવો વાંધો આવશે કે, મુક્ત આત્મા શી રીતે સૃષ્ટિ આ જગતની સર્જનક્રિયા વગેરે નિર્વાહ કરી શકે ? (ચલાવી શકે !) એને કોઈ વાસના હોઈ શકે નહિ, તેથી તેને સૃષ્ટિ અને જગતનું શાસન વગેરે કરવાની કાંઈ આવશ્યકતા રહી શકે નહિ. બીજું, એ સાંખ્ય દર્શન કહે છે કે, ઈશ્વરનું અસ્તિત્વ કબુલ કરવાની કશી આવશ્યકતા નથી; પ્રકૃતિનો સ્વીકાર કર્યેથીજ સર્વ વ્યાખ્યા કરી શકાય. (આમ હોય) તો પછી ઈશ્વરનું પ્રયોજન શું ? ત્યારે કપિલ દેવ કહે છે કે, અનેક આત્મા એવા છે કે, જેમણે પૂર્ણ મુક્તિ મેળવી નથી, (પણ) લગભગ એની નજીક ગયેલા છે, તેઓ સમુદય અલૌકિક શક્તિની વાસના એકદમ ત્યાગ કરી ના શક્યાથી યોગભ્રષ્ટ થાય છે. તેઓનાં મન કેટલાક કાળ સુધી પ્રકૃતિમાં લીન થઈ રહે છે; તેઓ જ્યારે પાછા ઉત્પન્ન થાય છે, ત્યારે, પ્રકૃતિના પ્રભુ થઈને આવે છે. તેઓને જો ઈશ્વર કહો, તો એવો ઈશ્વર છે ખરો. આપણે સર્વે એક સમયે એવું ઈશ્વરત્વ પ્રાપ્ત કરીશું. વળી સાંખ્ય દર્શનના મતે, વેદમાં જે ઈશ્વરની વાત વર્ણવવામાં આવી છે, તે માત્ર એવી રીતના એક મુક્તાત્માનું વર્ણન છે. એના સિવાય નિત્ય મુક્ત, આનંદમય, જગતનો સૃષ્ટિ કર્તા કોઈ નથી.

અને બીજા હાથપર યોગીઓ કહે છે કે, "ના, એક ઇશ્વર છે; બીજા સર્વ આત્માઓથી પૃથક્, સર્વ શક્તિનો અનન્ત નિત્ય પ્રભુ, નિત્ય મુક્ત, સર્વ ગુરુનો ગુરુ એક આત્મા છે." યોગીઓ, સાખ્યમતવાળા જેઓને પ્રકૃતિલય કહે છે, તેઓનું અસ્તિત્વ પણ અવશ્ય સ્વીકાર કરે છે. તેઓ કહે છે કે, એઓ યોગભ્રષ્ટ યોગીઓ છે. કેટલાક કાળને સારૂ તેઓના શ્રેય લક્ષ્યમા ગમનમા અડચણ ઉત્પન્ન થાય છે ખરી, પરંતુ તે સમયે તેઓ જગત્‌ના અંશ વિશેષના અધિપતિ રૂપે થઈ રહે છે.

भव प्रत्ययो विदेहप्रकृति लयानाम् ॥ १९ ॥

સૂત્રાર્થઃ—આ સમાધિ જો સમ્યક્ વૈરાગ્ય પૂર્વક આચરવામાં ના આવે, તો તેજ દેવતા અને પ્રકૃતિલીનોની પુનરુત્પત્તિનુ કારણ થાય છે.

વ્યાખ્યાઃ—ભારતની સર્વ ધર્મ-પ્રણાલીમાં દેવતા એટલે કેટલાક ઉચ્ચ ઉચ્ચ પદવાળા પુરુષો સમજાય છે. ભિન્ન ભિન્ન જીવાત્મા ભિન્ન ભિન્ન સમયે એ પદ પૂર્ણ કરેછે (એ પદારૂઢ થાય છે). પરતુ તેઓમાના કોઇપણ પૂર્ણ નથી.

श्रद्धावीर्यस्मृतिसमाधिप्रज्ञापूर्वक इतरेषाम् ॥ २० ॥

સૂત્રાર્થઃ—બીજા કોઈ કોઇને શ્રદ્ધા એટલે વિશ્વાસ, વીર્ય એટલે મનનું તેજ, સ્મૃતિ, સમાધિ અથવા એકાગ્રતા અને સત્ય વસ્તુના વિવેકમાંથી

એવી સમાધિ ઉત્પન્ન થાય છે.

વ્યાખ્યા—જેઓ દેવત્વ પદ અથવા કોઈ કલ્પના દૈ-સનના ભાગની (અધિકારની) પ્રાર્થના કરતા નથી, તેઓની વાત કહેવામાં આવે છે. તેઓ મુક્તિ મેળવે છે.

तीव्रसम्वेगानामासन्नः ॥ २१ ॥

સૂત્રાર્થઃ—જેઓ અત્યન્ત આગ્રહ યુક્ત અથવા ઉત્સાહી (હોય છે), તેઓ બહુ જલદીથી યોગમાં કૃતકાર્ય થાય છે.

मृदुमध्याधिमात्रत्वात्ततोऽपि विशेषः ॥ २२ ॥

સૂત્રાર્થઃ—વળી મૃદુ એટલે મંદ પ્રયત્ન, મધ્યમ પ્રયત્ન અથવા અત્યંત અધિક પ્રયત્ન, એના અનુસારે પણ તેઓની અંદર વિશેષ અથવા ભેદ જોવામાં આવે છે.

ईश्वरप्रणिधानाद्वा ॥ २३ ॥

સૂત્રાર્થઃ—અથવા ઇશ્વરના ઉપર ભક્તિદ્વારા પણ (સમાધિ પ્રાપ્ત થાય છે).

क्लेशकर्मविपाकाशयैरपरामृष्टः पुरुषविशेष ईश्वरः॥२४

સૂત્રાર્થઃ—એક વિશેષ પુરુષ, જે દુઃખ, કર્મ, ... અથવા વાસનાદ્વારા અસ્પૃષ્ટ,—જે સર્વના મુખ્ય શાસનકર્તા, તેજ ઈશ્વર.

વ્યાખ્યાઃ—અહિં આપણે ફરીને સ્મરણ કરવું જોઇએ કે, પાતંજલ યોગ શાસ્ત્ર સાંખ્ય દર્શનના ઉપર સ્થાપિત છે, પરંતુ સાંખ્ય દર્શનમાં ઇશ્વરનું સ્થાન નથી. પરંતુ યોગીઓ ઇશ્વરનો સ્વીકાર કરે છે; તથાપિ તેઓ (યોગીઓ) ઇશ્વર વિષયમા નાના પ્રકારના ભાવરાશી હોય છે, જેમકે-સૃષ્ટિ કર્તૃત્વાદિ પરિત્યાગ કરે છે યોગીઓના ઇશ્વરના અ-ર્થેથી જગતનો સૃષ્ટિકર્ત્તા ઇશ્વર સૂચિત થતો નથી, પરંતુ વેદના મતે ઇશ્વર જગતનો સૃષ્ટિકર્તા છે તેનો અભિપ્રાય એવો છે કે, જગતમા જ્યારે સામંજસ્ય જોવામા આવે છે, ત્યારે તે (જગત્) અવશ્ય એક ઇચ્છાશક્તિનોજ વિકાશ હશે પરંતુ યોગ અને સાંખ્ય બંને એ સૃષ્ટિ સંબંધી પ્રશ્ન બિલકુલ ઉઠાવતા નથી-પરિત્યાગ કરી દે છે; યોગીઓ ઇશ્વર સ્થાપન કરવાને ચહાય છે પરંતુ તેઓ એ સૃષ્ટિ સંબંધી પ્રશ્ન ના ઉઠાવતા, તેને બિલકુલ છોડી દેવા ઇચ્છે છે. (એમ) સૃષ્ટિનો પ્રશ્ન ના ઉઠાવ્યા છતાં પણ તેઓ પોતાના ભાવાનુસાર એક ઉપાયથી એવા ઇશ્વરતત્ત્વમાં પહોંચી જાય છે. તેઓ કહે છે

तत्र निरतिशयं सर्वज्ञत्वबीजम् ॥ २५ ॥

સૂત્રાર્થઃ—અન્યમાં જે સર્વજ્ઞત્વનું બીજ છે, તે તેનામાં નિરતિશય એટલે અનંત ભાવ ધારણ કરે છે.

વ્યાખ્યાઃ—મનને અવશ્ય એ શેષાન્ત ભાવની એ
શ્રમણ કરવું જોઇએજ જોઇએ. તમે અવશ્ય સીમાબ
દેશ સબંધી ધ્યાન કરી શકો, પરતુ એ ધ્યાન કરવા સાથે
તેની સાથે સાથે તમારે અનન્ત દેશનું ધ્યાન કરવું પ
આંખો મીચીને જો એકક્ષુદ્ર દેશ સબંધી ધ્યાન અથવા વિચ
કરો, તો જોઇ શકશો કે, જે ઘડીયે એ ક્ષુદ્ર દેશરૂપ ક્ષે
ત્રતિ દેખવા લાગો છો, તેજ ઘડિયે તેની ચારે તરફ અ
નન્ત વિસ્તૃત બીજું એક વર્ત (મડળ) રહેલું છે—
સબધી પણ એમ જ છે ધારો કે તમે એક સેકન્ડ સમ
યના વિષે વિચાર કરો છો, તો તેની સાથે સાથેજ તમા
અનન્ત કાળની વાતનો વિચાર કરવો પડશે, જ્ઞાન સંબં
પણ એમજ સમજવું જોઇએ, મનુષ્યમાં જ્ઞાન કેવળ બી
ભાવે છે. પરતુ એ ક્ષુદ્ર જ્ઞાનનો વિચાર કર્યાથી તેની સા
સાથે અનંત જ્ઞાન જોવામા આવશે આથી માલમ પડે
કે. (આપણી પોતાની પ્રકૃતિ ઉપરથીજ એ સારી રી
સિદ્ધ થાયછે કે) એક અનત જ્ઞાન રહેલું તે. યોગીઓ
એજ અનત જ્ઞાનને ઈશ્વર કહેછે.

स पूर्वेषामपि गुरुः कालेनानवच्छेदात् ॥ २६ ॥

સૂત્રાર્થઃ—તે પૂર્વ પૂર્વ (પ્રાચીન) ગુરુઓને
પણ ગુરુ, કારણ કે, તે કાળથી સીમાબદ્ધ નથી
વ્યાખ્યાઃ—આપણા અન્તરમાંજ સર્વ જ્ઞાન રહેલું

પડે; પરંતુ બીજા એક જ્ઞાનદ્વારા તેને ઉત્તેજિત કરવું જોઇએ, જાણવાની શક્તિ આપણા અંદરજ છે ખરી. પરંતુ તેને ઉત્તેજિત કરવી જોઇએ, યોગીઓ કહે છે એવી રીતે જ્ઞાનનો ઉન્મેષ (વિકાસ) બીજા એક જ્ઞાનની સહાયથીજ સંભવિત થઇ શકે છે. જડ, અચેતન ભૂત કદિ જ્ઞાનનો વિકાસ કરાવી શકે નહિ—કેવળ જ્ઞાનની શક્તિયોગે જ્ઞાનનો વિકાસ થઇ શકે. આપણા ભિતરમાં જે જ્ઞાન છે, તેના વિકાસને સારૂ જ્ઞાનીઓ સર્વદા આપણા સંગે હતા, તેથી એવા ગુરુજનોનું સર્વદા પ્રયોજન હતું. જગત કદિ પણ એવા આચાર્યો વિનાનું થયું નથી. કોઈ પણ જ્ઞાન તેઓની સહાયતા વિના આવી (વિકાસી-શકી) શકતું નથી. ઈશ્વર સર્વે ગુરુનો પણ ગુરુ છે, કારણ કે, એ સર્વે ગુરુઓ ગમે તેટલા ઉન્નત થયેલા કાં ના હોય, અથવા તેઓ દેવતા હોય કે સ્વર્ગના દૂત હોય, પણ સર્વે બદ્ધ અને કાળદ્વારા સીમાબદ્ધ હતા. પરંતુ ઈશ્વર કાળદ્વારા આબદ્ધ નથી. યોગીઓના આ બે વિશેષ સિદ્ધાન્ત છે—પહેલો એ, સાન્ત વસ્તુનું ધ્યાન અથવા વિચાર કરતાં કરતાંજ મગ્ન થઇને અનન્તનું ધ્યાન કરશે (અનન્તનું ધ્યાન લૈને કરવુંજ પડશે) અને જો માનસિક અનુભૂતિની એક બાજુ સત્ય હોય તો એની બીજી બાજુ પણ સત્ય થશે; કારણ કે, તે બંને જ્યારે એકજ મનની અનુભૂતિ છે, ત્યારે તે બંને જ્યારે એકજ મનની અનુભૂતિ છે, ત્યારે તે બંને

અનુભૂતિનું મૂલ્ય પણ સમાન થશે. માણસનું જ્ઞાન અલ્પ છે, એટલે માણસ અલ્પજ્ઞ છે-એનાથી સમજાય છે કે, ઈશ્વરનું જ્ઞાન અનન્ત છે,-ઈશ્વર અનન્ત જ્ઞાન સંપન્ન છે આપણે જો આ બે અનુભૂતિમાંની એકને ગ્રહણ કરીએ, તો બીજીને ગ્રહણ ના કરીએ કેમ ? યુક્તિ તો એમજ કહે કે, કાતો બન્નેને ગ્રહણ કરો, અથવા તો બંનેને પરિત્યાગ કરો. જો હું એવો વિશ્વાસ આણું કે, માણસ અલ્પજ્ઞાન સંપન્ન છે, તો એ પણ મારે અવશ્ય કબૂલ કરવું જોઈએ કે, તેના પછવાડે એક અસીમજ્ઞાન સંપન્ન પુરુષ છે. બીજો સિદ્ધાન્ત એ કે, ગુરૂવિના કોઈ પણ જ્ઞાન થઈ શકે નહિ. વર્તમાન કાળના દાર્શનિકો જે એમ કહે છે કે, માણસનું જ્ઞાન, તેના પોતાના ભીતરમાંથીજ ઉત્પન્ન થાય છે, એ વાત સત્ય ખરી, સર્વજ્ઞાન માણસના ભિતરમાં રહેલુ છે ખરૂં, પરંતુ એ જ્ઞાનના વિકાશને સારૂ તેને કેટલીક સહકારી (મદદગાર) અનુકૂળ અવસ્થાનું પ્રયોજન છે. આપણે ગુરુવિના કોઈ જ્ઞાન પ્રાપ્ત કરી શકીએ નહિ. અહિં એવી વાત થઈ આવે છે કે, જો માણસ, દેવ અથવા સ્વર્ગદૂત કોઈ વિશેષ આપણા ગુરુ હોય તો તેઓ તો સર્વે સસીમ છે, તેઓના પૂર્વે તેઓનો પાછો ગુરુ કોણ હતો? ત્યારે આપણે બાધ્ય થઈને આવો શિરોર સિદ્ધાન્ત નકી કરવોજ પડે કે, એવો એક પુરુષ ગુરુ છે, જે કાળના દ્વારા સીમા બદ્ધ નહિં અગર અવચ્છિન્ન (સુમાર મર્યાદાવાળો) નથી. એજ એક

અનન્ત જ્ઞાન સંપન્ન ગુરુ, જેનો આદિ પણ નથી, અંત પણ નથી, તેનેજ ઇશ્વર કહે છે.

तस्य वाचकः प्रणवः ॥ २७ ॥

સૂત્રાર્થઃ—પ્રણવ એટલે ઓંમ્કાર (ॐ) તેનો પ્રકાશક છે

વ્યાખ્યાઃ—તમારા મનમાં જે કોઈ ભાવ હોય છે, તેનાજ પ્રતિરૂપ એક શબ્દ પણ હોય છે, આ શબ્દ અને ભાવને પૃથક્ કરી શકાય નહિ. ભાવના બાહ્ય ભાગને શબ્દ અને એના અંદરના ભાગને વિચાર કે ધારણા અથવા ભાવ એનું નામ આપવામાં આવે છે કોઈ પણ માણસ વિશ્લેષણ દ્વારા ધારણાને શબ્દનાથી પૃથક્ કરી શકતો નથી કેટલાક માણસોએ એકઠા બેસીને કયા ભાવને સારુ કયો શબ્દ વાપરવો જોઇએ, એમ નક્કી કરતા કરતા ભાષાની ઉત્પત્તિ થઈ છે, એવો ઘણાકનો મત છે: પરંતુ એ મત ભૂલ ભરેલો છે, એમ સિદ્ધ થયું છે જ્યાં સુધી સૃષ્ટિ રહેલી છે, ત્યાં સુધી શબ્દ અને ભાષા બન્નેનું અસ્તિત્વ રહેલું છે. હવે એવો પ્રશ્ન થઈ આવે છે કે, એક ભાવ અને એક શબ્દમાં પરસ્પર સંબંધ શો છે? આપણે જો કે જોઇએ છીએ કે, એક ભાવની સાથે એક શબ્દનો અવિચ્છિન્ન સંબંધ હોય છે, તથાપિ એકજ પ્રકારના શબ્દ દ્વારા એકજ પ્રકારનો ભાવ પ્રકટ થશે, એમ કંઈ નથી.

અનેક જુદા જુદા દેશોમાં ભાવ એક જાતનો હોય છે, પરંતુ ભાષા સંપૂર્ણ રીતે જુદી જુદી હોય છે. પ્રત્યેક ભાવ પ્રકટ કરવા જતાં આપણે એક એક શબ્દનું પ્રયોજન પડે. પરંતુ આ શબ્દો એક પ્રકારના ઉચ્ચારણવાળા હોવાનું એવું કાંઈ પ્રયોજન નથી. ભિન્ન ભિન્ન જાતિના લોકો ભાવના ભિન્નભિન્ન ઉચ્ચારણવાળા શબ્દો વાપરશે. આધુનિક પંડિત વિના આશંકાએ કહ્યું છે કે, "જો કે ભાવ અને શબ્દો પરસ્પર સંબંધ સ્વાભાવિક છે, પરંતુ એક શબ્દ અને એક ભાવની અંદર નિત્ય એક અનતિક્રમણીય સંબંધ રહેલો એમ સમજવું નથી." આ સમસ્ત શબ્દો જુદા જુદા હોય છે ખરા, તથાપિ શબ્દ અને ભાવનો પરસ્પર સંબંધ સ્વાભાવિક છે. જો વાચ્ય અને વાચકની અંદર પ્રકૃત સંબંધ ન રહે, તો ભાવ અને શબ્દની અંદર પરસ્પર સંબંધ છે, એમ કહેવાય, તેમ જો ના થાય, તો તે વાચક શબ્દ કદિપણ સર્વ સાધારણ વાપરી શકે નહિ. વાચક વાચ્ય વસ્તુનો પ્રકાશક છે—જો તે વાચ્ય વસ્તુનું પૂર્વથી અસ્તિત્વ હોય, અને આપણે પુનઃ પુનઃ પરીક્ષા દ્વારા જોઈ શકીએ કે, એ વાચક શબ્દે તે તે વસ્તુને અનેકવાર સમજાવી છે, તો આપણે સમજી શકીએ કે, એ વાચ્ય વાચકની અંદર યથાર્થ એક સંબંધ છે. જો કે એ વસ્તુઓ વર્તમાન ના હોય, તોપણ હજારો માણસ તેઓના વાચક દ્વારા તેઓ સંબંધી જ્ઞાન પ્રાપ્ત કરશે. વાચ્ય અને વાચકને સ્વાભાવિક સંબંધ

રહેવાની વિશેષ આવશ્યકતા છે; તેમ યથાર્થીજ જ્યારે એ વાચક શબ્દનો ઉચ્ચાર કરવામાં આવે, ત્યારે તે એ વાચ્ય વસ્તુની વાતને મનમાં યાદ કરાવી દેશે. આ પાતંજલ દર્શનનો ભાષ્યકાર કહે છે કે, ૐ ઈશ્વરનો વાચક છે. આ વાતના ઉપર એટલો ભાર મૂકવાનો ભાષ્યકારનો ઉદ્દેશ શો ? "ઈશ્વર" એ ભાવ સમજાવવાને શા તો સેંકડો શબ્દો છે. એક ભાવની સાથે હજારો શબ્દનો સંબંધ રહેલો છે. ઈશ્વર એ ભાવ સેંકડો શબ્દો સાથે સંબંધ રહેલો છે, ને પ્રત્યેક શબ્દ ઈશ્વરનો વાચક થઇ શકે. વારૂ ઠીક, ભલે તેમ થયું; પરંતુ તેમ થવાથી પણ એ શબ્દોમાંથી એક સાધારણ શબ્દ તારવી કાઢવો જોઇએ એ સર્વ વાચકોની એક સાધારણ ભૂમિ હોવાની આવશ્યકતા છે—અને જે વાચક શબ્દ સર્વનો સાધારણ વાચક થશે, તે વાચક શબ્દ જ સર્વ એક તરીકે ગણાશે, અને તેજ વાસ્તવિક તેનો યથાર્થ વાચક થશે. કોઈ શબ્દનો ઉચ્ચાર કરવો હોય, તો આપણે કંઠ નળી અને તાળવાને શબ્દોચ્ચારણાધાર તરીકે કામમાં લેઇએ છીએ. શું એવો કોઈ ભૌતિક શબ્દ છે, જે સહજ જ બીજા સર્વ શબ્દોને પ્રકટ કરે ? ૐ—આ શબ્દજ એવા પ્રકારનો છે. એજ સર્વ શબ્દોના મૂળ પાયારૂપ છે. એનો પહેલો અક્ષર "અ" સર્વ શબ્દોનું મૂળ છે—એજ સર્વ શબ્દોની કુંચિકા શબ્દ હોય તો, કુંચિ અથવા ચાવી એવો અર્થ થાય, અને તેજ રીત

અને તે માટે આગમ તેનું ગુણિકા-રૂપ અ
છે. તે જીભ અથવા તાળવાના કોઈ ભાગનો સ્
ર્શ વિના ઉચ્ચરિત થાય છે "મ" વર્ગનો
શબ્દનો છેલો અન્ત છે. તેનો ઉચ્ચાર કરતાં, અને
બંધ કરવા પડે છે અને "ઉ" એ શબ્દ ઉચ્ચારતાં
થી તે મુખના મધ્ય ભાગમાં જે શબ્દાધાર છે ત્યાં
આગળ ધકેલાય છે આ પ્રમાણે "ૐ" શબ્દથી
સર્વ શબ્દના ઉચ્ચારણની ક્રિયા પ્રકાશિત થાય છે. આ
અનુસાર તેજ સ્વાભાવિક વાચક શબ્દ છે—એજ સર્વ ભિ
ભિન્ન શબ્દોની જનની સ્વરૂપ છે જેટલા પ્રકારના શ
હોઈ શકે, તે સર્વ શબ્દોનો એ સૂચક છે. વળી, આ ઓ
આકારજ એકમાત્ર ઈશ્વરનો વાચક છે એનાં બીજાં કારણો
પણ છે. ભારતખંડમાં જેટલા પ્રકારના જુદા જુદા ધર્મ
છે, તે સર્વ આ ઓમ્કારને આશ્રય કરીને છે; વેદા
તર્ગત ભિન્ન ભિન્ન ધર્મભાવ સર્વે આ ઓમ્કારને આ
કરીને રહેલા છે યદિ એવો પ્રશ્ન થઈ આવે છે કે
અમેરિકા, ઈંગ્લંડ અને બીજા દેશોને એની સાથે શો સં
છે ? સર્વ દેશમાં એ ઓમ્કારનો વ્યવહાર ચાલી શકે; એ
કારણ એ કે, ભારતખંડમાં જેટલા પ્રકારના ધર્મભાવનો વિ
કાશ થયો છે, તે સર્વમાં ઓમ્કાર પરિરક્ષિત થયો છે અને
તે ઈશ્વર સંબંધી ભિન્ન ભિન્ન ભાવ સમજાવવાને સારૂ
પરાયો છે અદ્વૈતવાદી, દ્વૈતવાદી, દ્વૈતાદ્વૈતવાદી, ભેદવાદી

એટલુંજ નહિ, પણ નાસ્તિકો સુધાં સર્વેએ આ ઓમ્કારનું અવલમ્બન કર્યું હતું. માણસ જાતના જેટલા પ્રકારના ધર્મ ભાવ છે, તે સર્વેનો સૂચક આ ઓમ્કાર છે. ઈંગ્રેજી શબ્દ "ગૉડ" લો, તો એનાથી કેવળ સીમાબદ્ધ કેટલાક ભાવ સમજાય છે જો તમે તેના અતિરિક્ત (ઉપરાંત) કોઈ ભાવ એ શબ્દદ્વારા સમજાવવાની ઇચ્છા કરો, તો તમારે તેની સાથે વિશેષણ જોડવું પડશે-જેમકે (personal) સગુણ, (impersonal) નિર્ગુણ (absolute) પૂર્ણ ઈત્યાદિ. અન્ય સમુદય ભાષાઓમા પણ ઈશ્વર વાચક જે સઘળા શબ્દો છે, તેમના સબંધમા પણ આ વાત લાગુ પડે. તેઓ અતિ સીમા બદ્ધ ભાવનેજ લક્ષ્ય કરીને રહેલ છે પરંતુ "ॐ" આ શબ્દમાં સર્વે પ્રકારનો અર્થ છે. વાસ્તે સર્વ સાધારણોએ (સર્વ મનુષ્યોએ) તે ગ્રહણ કરવો આવશ્યક છે

तज्जपस्तदर्थ भावनम् ॥ २८ ॥

સૂત્રાર્થઃ—આ ઓમ્કારનુ પુનઃ પુનઃ ઉચ્ચારણ અને તેના અર્થનુ ધ્યાન સમાધિ પ્રાપ્તિનો ઉપાય છે.

વ્યાખ્યાઃ—હવે એવો વિચાર થઇ આવે છે કે, પુનઃ પુનઃ અભ્યાસ અથવા ઉચ્ચારણની આવશ્યકતા શી છે? અવશ્ય, આપણા સસ્કાર સબધી મન-વાદની વાત યાદ હોય છે; સમુદય સસ્કાર સમષ્ટિ આપણા મનની અંદર રહેલી

[illegible] નથી થઈ છે. તેઓ [illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]) [illegible]
[illegible]
[illegible] કર્યું. તે
રહેલો આ [illegible] સાથે થાય છે, તે
[illegible] સમજી આ જે
[illegible] માં પણ છે. જેનાથી
[illegible] આચ્છાદિત થઈ ગયા, પરંતુ જે
આત્માના [illegible] અતિ અવિચ્છિન્ન રહેલો,
અને ઉત્તેજક કારણ મળતાંજ તેઓ પુનઃ પ્રકાશિત થઈ
પડશે. અભ્યાસ કરીયા શું સમજવાના છે તે હવે સમજાશે.
આપણા ચિત્તમાં જે સહજ ધર્મ સંસ્કારો હોય છે, તેઓ
ને વિશેષ ભાવે ઉત્તેજિત કરવાને તે મુખ્ય આધાર છે.
“ક્ષણમિહ સજ્જનસંગતિરેકા ભવતિ ભવાર્ણવતરણે
નૌકા ।” ક્ષણમાત્ર સાધુસંગ, ભવસમુદ્ર તરવાના નૌ
સ્વરૂપ થાય છે. સત્સંગની આટલી બધી શક્તિ છે ! જ્યા
રે સત્સંગની જેટલી શક્તિ આ કહી, તેટલેજ આન્તરિક

સત્સંગ પામ્યુછે. ઓંકારનું પુનઃ પુનઃ ઉચ્ચારણ અને એના અર્થનું સ્મરણ કરવું એજ પોતાના અંતરમાં સાધુ-સંગ કરવો. પુનઃ પુનઃ ઉચ્ચારણ કરો અને તેની સાથે ઉચ્ચારિત શબ્દના અર્થનું ધ્યાન કરો. તેનાથી હૃદયમાં જ્ઞાનનો પ્રકાશ થઇ આવશે અને આત્મા પ્રકાશિત થશે.

પરંતુ જેમ "ॐ" એ શબ્દનું ધ્યાન કરવું જોઇએ, તેમ તેની સાથે તેના અર્થનું પણ ધ્યાન (અથવા વિચાર) કરવો જોઇએ અસત્સંગ ત્યાગ કરો, એ ઉપદેશનું તાત્પર્ય એ છે કે. જાણે કોઇ પુરાતન ક્ષતનું ચિન્હ અદ્યાપિ તમારા અંગપર રહેલું છે, તેને એવો અસત્સંગરૂપ તાપ લાગતાંજ તે ક્ષત પાછું પહેલા જેવા જોરથી ઉભરી આવીને દેખા દેશે આ ઉદાહરણ ઉપરથીજ સમજવામાં આવશે કે, આપણા ચિત્તમાં જે જે ઉત્તમ સંસ્કારો છે, તેઓએ અત્યારે અવ્યક્ત ભાવ ધારણ કર્યો છે ખરો, પરંતુ સત્સંગથી તેઓ પાછા જાગ્રત થશે-વ્યક્તભાવ ધારણ કરશે. સત્સંગના કરતાં વધારે પવિત્ર જગતમાં બીજું કંઇ પણ નથી, કારણ, એક સત્સમયોગજ શુભ સંસ્કારો જાગૃત થવાનો સુયોગ થઇ આવે છે

ततः प्रत्यक् चेतनाधिगम्योऽप्यन्तरायाभावश्च ॥२९॥

સૂત્રાર્થઃ—એમાથી અન્તર્દષ્ટિ પ્રાપ્ત થાય છે, અને યોગનાં વિઘ્ન સમૂહ નાશ પામે છે.

વ્યાખ્યાઃ—આ ઓંકારના જપ અને ધ્યાનનું પ્રથમ

ફળ એ જોશો કે, ક્રમે કરીને આનંદવૃત્તિ વિકસિત થતી રહેશે. અને માનસિક તથા શારીરિક યોગ-વિઘ્ન સર્વે દૂર થતાં રહેશે. હવે પ્રશ્ન એ થાય છે કે, આ યોગ-વિઘ્ન ક્યાં ક્યાં છે ?

व्याधिस्त्यान संशय प्रमादालस्याविरति भ्रान्तिदर्शनालब्ध भूमिकत्वानवस्थितत्वानि चित्तविक्षेपास्तेऽन्तरायाः ॥ ३० ॥

સૂત્રાર્થઃ—રોગ, માનસિક જડતા, સંદેહ, ઉદાસીનતા, આળસ, ચચળતા, મિથ્યા અનુભવ, એકાગ્રતા પ્રાપ્ત ના કરવી, એક અવસ્થા પ્રાપ્ત થવા છતાં પણ તેનાથી પતિત થવું, આ ચિત્તવિક્ષેપકારી અન્તરાય છે.

વ્યાખ્યાઃ—પહેલો વ્યાધિ—આ જીવન-સમુદ્રના હવે પાર જવું હોય, તો આ શરીર જ તેના પાર થવાનું એક માત્ર નાવ છે એને માટે (શરીરને માટે) યત્ન કરવો (એની સાચવણી કરવી) આવશ્યક છે. જેનાં શરીર સશક્ત ના હોય તેઓ યોગી થઈ શકે નહિ. માનસિક જડતા આવ્યાથી, આપણા યોગસાધન વિષયમાં ઉત્તમ ઉદ્યમનો નાશ થઈ જાય છે. તેથી સાધન કરવાને સારુ એ દૃઢ એકાગ્રતા, શ્રદ્ધા અને શક્તિ રહેવાનું પ્રયોજન છે. દેખાતું કહેવું રહે નહિ. આ વિષયમાં આપણા વિચાર જ

નિત વિશ્વાસ ભલે તેટલો હોય, પણ જ્યાં સુધી કોઇ વિ-શેષ આધ્યાત્મિક વિષય, જેવો કે દૂરદર્શન, દૂરશ્રવણ વગે-રેનો અનુભવ ના થાય, ત્યાં સુધી એ વિદ્યા સત્ય છે કે નહિ, એ બાબત ઘણો સંદેહ ઉત્પન્ન થશે. જ્યારે આ સર્વનો થોડો થોડો અભ્યાસ બનો આવતો રહે, ત્યારે મન પણ એમ દૃઢ થતું રહે છે, અને તે એવા સાધકને સાધન-મા-ર્ગમાં ઔર વધારે અધ્યવસાયશીલ કરી મૂકે છે. અનવ-સ્થિતત્વ-એવું થશે, ધારો કે, જાણે તમે અભ્યાસ કરો છો, ત્યારે મન બેશ સહજમા એકાગ્ર અને સ્થિર થાય છે; અને એમ લાગે છે કે, સાધન-માર્ગમા તમે બહુ જલદી જલદી ખૂબ ઉન્નતિ કરો છો (આગળ વધો છો), (તે-વામા) એકદમ તમારો એ ઉન્નતિનો પ્રવાહ બંધ થઈ ગયો તમે જોયું કે, જાણે એકાએક એક દિવસ તમારો સર્વ ઉ-ન્નતિ પ્રવાહ અટકી જઇને, જાણે વહાણ ખરાબે લાગી ગયું, ગતિ રહિત થયું હોય, તેમ થયુ આ પ્રમાણે થવાથી અ-ધ્યવસાય-શૂન્ય થશો નહિ જે કાઇ ઉન્નતિ થાય છે, તે એવી રીતે ઉન્નતિ અવનતિ-ચઢવા પડવામાંથી જ થાય છે.

દુઃખદૌર્મનસ્યાઙ્ગમેજયત્વશ્વાસપ્રશ્વાસાવિક્ષેપસ-હભુવઃ ॥ ૩૧ ॥

સૂત્રાર્થઃ—દુઃખ, મન ખરાબ થવું, શરીર ન-મવું, અનિયમિત શ્વાસ પ્રશ્વાસ, આ સર્વ એકા-ગ્રતાના અભાવની સાથે સાથે ઉત્પન્ન થાય છે.

વ્યાખ્યા.—જ્યારે એકાગ્રતાનો અભ્યાસ કરવામાં આવે ત્યારે તેની સાથે મન પણ સંપૂર્ણ શાન્તિ મેળવે છે. જ્યારે બરાબર રસ્તે સાધન ના થાય, અથવા જ્યારે ચિત્ત રીતસર સંયત ના રહે, ત્યારે જ આ વિઘ્નો આવીને ખડાં થાય છે. ઓંકારના જપથી અને ઈશ્વરમાં આત્મસમર્પણ કરવાથી જ મન દૃઢ થાય છે અને નવું બળ આવે છે. સાધનાના માર્ગમાં પ્રાય સર્વેને એવી સ્વાભાવિક ચંચળતા ઉત્પન્ન થાય છે. (પણ) તે તરફ મન લગાડ્યા વિના સાધન કર્યા જાઓ. સાધનના દ્વારાજ તેઓ નાશ પામશે, ત્યારે આસન સ્થિર થશે.

तत्प्रतिषेधार्थमेकतत्त्वाभ्यासः ॥ ३२ ॥

સૂત્રાર્થઃ—એના નિવારણને સારૂ એક તત્ત્વનો અભ્યાસ આવશ્યક થઈ રહે છે.

વ્યાખ્યાઃ—મન થોડીવારને સારૂ કોઈ એક વિષયના ધ્યાનમાં લાગ્યું રહવાથી પૂર્વોક્ત વિઘ્ન નાશ પામે છે. આ ઉપદેશ ખૂબ સાધારણ ભાવથી આપવામાં આવ્યો છે, આ પછીનાં સૂત્રોમાં આ ઉપદેશનું વિવેચન અને આલોચના કરી છે. એકજ પ્રકારનો અભ્યાસ સર્વેના પક્ષે અનુકૂળ થઈ શકે નહિ, તેટલા માટે નાના પ્રકારના ઉપાયોની વાત કહેવામાં આવી છે અને પ્રત્યેકજણ એમનો કયો ઉપાય પોતાના પક્ષે અનુકૂળ થાય છે, તે પરીક્ષા કરીને જોઈ લેઈ શકે છે.

मैत्रीकरुणामुदितोपेक्षाणां सुखदुःख पुण्यापुण्य-
विषयाणां भावनातश्चित्तप्रसादनम्॥ ३३ ॥

સૂત્રાર્થઃ—સુખ, દુ:ખ, સત્, અસત્, આ કેટલાક ભાવના પ્રતિ યથાક્રમે મિત્રતા, દયા, આનંદ અને ઉપેક્ષા, આ કેટલાક ભાવ ધારણ કરી શકવાથી ચિત્ત પ્રસન્ન થાય છે

વ્યાખ્યાઃ—આપણામાં ચાર ભાવ હોવા આવશ્ય છે. સર્વેના પ્રત્યે આપણે મિત્રતા રાખવાની અગત્ય છે; દીનજનોના પ્રત્યે દયાવાન થવું આવશ્યક છે. લોકોને સત્કર્મ કરતા જોઈને સુખી થવું અને અસત્ મનુષ્યના પ્રત્યે ઉપેક્ષા દેખાડવી આવશ્યક છે જે કોઈ વિષય આપણા સન્મુખ આવે છે, તે સર્વના પ્રત્યે આપણે આ ભાવ ધારણ કરવા આવશ્યક છે જો વિષય સુખકર હોય, તો તેના પ્રત્યે અનુભાવ એટલે અનુકૂળ ભાવ ધારણ કરવો આવશ્યક છે તેજ પ્રમાણે જો કોઈ દુ:ખકર બનાવ આપણા વિચારનો વિષય થાય, તો આપણું અન્તઃકરણ તેના પ્રત્યે કરુણ એટલે સદય ભાવવાળુ થવું જોઈએ અને તે કોઈ શુભ વિષય હોય, તો આપણે આનંદિત થવું જોઈએ, અને અસત્ વિષય હોય, તો તેમાં ઉદાસીન રહેવું જ શ્રેય છે. ભિન્ન ભિન્ન વિષયોના પ્રત્યે મનના એવા ભાવદ્વારા મન શાન્ત થઈ જશે. આપણે દરરોજ જે નાના પ્રકારનો ગરબડાટ, અને અશાન્તિની અંદર પડીએ છીએ, તેનું કારણ, આપણે

મનને એવા ભાવથી ધારણ કરી શકતા નથી. ધારો કે
એકજણે મારા પ્રત્યે કોઇ અન્યાયનું આચરણ કર્યું, તો
તરતજ હું તેનો પ્રતિકાર કરવાને પ્રવૃત્ત થઇ ગયો. અને
આપણે જો કોઇ અન્યાયાચરણનો બદલો લીધા વિના રહી
શકીએ નહિ, તેનું કારણ એ કે, આપણે ચિત્તને આપણી
એટલે પોતાની ગણી શકતા નથી. તે (ચિત્ત) એવા પ
દાર્થોના પ્રત્યે પ્રત્યાઘાતરૂપે ધસી જાય છે; અને આપણે એવી
આગળ આપણી સર્વ શક્તિ ખોઈ દઇએ છીએ. આપણ
મનમાં ઘૃણા અથવા અન્યનું અનિષ્ટ કરવાની પ્રવૃત્તિરૂપ જે
પ્રતિક્રિયા થાય છે, તે શક્તિનો ક્ષયમાત્ર છે. અને કોઇ અ
શુભ ધારણા અથવા ઘૃણાસૂચક કાર્ય અથવા કોઇ પ્રકારની
પ્રતિક્રિયાનો વિચાર એમને જો દમન કરવામાં આવે, તો
તેનાથી શુભકારી શક્તિ ઉત્પન્ન થઇ આપણા ઉપકારાર્થે
સંચિત રહેશે. આવા સંયમદ્વારા આપણને કાંઈ હાનિ
(નુકસાન) થાય છે, તેમ નથી, પરંતુ ઉલટો તેનાથી
આશાતીત ઉપકાર થતો રહે છે. જ્યારે આપણે પૂર્ણ અ
થવા ક્રોધવૃત્તિને દમન કરીએ, ત્યારેજ તે આપણા અનુ
કૂળ શુભ શક્તિ સ્વરૂપે સંચિત થઇ ઉચ્ચતર શક્તિરૂપે
બની જઈ રહે છે.

प्रच्छर्दनविधारणाभ्यां वा प्राणस्य ॥ ३४ ॥

સૂત્રાર્થઃ—શ્વાસ બહાર કરી દેવાથી અને સં
યમનાથી પણ (ચિત્ત સ્થિર થાય છે.)

વ્યાખ્યાઃ—આ સ્થળે અવશ્ય પ્રાણ શબ્દ વાપરવામાં આવ્યો છે. પ્રાણ એ જરૂરજ બરાબર શ્વાસ નથી. સમસ્ત જગત્માં જે શક્તિ વ્યાપ્ત થઈ રહેલી છે, તેનુંજ નામ પ્રાણ—જગત્મા જે કાંઈ દેખાએ છીએ જે કાંઈ એક સ્થાનેથી બીજે સ્થાન ગમન કરે છે, જે કંઈ કાર્ય કરી શકે છે, અથવા જેનું જીવન છે, તેજ આ પ્રાણનો વિકાશ છે. સર્વ જગત્મા જેટલી શક્તિ પ્રકાશિત-થઈ રહી છે, તેની સમષ્ટિને પ્રાણ કહે છે. સૃષ્ટ્યુત્પત્તિના પૂર્વકાળે આ પ્રાણ એક પ્રકારની ગતિહીન અવસ્થામાં રહે છે, અને પાછો યુગના પ્રારંભકાળે તે (પ્રાણ) પણ પાછો વ્યક્ત થવાનો આરંભ થાય છે. આ પ્રાણજ ગતિરૂપે પ્રકાશિત થાય છે; એજ મનુષ્ય જાતિમા અથવા અન્યાન્ય પ્રાણીમા સ્નાયવીય ગતિરૂપે પ્રકાશિત થાય છે, અને પાછો એજ પ્રાણ ધ્યાન અથવા વિચાર અને બીજી શક્તિઓ રૂપે પ્રકટ થાય છે. સમસ્ત જગત આ પ્રાણ અને આકાશની સમષ્ટિ છે. મનુષ્યદેહ પણ એવી રીતનો છે, જે કાંઈ જોઈએ છીએ વા અનુભવીએ છીએ, તે સર્વ પદાર્થો આકાશમાથીજ ઉત્પન્ન થયા છે, અને પ્રાણનાથીજ સર્વ વિભિન્ન શક્તિઓ ઉત્પન્ન થઈ છે. આ પ્રાણને બહાર છોડી દેવો અને એને ધારણ કરવો તેનુંજ નામ પ્રાણાયામ. યોગશાસ્ત્રના પિતા સ્વરૂપ ભગવન્ પતંજલિએ આ પ્રાણાયામ સંબંધી કાંઈ વિશેષ વિધાન આપ્યું નથી, પરંતુ તેમના પછીના બીજા યોગીઓએ

એના (પ્રાણાયામના) સબંધી અનેક તત્ત્વો શોધી કાઢી પ્રકટ કરીને એનેજ એક સ્વતંત્ર વિદ્યા કરી મૂકી છે. આ પાછલા યોગીઓ શું કહે છે, તે સબંધી કંઇક આપણે જાણવું જોઇએ. આ વિષે પૂર્વે કંઇક કહેવામાં આવ્યું છે, પણ જો એથી કંઇક વધારે કહેવામાં આવે, તો આપણે તે યાદ રાખવાની સારી સગવડ થશે. પ્રથમ તો એ ધ્યાનમાં રાખવું જોઇએ કે, આ પ્રાણ કદાપી શ્વાસપ્રશ્વાસ એવું બરાબર સમજાય નહિ. (પણ) જે શક્તિના બળથી શ્વાસપ્રશ્વાસની ગતિ થાય છે, જે શક્તિ વાસ્તવિક શ્વાસપ્રશ્વાસના પણ પ્રાણ સ્વરૂપ છે, તેને પ્રાણ કહે છે. વળી આ પ્રાણ શબ્દ સમુદય ઇન્દ્રિયોના નામરૂપે વપરાય છે. એ સર્વેને પ્રાણ કહે છે વળી મનને પણ પ્રાણ કહે છે. આપણે જોવામાં આવ્યું કે, પ્રાણ એક શક્તિના નામ સ્વરૂપ છે તથાપિ એને આપણે શક્તિ નામ આપી શકતા નથી, કારણ શક્તિ કેવળ એ પ્રાણનો એક વિકાર માત્ર છે. એજ (પ્રાણજ) શક્તિ અને ગતિવાળી બીજી સર્વ વસ્તુઓરૂપે પ્રભિન્ન થયો છે ચિત્ત યન્ત્રસ્વરૂપ થઇને ચારે તરફથી પ્રાણ આકર્ષણ કરી, એ પ્રાણમાંથીજ ભિન્નભિન્ન પ્રકારની શક્તિઓ વિકાસ કરે છે. એનાથીજ પ્રથમ, શરીર રક્ષાના કારણભૂત સર્વ શક્તિઓ અને આખરે વિચાર, ઇચ્છા અને બીજી સર્વે શક્તિઓ ઉત્પન્ન થાય છે. આ પ્રાણાયામદ્વારા આપણે આપણું શરીરની સમુદય ગતિઓ અને શરીરના અંતરંગ

આ નવા પ્રકારના ભાવદ્વારા પરિચાલિત થવાનુ ના કબૂલ કરે છે. તે જાણે જોર જોરે એવા નવા પ્રકારના ભાવની ગતિનો રોધ કરવાની કોશીશ કરે છે પ્રાણુ નવી નવી પ્રણાલીઓ કરવાનો પ્રયત્ન કરે છે, અને મગજ તેમ કરવા દેતું નથી. માણસ જે સ્થિતિ શીલતાનો આટલો પક્ષપાતી છે, તેનું મુખ્ય કારણ એજ છે મગજના અંદર આ પ્રણાલીઓ જેટલી ઓછી હોય છે, અને પ્રાણરૂપ સાય એની અંદર એવા માર્ગ જેટલા ઓછા બનાવે છે, તેટલું મગજ સ્થિતિ શીલતાપ્રિય થશે, તેટલ તે નવા પ્રકારના વિચાર અને ભાવના સામે સંગ્રામ કરશે મનુષ્ય જેટલો વિચાર શીલ થાય, તેટલા મગજની અંદરના માર્ગો અધિક અને જટિલ (વિસ્તારવાળા) થશે, અને તેટલીજ સહેલાઇથી નવા નવા ભાવ ગ્રહણ કરશે તથા તે સમજી શકશે પ્રત્યેક નવા ભાવ સબંધી પણ એમજ જાણવું મગજમા એક નવો ભાવ આવતાં જ ત્યા (મગજમા) એક નવી પ્રણાલી બને છે. આથી યોગના અભ્યાસને સમયે, પ્રથમ આપણને એટલી બધી શારીરિક અડચણો નડે છે કારણ કે, યોગ સંપૂર્ણ રીતે કેટલાક નવા પ્રકારના વિચાર અને ભાવની સમષ્ટિ છે. આથી જ આપણે જોઇએ છીએ કે, ધર્મનો જે અંશ, પ્રકૃતિનો જાગતિક ભાવ લેઇને ઘણી ઉથલ પાથલ કરે છે, તે સર્વ લોકોને ગ્રાહ્ય થાય છે, અને દર્શન અથવા મનોવિજ્ઞાન, જે કેવળ મનુષ્યના આભ્યન્તરિક ભાગ

લોકને વ્યાપ્ત છે (અનુમાન આત્યન્તિક ભાગોની ફક્ત આલોચના કરે છે). તે સાધારણ રીતે લોકો તેટલું ગ્રહણ કરતા નથી. અમારી આ જગતની પરિસ્થિતિ થઈ રાખવી આવશ્યક છે તેજ અનન્ત ગ્રન્થે આપણું ક્ષુદ્ર જ્ઞાનની અંદર થઇ પ્રતિબિંબિત થાય તે જે આ જગતનો આકાર ધારણ કર્યો છે અનન્તનો કેટલેક અંશ આપણા જ્ઞાનની અંદર ભાગ પ્રકાશિત થયો છે, તેનેજ આપણે જગત કહીએ છીએ. આથી માલમ પડે છે કે જગતના અતીત પ્રદેશમાં એક અનન્ત સત્તા રહેલી છે એમ આ ઉભય વિષય, એટલે આ ક્ષુદ્રપિંડ, જેને આપણે જગત કહીએ છીએ, અને જગદતીત અનન્ત સત્તા, એ બંને લોકને વ્યાપ્ત છે. જો ધર્મ આ બંનેમાંથી કેવળ એકને લોકને વ્યાપ્ત હોય, તે અવશ્ય અસંપૂર્ણ. ધર્મ એ બને વિષય વાળો હોવો આવશ્યક છે અનન્તનો જે ભાગ આપણું આ જ્ઞાનની અંદર થઇને (જ્ઞાનના દ્વારા) અનુભવીએ છીએ, જે દેશ, કાળ અને કાર્ય કારણ સંબંધના અંદર આવી પડ્યો છે, ધર્મશાસ્ત્રનો જે ભાગ એનો વિષય લોકને વ્યાપ્ત હોય છે, તે આપણને સહજ બોધગમ્ય થાય છે (સમજાય છે), કારણ કે આપણે પહેલેથીજ તેના વિષે જાણીતા છીએ, અને આ જગતનો ભાગ અનન્ત કાળથીજ આપણો પરિચિત છે પરંતુ (ધર્મશાસ્ત્રનો) જે ભાગ અનન્તને વિષય લઇને વ્યાપ્ત હોય છે, તે આપણા સર્વે સં

પૂર્ણ નવો હોવાથી તેના વિચારથી મગજમા નવી પ્રણાલી બંધાય છે, તેનાથી સમુદય શરીર પણ ઉલટ પાલટ થઈ જાય છે; આથી સાધારણ લોકો સાધન કરવા જતાં પ્રથમ જાણે પોતાના ચિર પરિચિત માર્ગથી વિચ્યુત થઈ જાય છે (એ માર્ગ એઓ કેટલે જાણે ભૂલા પડે છે) યથા સભવ આ વિઘ્ન આડચણો જેથી ઉત્પન્ન ના થાય તેને સારૂ ભગવન્ પતંજલિએ આ બધા ઉપાયો જણાવ્યા છે, તેમાથી જે આપણને સપૂર્ણ ઉપયોગી હોય, તે પસદ કરી લેઇને, તેનુ સાધન કરી શકીએ

विषयवती वा प्रवृत्तिरुत्पन्ना मनसः स्थितिनिबन्धनी ३५.

સૂત્રાર્થઃ—જે સમાધિમા ઇન્દ્રિય વિષયની કેટલીક અલૌકિક અનુભૂતિ થાય છે, તે મનની સ્થિતિનુ કારણ થઈ રહે છે

વ્યાખ્યાઃ—આ ધારણા એટલે એકાગ્રતામાથીજ આપોઆપ આવતી રહે છે, યોગીઓ કહે છે કે, જો નાકના અગ્રભાગમા મન એકાગ્ર કરવામા આવે, તો કેટલાક દિવસની અદરજ અદ્ભૂત સુગન્ધ અનુભવવામા આવે. જીભના મૂળમા એવી રીતે મનને એકાગ્ર કર્યાથી સુદર શબ્દ સાંભળવામાં આવે, જીભના અગ્ર ભાગે એમ કર્યાથી દિવ્ય રસાસ્વાદ થાય, જીભના મધ્યમાં સંયમ કર્યાથી એમ લાગે કે, જાણે કોઈ એક વસ્તુનો સ્પર્શ કર્યો. તાળવાની અદર

સમયથી દિવ્યરૂપ દેખવામાં આવે. જો કોઈને આ પૈકી કંઈક સાધન અવલંબન કર્યા છતાં તેની સત્યતામાં સંદેહ રહે, તો તે વખતે ચાર દિવ્ય સાધનાના પછી આ એકી અનુભૂતી થતી ત્યારથી પછી તેને સંદેહ રહેતો નહિ; ત્યાર પછી તે અભ્યાસવાળા અધિક સાધન કરતો રહેશે.

विशोका वा ज्योतिष्मती ॥ ३६ ॥

સૂત્રાર્થ—શોકરહિત જ્યોતિષ્માન પદાર્થના ધ્યાનના દ્વારા પણ સમાધિ થાય.

વ્યાખ્યા:—આ બીજા એક પ્રકારની સમાધિ છે. એવું ધ્યાન કરો કે, હૃદયની અંદર જાણે, એક પદ્મ રહેલું છે; તેની કર્ણિકા (વચલો ભાગ કોશ છે) અધોમુખી છે; એના મધ્યમાં થઈને સુષુમ્ના ગઈ છે; ત્યારપછી પૂરક કરે અને તે પછી રેચક કરવાને વખતે ધ્યાન કરો કે, એ પદ્મ કર્ણિકા સહિત ઉર્ધ્વ મુખ થયું છે, અને તેના મધ્યમાં (તે પદ્મમાં) મહાજ્યોતિ રહ્યું છે, એ જ્યોતિનું ધ્યાન કરો.

वीतरागविषयं वा चित्तम् ॥ ३७ ॥

સૂત્રાર્થ:—અથવા જે હૃદયે સમુદય ઇન્દ્રિય વિષયોમાં આસક્તિ પરિત્યાગ કરી છે, તેના ધ્યાનના દ્વારા પણ ચિત્ત સ્થિર થઈ રહે.

વ્યાખ્યા:—કોઈ સાધુ પુરુષની વાત લો. કોઈ મહા

[illegible]

स्वप्ननिद्राज्ञानालम्बनं वा ॥ ३८ ॥

[illegible] ધ્યાની પણ [illegible]

[illegible] રહે છે. [illegible] થઈ રહે છે. [illegible] (તેનું) ધ્યાન કરો. આટલા પણ જો તમે કરી ન શકો, તો જે કોઈ પવિત્ર વસ્તુ તમને સારી લાગે, તેનું ધ્યાન કરો.

यथाभिमतध्यानाद्वा ॥ ३९ ॥

સૂત્રાર્થઃ—અથવા જે કોઈ વસ્તુ સારી છે એમ તમને લાગે, તેનું ધ્યાન કરવું.

વ્યાખ્યાઃ—અવશ્ય આથી એમ તો સમજવું નથી કે કોઈ અસત્ વિષયનું ધ્યાન કરવું જોઈએ. પરંતુ જે કોઈ સત વિષય તમને સારો લાગે, જે કોઈ સ્થાનને તમે ખૂબ સારૂં સમજતા હો, જે કોઈ દેખાવ તમને ખૂબ સારો લાગતો હોય, જે કોઈ ભાવ તમને બહુ સારો લાગે, જેમાં તમારૂં ચિત્ત એકાગ્ર થાય, તેનુંજ ધ્યાન કરો.

परमाणुपरममहत्त्वान्तोऽस्य वशीकारः ॥ ४० ॥

સૂત્રાર્થઃ—એવું ધ્યાન કરતાં કરતાં પરમાણુથી પરમ મહત્ પદાર્થ સુધાંમાં તેના મનની અવ્યાહત ગતિ થાય છે.

વ્યાખ્યાઃ—આવા અભ્યાસદ્વારા મન અતિ સૂક્ષ્મથી અતિ મહત્તમ વસ્તુ સુધીનું સહેલાઈથી ધ્યાન કરી શકે, અને તેમ થવાથી મનોવૃત્તિના પ્રવાહો પણ ક્ષીણતર થઈ આવે છે

क्षीणवृत्तेरभिजातस्येव मणेर्ग्रहीतृग्रहणग्राह्येषु तत्स्थतदञ्जनता समापत्तिः ॥ ४१ ॥

સૂત્રાર્થઃ—જે યોગીની ચિત્તવૃત્તિઓ એવી રીતે ક્ષીણ થઈ જાય, એટલે વશમાં આવે છે, તેનું ચિત્ત [illegible] જેમ સ્ફટિક ભિન્ન ભિન્ન વર્ણયુક્ત વ-

સ્તુના સામે તેના જેવો આકાર ધારણ કરેછે, તેમ ગ્રહીતા, ગ્રહણ અને ગ્રાહ્ય વસ્તુમા (એટલે આત્મા, મન અને બાહ્ય વસ્તુમા) એકાગ્રતા અને એકભાવ પ્રાપ્ત થવાને યોગ્ય થાય છે

વ્યાખ્યા:—આવી રીતે ક્રમાગત ધ્યાન કરતા કરતા શું ફળ પ્રાપ્ત થાય છે? આપણને બરાબર યાદ છે કે, એક પૂર્વે સૂત્રમા પતંજલિએ ભિન્નભિન્ન પ્રકારની સમાધિની વાતનું વર્ણન કર્યું છે પ્રથમ સમાધિ-સ્થૂળ વિષય લેઈને, અને બીજી સૂક્ષ્મ વિષય લેઈને. તે પછી ક્રમે ક્રમે બીજી પણ સૂક્ષ્માનુસૂક્ષ્મ વસ્તુ આપણી સમાધિનો વિષય થાય છે, તે પણ પૂર્વે કહેવામા આવ્યુ છે વળી એ પણ પૂર્વે કહ્યું છે કે, પ્રથમ પ્રકારની સમાધિઓમા (એ બધી ખૂબ ઉચ્ચ સમાધિ નથી) આપણે જેમ સ્થૂળ તેમ સૂક્ષ્મ વિષયનુ પણ સહજ ધ્યાન કરી શકીએ આ સમાધિમા યોગી ત્રણ વસ્તુ જોતા પામે છે—ગ્રહીતા, ગ્રાહ્ય અને ગ્રહણ, એટલે આત્મા, વિષય અને મન ત્રણ પ્રકારના ધ્યાનનો વિષય આપણને જણાવવામા આવ્યો છે પ્રથમ સ્થૂલ, જેમકે, શરીર અથવા ભૌતિક પદાર્થ સર્વ, બીજું સૂક્ષ્મ વસ્તુ સર્વ, જેમકે, મન-ચિત્ત, ત્રીજે ગુણ વિશિષ્ટ પુરુષ એટલે અહંકાર, બરાબર સ્વરૂપાવસ્થિત પુરુષ નહિ અભ્યાસદ્વારા યોગી આ સર્વ ધ્યાનમા દૃઢ પ્રતિષ્ઠ થઈ રહે છે. તે વેળા તેને એવી એકાગ્રતા શક્તિ પ્રાપ્ત થાય છે કે, જ્યારે પણ તે

[illegible]

[illegible]શબ્દાર્થજ્ઞાનવિકલ્પૈઃ સંકીર્ણાઃ સવિતર્કા[illegible]

સૂત્રાર્થ:—શબ્દ અર્થ અને તેનાથી ઉપજેલું જ્ઞાન એ જ્યારે મિશ્રિત થઈ રહે, ત્યારે તે સવિતર્ક એટલે વિતર્ક યુક્ત સમાધિ કહેવાય છે.

વ્યાખ્યા:—અહિં શબ્દ [illegible] અર્થ [illegible], અર્થનો અર્થ જે આપણી ઇન્દ્રિય ગ્રહણ કરે, તેને ચિત્તમાં લાવી [illegible] છે તે, અને જ્ઞાનનો અર્થ [illegible] અહંકાર સુધી આવું જેટલા પ્રકારના ધ્યાનની વાત આવતી તે સર્વને પતંજલિ સવિતર્ક કહે છે એના પછી તે ક્રમે ક્રમે બીજા પણ ઉચ્ચ ઉચ્ચ ધ્યાનની વાતો આપણને કહેશે. આ સવિતર્ક સમાધિઓમાં આપણે વિષયી અને વિષય એ બંનેને સંપૂર્ણ રીતે પૃથક રાખીએ છીએ; (અને) તે શબ્દ, તેનો અર્થ

* सवितर्कासमापत्तिः આવો પાઠ પણ જોવામાં આવે[illegible]

અને તેનથી ઉત્પન્ન થયેલું જ્ઞાન એના મિશ્રણથી ઉત્પન્ન થય છે. પ્રથમ આ કલ્પના–શબ્દ, તે ઇન્દ્રિય–પ્રવાહદ્વારા ચિત્તમાં પ્રવર્તન થયા પછી તેને અર્થ કહે છે અને ત્યારપછી– ચિત્તમાં એક નિર્વિકલ્પ પ્રકાશ અવગ્રહ એને જ્ઞાન કહેવાય, પરંતુ તે ત્રણેનો અમિશ્રિત પારમાર્થિક જ્ઞાન કહે છે. અન્યા- ન્યોન્ય અધ્યાસ ... એક બીજાની સાથે મળેલી છે તે, એમાં આ મિશ્રણ વિકલ્પે પ્રમ થય છે. ત્યાર પછી જે અર્થ જ્ઞાન તે ... આવે, તે વધારે ચેક છે.

स्मृतिपरिशुद्धौ स्वरूपशून्येवार्थमात्रनिर्भासा नि- र्वितर्का ॥ ४३ ॥

સૂત્રાર્થ —જ્યારે સ્મૃતિ શુદ્ધ થઇ જાય, એ- ટલે સ્મૃતિમાં બીજો કોઈ ગુણ–સંબંધ (ગુણનો ધર્મ) રહે નહિ. જ્યારે તે કેવળ ધ્યેય વસ્તુના અર્થનોજ પ્રકાશ કરે, ત્યારે તે નિર્વિતર્ક સમાધિ.

વ્યાખ્યાઃ—પૂર્વે જે શબ્દ અર્થ અને જ્ઞાનની વાત કહેવામાં આવી છે, તે ત્રણેનો એકત્રે અભ્યાસ કરતાં એવો એક સમય આવે છે, જ્યારે તેમાં પછી મિશ્રિત થતા ન- થી તે સમયે આપણે અનાયાસે એ વિવિધ ભાવનાને અતિ- ક્રમ કરી શકીએ છીએ. અહિ, પ્રથમ, એ જણ્ હું છે, તે સમજવાની આપણે વિશેષ કોશીશ કરીશું આ ચિત્ત રહેવું છે, (તેને) પૂર્વે આપેલી સરોવરની ઉપમાની વાત

યાદ કરો: મનોવૃત્તિની મનનની સાથે તુલના કરવામાં આવી છે, અને શબ્દ એટલે પવન એટલે બાહ્ય ઉત્તેજના એના ઉપર એક લહરની પેઠે આવે છે. તમે પોતાની અંદર એ પ્રકાર અવલોકન કરેલું છે. ધારો કે, " ગો " એ શબ્દનો ઉચ્ચાર કર્યો, તેનું તેજ એક ક્ષણ માં પ્રવેશ કર્યો, તેટલું તેની સાથે તમારા ચિત્ત-સરોવરમાં એક પ્રવાહ ઉઠી આવ્યા તે બેઉએ તે પ્રકાશિ " ગો " એ શબ્દ નિશ્ચિત આકાર સમજવો એ બેઉને આપણે આકાર અથવા અર્થ કહીએ છીએ. તમે જે જાણો છો કે, હું એક " ગો " ને જાણું છું, તે કેવળ તમારા મનમનો એક તરંગ છે. તે બાહ્ય આભ્યન્તર શબ્દ પ્રવાહની પ્રતિક્રિયા સ્વરૂપ ઉત્પન્ન થાય છે. (અને) એ શબ્દની સાથે સાથે પ્રવાહ પણ નાશ થઈ જાય છે. એક વાક્ય અથવા શબ્દ વિના પ્રવાહ રહી શકે નહિ. કારણ તમારા મનમાં એવો ઉદય થાય કે, જ્યારે કેવળ " ગો " ના વિષે વિચાર કરો, ત્યારે બહારથી કોઈ શબ્દ કાનમાં આવતો નથી. ત્યારે શબ્દ રહે ક્યાં ? તે વેગાએ એ શબ્દ તમે પોતેજ કરોછો. ત્યારે તમે પોતાના મનમાં ને મનમાં જ " ગો " એ શબ્દ આસ્તે આસ્તે બોલતા રહોછો, તેથી તમારા અંતરમાં એક પ્રવાહ આવતો રહે છે. શબ્દને ઉત્તેજિત ના કર્યાથી એવો પ્રવાહ આવીજ શકે નહિ, અને જ્યારે બહારથી એ ઉત્તેજના આવતી નથી, ત્યારે તે ભિ-

તરમાંથીજ આવે છે, અને જ્યારે શબ્દ રહે નહિ, ત્યારે પ્રવાહ પણ ના રહે ત્યારે બાકી શુ રહે છે? તે વેગોએ એ પ્રતિક્રિયાનુ ફળ માત્ર બાકી રહે છે, તેજ જ્ઞાન આ ત્રણે આપણા મનમા એટલા દૃઢ ફરી ગયા છે કે, આપણે તેઓને પ્રથક કરી શકતા નથી જ્યારે શબ્દ આવે છે, ત્યારે ઇન્દ્રિયો કંપિત થતી રહે છે, અને પ્રવાહ સફળ પ્રતિક્રિયા સ્વરૂપે ઉત્પન્ન થાય છે, અને તેઓ એકના પછી એક એટલા જલદી જલદી આવે છે કે, તેઓમાથી એક-એકને જુદો તારવી કાઢવો બહુ અસાધ્ય થઈ પડે છે અહિં જે સમાધિની વાત કહેવામા આવી, તેનો લાબા સમય સુધી અભ્યાસ કર્યાથી પછી સર્વ પ્રકારની આધાર—ભૂમિ સ્મૃતિ શુદ્ધ થઈ જાય, ત્યારેજ આપણે તેઓમાથી એકનાથી બીજાને પૃથક કરી શકીએ, એનેજ નિર્વિતર્ક સમાધિ કહે છે.

एतयैव सविचारा निर्विचारा च सूक्ष्मविषया व्याख्याताः ॥ ४४ ॥

સૂત્રાર્થઃ—પાછલનાં બે સૂત્રોમા સવિતર્ક અને નિર્વિતર્ક એ બે સમાધિની વાત કહેવામાં આવી, તેના દ્વારા સવિચાર એ બે પ્રકારની સમાધિ, જેઓનો વિષય બહુ સૂક્ષ્મ છે, તેઓની પણ વ્યાખ્યા કરાઈ.

વ્યાખ્યાઃ—અહિં પૂર્વની પેઠેજ સમજવું જોઇએ. કે-

પણ પૂર્વોક્ત બને ધ્યાનનો વિષય સ્થૂલ છે, અને અહિં ધ્યાનનો વિષય સૂક્ષ્મ છે

सूक्ष्मविषयत्वं चालिङ्गपर्यवसानम् ॥ ४५ ॥

સૂત્રાર્થ:—સૂક્ષ્મ વિષયનો અન્ત પ્રધાન (મુખ્ય) પર્યન્ત છે.

વ્યાખ્યા:—ભૂતો અને તેમથી ઉત્પન્ન સર્વ વસ્તુને સ્થૂલ કહે છે. સૂક્ષ્મ વસ્તુ તન્માત્રાથી આરંભ થાય છે. ઇન્દ્રિય, મન (એટલે સર્વનું ઇન્દ્રિય, સર્વ ઇન્દ્રિયોની સમષ્ટિ સ્વરૂપ), અહંકાર, મહત્તત્વ (જે સમસ્ત વ્યક્ત જગતનું કારણ) સત્વ, રજ અને તમની સામ્યાવસ્થારૂપ પ્રધાન, પ્રકૃતિ અથવા અવ્યક્ત, આ સર્વે સૂક્ષ્મ વસ્તુના અન્તર્ગત છે. એટલે આત્મા ફક્ત એની અંદર પડતો નથી.

ता एव सबीजः समाधिः ॥ ४६ ॥

સૂત્રાર્થ:—આ સર્વે સબીજ સમાધિ.

વ્યાખ્યા:—આ સમાધિઓથી પૂર્વ કર્મનું બીજ નાશ પામતું નથી, તેથી તેઓ મુક્તિ આપી શકતી નથી ત્યારે એમનાથી શું ફળ છે ? એનો ખુલાસો પ્રથમ કહેલાં સૂત્રોમાં કહેવાઈ ગયો છે

निर्विचारवैशारद्येऽध्यात्म-प्रसादः ॥ ४७ ॥

સૂત્રાર્થ:—જ્યારે નિર્વિચાર સમાધિ વિશેષ-

રૂપે સ્થિતિ-પ્રાપ્ત થાય છે, ત્યારે ચિત્ત સંપૂર્ણ રૂપે સ્થિર થઈ જાય છે

तत्र ऋतम्भरा प्रज्ञा ॥ ४८ ॥

સૂત્રાર્થ—એનાથી જે જ્ઞાન-પ્રાપ્તિ થાય છે, તેને ઋતમ્ભરા એટલે સત્યપૂર્ણ જ્ઞાન કહે છે.

વ્યાખ્યા:—આગામી સૂત્રમાં આનું વ્યાખ્યાન થશે

श्रुतानुमानप्रज्ञाभ्यामन्यविषया विशेषत्वात् ॥ ४९ ॥

સૂત્રાર્થ—જે જ્ઞાન વિશ્વાસપાત્ર જનના વચનથી અને અનુમાનથી પ્રાપ્ત થાય છે, તે સાધારણ વિષય જનિત છે જે વિષયો (એવા) આગમ અને અનુમાનજન્ય જ્ઞાનના ગોચર નથી, તેઓ આ જે સમાધિની વાત પૂર્વે કહેવામાં આવી છે, તેના પ્રકાશ્ય છે

વ્યાખ્યા:—આનું તાત્પર્ય એ કે, આપણને સાધારણ વસ્તુ સબંધી જ્ઞાન પ્રત્યક્ષાનુભવ, તદુપરસ્થાપિત અનુમાન અને વિશ્વાસ પાત્ર જનોના વાક્યથી પ્રાપ્ત થાય છે વિશ્વાસપાત્રજનો કહેતા યોગીઓ ઋષિઓ માને છે અને ઋષિઓ કહેતાં વેદવર્ણિત ભાવના દ્રષ્ટા એટલે જેઓએ તે ભાવોનો સાક્ષાત્કાર કર્યો છે તેઓના (યોગીઓના) મતે શાસ્ત્રોનું પ્રામાણ્ય માત્ર એટલાજ માટે છે, તે વિશ્વાસપાત્ર જનોનાં

વચન છે એમ [illegible] વચન જેવાં જ પણ [illegible] કરી શકે છે. આમને [illegible] અનુભવ [illegible] [illegible] કરી [illegible] સમર્થ નથી. અને [illegible] [illegible] [illegible] નહિ પરંતુ [illegible] આત્મા [illegible] અનુભવે કાર્ય કરીએ [illegible] એવી એક અવસરે [illegible] પદ્ધતિઓએ [illegible] છે, [illegible] પુનિત પણ જઈ શકી નથી, જેવા પ્રત્યક્ષ અનુમાન અથવા બીજાના સાક્ષી [illegible] કાર્યકારિતા અથવા પ્રમાણ [illegible] નથી આ [illegible] પણ પ્રકાશિત થયું છે કે, પ્રત્યક્ષ કરવું એજ [illegible] ધર્મનો [illegible] સાર, બીજું [illegible] જે કાંઈ, જેમકે [illegible] વ્યાખ્યાનનું [illegible] અથવા ધર્મ પુસ્તકનો પાઠ કે [illegible] એ કેવળ એ [illegible] ([illegible] સાર) [illegible] યથાયુક્ત છે તે પ્રકૃત ધર્મ નથી. [illegible] કોઈ મનમાં [illegible]તિ આપવી વા ના આપવી એ ધર્મ નથી. [illegible] દયનો મુખ્ય ભાવ એ છે કે, જેમ ઇન્દ્રિય વિષયની [illegible] આપણો સાક્ષાત્ સંબંધ થાય છે, તેમ ધર્મ પણ [illegible] કરી શકાય, ઉલટો તે એથી પણ વિશેષ ઉત્તમતાથી અનુભૂત થઈ શકે—ઈશ્વર, આત્મા વગેરે ધર્મનાં જે મૂલ પ્રતિપાદ્ય સત્ય છે, તેઓ બહિરિન્દ્રિયદ્વારા પ્રત્યક્ષ થઈ શકે નહિ. ચક્ષુદ્વારા આપણે ઈશ્વરને જોવા પામીએ નહિ અને વા હસ્તદ્વારા સ્પર્શ કરી શકીએ નહિ, મનને એ પણ [illegible]

પ્રકાશે છે, વિચાર અપણને ઇન્દ્રિયના અતીત પ્રદેશ માં લઇ જઈ શકે નહિ તે આપણું અનુભવ અનિશ્ચિત પ્રદેશમાં નાખી દે છે ત્યાં અમ જ જે ઠેકાણે અનન્ત વિચાર કરતા હોઇએ, પણ તનું કઇ શુ વળતું અને જે નવાઇ ભરી સાબિતિ કર તેમ કરતાં તે નજ. એવો વિચાર નિ સાર તથા મનનુ હજ ગા વસેલા કરવુ સાર કે આપણને એ અનુભવ કરી શકીએ, ત્યારે અમ પ્રત્યક્ષ કરીને તેજ પ્રમાણે ઉપર યુક્તિ. વિવાદ કે કોઇ સ્થાન છીએ વગરે એ સ્પષ્ટ લખ્યુ છે કે યુક્તિ સ વિચારયુક્તિરૂપ નાના ભિન્ન સમજવુ કરવુ પડે તે ના ઉપર પડી ખરૂ થાઇ નહિ તેથી કે ઇ સ્થળ નાગેલા અનુસાર કરવું પડે તે સર્વ અનુભવ ના અતીત પ્રદેશમાં ચેતી લેવા કરે છે કે, આ ભ પ્રત્યક્ષ અને વિચારયુક્ત બંનેને અતિક્રમ કરી ગયું છે ત (એબુસ) બુદ્ધિના અતીત પ્રદેશમાં જઇ શકે અને તે શક્તિ પ્રત્યેક પ્રાણીમા, પ્રત્યેક વસ્તુમાં અન્તર્નિહિત (ગુપ્ત રહેલી) છે. યોગાભ્યાસદ્વારા આ શક્તિ જાગૃત થાય છે. પછી મનુષ્ય વિચારની હદની પાર થઇ જઇને તેના અગમ્ય વિષય-સમૂહ પ્રત્યક્ષ કરે છે.

तज्जःसंस्कारोऽन्यसंस्कारप्रतिबन्धी ॥ ५० ॥

સૂત્રાર્થઃ—આ સમાધિ-જ્ઞાન સંસ્કારના અન્યા-

ન્ય સંસ્કારના પ્રતિબંધી થાય છે એટલે અન્યાન્ય સંસ્કારને પછી આવવા દેતાં નથી.

વ્યાખ્યાઃ—પૂર્વના સૂત્રોમાં આપણે જોઈ ગયા છીએ કે, જે જ્ઞાનાતીત ભૂમિમાં જવાનો એક માત્ર ઉપાય-એકાગ્રતા છે. વળી એ પણ આપણે જોયું છે કે, પૂર્વ સંસ્કાર આપણી એવી એકાગ્રતા પ્રાપ્તિના પ્રતિબન્ધક છે. તમે સર્વેએ લક્ષ્ય કર્યું છે કે, જ્યારે તમે મનને એકાગ્ર કરવાની કોશીશ કરોછો, ત્યારે તમને નાના પ્રકારના વિચાર આવે છે જે વેળાએ ઈશ્વરનું ધ્યાન અથવા વિચાર કરવાની કોશીશ કરો, તે વેળાએજ એ સર્વ સંસ્કારો જાગી ઉઠે છે. અન્ય સમયે તેઓ તેટલા પ્રબલ રહેતા નથી, પરંતુ જ્યારે પણ તેઓને મારી કાઢવાની (દૂર કરી દેવાની) કોશીશ કરો, ત્યારે તેઓ જરૂર,જરૂર આવવાના, અને તમારા મન ઉપર જાણે એકદમ છવાઈ જવાના આનું કારણ શું ? એવી એકાગ્રતાના અભ્યાસને સમયેજ તેઓ એટલા બધા પ્રબલ કેમ થાય છે ? એનું કારણ એ કે, તમે જ્યારે તેઓને દમન કરવાની કોશીશ કરોછો, ત્યારે તેઓ તેઓનું તમામ પ્રબળ પ્રકટ કરે છે. બીજા સમયે તેઓ એવા બળી જઈ દેખાઈ આવતા નથી. ચિત્તના કોઈ સ્થાને તેઓ ભરાઈને રહેલા છે. સર્વ પૂર્વ સંસ્કારોની સંખ્યા પણ કેટલી એ હશે ! તેઓ જાણે વાઘની પેઠે ગુફામાં ભરાઈને આગ-મુનિ સારૂ (ઘણાં આવવા-છૂપી પડવા-છેડી બેઠાંને) રહે

તત્પર થવાનેજ રહ્યા છે તેઓનો પ્રતિરોધ (અટકાવ) કરવો જોઈએ, કે જેથી કરીને આપણે જે ભાવ હૃદયમાં રાખવાની ઈચ્છા કરીએ તેજ ભાવ આવે છે, બીજા સર્વ આવ્યા જાય છે. તેમ ના થવાથી (તેઓનો પ્રતિરોધ ના થવાથી) તેઓ ખરા વખતેજ આવવાની કોશીશ કરે છે. સંસ્કારોની એવી રીતે મનની એકાગ્રતા-શક્તિ (સત્તા) છે. તેથી જે સમાધિની વાત અત્યાર સુધીમા કહેવામા આવી છે, તેનો અભ્યાસ કરવો વિશેષ આવશ્યક છે; કારણ કે તેનામા એ સંસ્કારોને (ઉઠી આવતા) અટકાવવાની શક્તિ છે. એવી સમાધિના અભ્યાસદ્વારા જે સંસ્કાર ઉઠી આવશે, તે એટલા પ્રબળ થશે કે, બીજા સંસ્કારોનું કાર્ય બંધ કરીને (અટકાવીને) તેઓને વશમા કરી રાખશે.

तस्यापि निरोधे सर्वनिरोधान्निर्बीजः समाधिः ॥५१॥

સૂત્રાર્થઃ—તેનો (એટલે જે સંસ્કાર બીજા સર્વ સંસ્કારોને અવરુદ્ધ કરે છે-રોકે છે તેનો) પણ અવરોધ કરી શકવાથી નિર્બીજ સમાધિ થઈ આવે છે.

વ્યાખ્યાઃ—તમને અવશ્ય યાદ હશે કે, આપણા જીવનનું સર્વોપરી લક્ષ્ય એ છે કે, આત્માની સાક્ષાત પ્રાપ્તિ કરવી. (પણ) આપણે આત્માની પ્રાપ્તિ કરી શકતા નથી, કારણ કે, તે પ્રકૃતિ, મન અને શરીરની સાથે મિશ્રિત

થઈ પડ્યો છે. અત્યંત અજ્ઞાની પોતાના દેહનેજ આત્મા તરીકે ધારે છે તેના કરતાં કંઈક ઉન્નત લોકો મનનેજ આત્મા તરીકે માને છે, પરંતુ તે બન્ને ભ્રમમાં પડ્યા છે. આત્મા એ બધી ઉપાધિઓની સાથે મિશ્રિત થાય કેમ? ચિત્તમાં એવા નાના પ્રકારના તરંગો ઉઠીને આત્માને આવૃત્ત કરે છે, તે તરંગોની અંદર થઈનેજ આપણે આત્માનું કિંચિત પ્રતિબિમ્બ માત્ર દેખવા પામીએ છીએ. જો કોઈ વૃત્તિરૂપ પ્રવાહ ઉછળી ઉઠે, તો આપણે આત્માને ક્રોધયુક્ત અવલોકન કરીએ. અને કહેતા રહીએ કે, હું રોષ (ક્રુદ્ધ) થયો છું. જો પ્રેમનો એક તરંગ ચિત્તમાં ઉઠી આવે, તો તે તરંગમાં પોતાને પ્રતિબિમ્બિત જોઈને ધારીએ કે, હું સુખી છું. જો દુર્બળતારૂપ વૃત્તિ આવીને ઉદિત થાય, તો તેમાં પોતાને પ્રતિબિમ્બિત કરીને ધારીએ કે, હું દુર્બળ છું. આ બધા ભિન્ન ભિન્ન ભાવો નાના પ્રકારના પૂર્વ સંસ્કારોમાંથી ઉઠી આવીને આત્માના સ્વરૂપને આવરણ કરે છે,—જ્યાં સુધી આત્માનું પ્રકૃત સ્વરૂપ જોવામાં આવશે નહિ. જ્યાં સુધી ચિત્ત સરોવરમાં એક પણ પ્રવાહ છે, ત્યાં સુધી 'સર્વ પ્રવાહ નિવૃત્ત શાંત થઈ જતા નથી, ત્યાં સુધી આત્માનું પ્રકૃત સ્વરૂપ કદિપણ પ્રકાશિત થશે નહિ; આ કારણથીજ ભગવાન પતંજલિએ પ્રથમ એ પ્રવાહ સ્વરૂપ વૃત્તિઓ શું અવશ્ય કઈ તે જણાવીને, પછી તેઓને દમન કરવાના સર્વ શ્રેષ્ઠ ઉપાયની શિક્ષા આપી છે;—અને ત્યારપછી એઓ ચિ-

દા આવી છે કે, એક પ્રવાહને એટલો બધો પ્રબળ કરવો જોઈએ કે, જેથી બીજા તરંગો બિલકુલ ગુમ થઈ જાય-જેમ મોટું મોજું આવતાં દબાવે, અગ્નિના નાના તણખાઓનો ગ્રાસ કરે છે તેમ—બાકી ફક્ત એકજ પ્રવાહ બાકી રહેશે. એમ થયાથી તને (તે પ્રવાહને) પણ નિવારવું હશે, સહજ થઈ પડશે, અને એ તરંગ પણ આટકી ગયાથી તે સમાધિ નિર્વિકલ્પ થઈ રહેશે. પછી બીજું કંઈ પણ રહેશે નહિ, આત્મા પોતાના સ્વરૂપમાં, પોતાના મહિમામાં અવસ્થિત થશે ત્યારેજ આપણે જાણી શકીશું કે, આત્મા મિશ્ર પદાર્થ નથી, એજ જગતમાં એકમાત્ર નિત્ય અમિશ્ર પદાર્થ છે, તેથી તેનો જન્મ પણ નથી, મૃત્યુ પણ નથી—તે અમર, અવિનશ્વર નિત્ય-ચૈતન્ય-સત્તા સ્વરૂપ છે.



થઈ પડેલો છે અત્યન્ત અજ્ઞાની પોતાના દેહનેજ આત્મા તરીકે માને છે તેના કરતાં કંઈક ઉત્તમ લોકો મનનેજ આત્મા તરીકે માને છ, પરંતુ તે બન્ને ભ્રમમાં પડ્યા છે આત્મા એ બધી ઉપાધિઓની સાથે મિશ્રિત થાય કેમ! ચિત્તમાં એવા નાના પ્રકારના તરંગો ઉઠીને આત્માને આવૃત કરે છે. તે તરંગોની અંદર થઈનેજ આપણે આત્માનું કિંચિત પ્રતિબિમ્બ માત્ર દેખવા પામીએ છીએ. જો ક્રોધ વૃત્તિરૂપ પ્રવાહ ઉછળી ઉઠે, તો આપણે આત્માને ક્રોધયુક્ત અવલોકન કરીએ, અને કહેતા રહીએ કે, હું રોષ (ક્રુદ્ધ) થયેલું જો પ્રેમનો એક તરંગ ચિત્તમાં ઉઠી આવે, તો તે તરંગમા પોતાને પ્રતિબિમ્બિત જોઈને ધારીએ કે, હું પ્રેમી છુ જો દુર્બલતારૂપ વૃત્તિ આવીને ઉદિત થાય, તો તેમાં પોતાને પ્રતિબિમ્બિત કરીને ધારીએ કે, હુ દુર્બળ છું. આ બધા ભિન્ન ભિન્ન ભાવો નાના પ્રકારના પૂર્વ સંસ્કારોમાંથી ઉઠી આવીને આત્માના સ્વરૂપને આવરણ કરે છે,—જ્યાં સુધી આત્માનું પ્રકૃત સ્વરૂપ જોવામા આવશે નહિ. જ્યાં સુધી ચિત્ત સરોવરમા એક પણ પ્રવાહ છે, ત્યાં સુધી 'સર્વ પ્રવાહ બિલકુલ શાંત થઈ જતા નથી, ત્યાં સુધી આત્માનું પ્રકૃત સ્વરૂપ કદિપણ પ્રકાશિત થશે નહિ; આ કારણથીજ ભગવાન પતંજલિએ પ્રથમ એ પ્રવાહ સ્વરૂપ વૃત્તિઓનું આખ્યા કરી તે જણાવીને, પછી તેઓને દમન કરવાના સર્વ શ્રેષ્ઠ ઉપાયની શિક્ષા આપી છે;—અને ત્યારપછી ગૌણી શિ-

દશા આપી છે કે, એક પ્રત્યયને એટલો બધો પ્રબળ કરવો જોઈએ કે, જેથી બીજા તરંગો બિલકુલ લુપ્ત થઈ જાય-જેમ એક મોટો આવેગ આવે, અગ્નિના નાના તણખાઓનો નાશ કરે છે તેના-પ્રકાર પછી માત્ર એકજ પ્રવાહ બાકી રહેશે. એમ થયા પછી એને (તે પ્રત્યયને) પણ નિવારવું એ સહજ થઈ પડશે, અને એમ કરતાં પણ આવ્યો ગયા પછી તે સમાધિ નિર્વિકલ્પ બનતાં રહેતો પણ બીજું કંઈ પણ રહેશે નહિ, આત્મા પોતાના સ્વરૂપમાં, પોતાના મહિમામાં અવસ્થિત થશે ત્યારેજ આપણે જાણી શકીશું કે, આત્મા મિશ્ર પદાર્થ નથી, એજ જગતમાં એકમાત્ર નિત્ય અમિશ્ર પદાર્થ છે, તેથી તેનો જન્મ પણ નથી, મૃત્યુ પણ નથી—તે અમર, અવિનશ્વર નિત્ય-ચૈતન્ય-સત્તા સ્વરૂપ છે



॥ अध्याय बीजो ॥

॥ साधन-पाद ॥

तपः स्वाध्यायेश्वरप्रणिधानानि क्रियायोगः ॥ १ ॥

સૂત્રાર્થઃ—તપસ્યા, અધ્યાત્મ-શાસ્ત્ર-પાઠ અને ઈશ્વરમાં સમુદય કર્મ-ફળ સમર્પણને ક્રિયાયોગ કહે છે.

વ્યાખ્યાઃ—પૂર્વ અધ્યાયમાં જે સકળ સમાધિની વાત કહેવામાં આવી છે, તે પ્રાપ્ત કરવી અતિ દુર્ઘટ (મુશ્કેલ-અસાધ્ય) છે. અને સારુ આપણે અલ્પે અલ્પે અભ્યાસ કરવો જોઈએ. એના પ્રથમ પગથિયાને ક્રિયાયોગ કહે છે. આ ક્રિયાયોગ શબ્દનો શબ્દાર્થ-કર્મદ્વારાએ યોજના કરવી. અ અસર થવું આપણી ઇન્દ્રિયો જાણે અશ્વસ્વરૂપ છે, અને તેના પ્રગ્રહ (રાશ અથવા લગામ) રૂપ, બુદ્ધિ સારથિ, અને મન તે રથનો આગેડી (બેસનાર), અને આ શરીર રથ સ્વરૂપ છે. મનુષ્યનો આત્મા, જે ગૃહસ્વામી, તે ગાડીસ્વાર આ રથમાં બેઠેલો છે. જો ઘોડાઓ અતિશય પ્રબળ હોય લગામ કબજામાં રહેતા ચલાવ્યા ના હોય, અને જો બુદ્ધિ

રૂપ સારથિ એ ઘોડાઓને કેવી રીતે કબજામાં રાખવા જોઇએ, તે જાણતો ના હોય, તો એ રથ મહા વિપત્તિમાં આવી પડવાનો પરાત્નુ (બીજી રીતે-એથી ઉલટું) જો ઇન્દ્રિયરૂપ અશ્વો ઉત્તમ રીતે કબજે રહે, અને મનરૂપ રાશ બુદ્ધિરૂપ સારથીના હાથમાં દૃઢરીતે ઝાલેલી રહે, તો એ રથ બરાબર તેના ગન્તવ્ય સ્થાને પહોંચી શકે હવે એ તપસ્યા શબ્દનો અર્થ શો, તે સમજવામાં આવશે તપસ્યા શબ્દનો અર્થ-આ શરીર અને મનને શાસન કરવાને સમયે ખૂબ દૃઢ ભાવે લગામ અથવા રાશ પકડી રહેવી, અને શરીરને તેની ઇચ્છા પ્રમાણે કાર્ય કરવા ના દેતાં પોતાના વશમાં રાખવું, ત્યારપછી, પાઠ અથવા સ્વાધ્યાય-અહિં પાઠનો અર્થ શો સમજવો જોઇએ? નાટક, વાર્તા કે કહાણીના પુસ્તકનો પાઠ નથી-(પણ) જે ગ્રંથોમાં આત્માની મુક્તિ શાથી થાય, તેનો ઉપદેશ આપેલો હોય, તે ગ્રંથોનો પાઠ. વળી સ્વાધ્યાય કહ્યાથી તર્ક અથવા વિચારાત્મક પુસ્તકનો પાઠ સમજવો જોઇએ નહિ. એ વાત સમજવી જોઇએ કે, જે યોગી છે, તે વિચારાદિ કરીને તૃપ્ત થયેલો છે; હવે તેને વિચારમાં રુચિ નથી. તે પાઠ કરે છે, કેવળ તેની ધારણાઓ દૃઢ કરવાને કારણ બે પ્રકારનાં શાસ્ત્રીય જ્ઞાન છે; એક પ્રકારનું નામ વાદ (જે તર્ક, યુક્તિ અને વિચારાત્મક) છે, અને બીજાનું નામ સિદ્ધાન્ત (મીમાંસાત્મક). અજ્ઞાના વસ્થામાં લોકો પ્રથમોક્ત પ્રકારના શાસ્ત્રીય જ્ઞાનના અનુ-

•

શોધનમાં પ્રવૃત્ત થાય છે, તે તર્કપુષ્કરસ્વરૂપ છે-પ્રત્યેક વસ્તુની સર્વ દિશાઓ જોઈને વિચાર કરો; એ વિચાર પૂર્ણ થયાથી તે એક મીમાંસામાં જઈ પહોંચે (ઠરી પડે છે) પરંતુ એકલા સિદ્ધાન્તમાં જઈ પહોંચવાથી ચાલશે નહિ. એવા સિદ્ધાન્તના વિષયમાં મનની ધારણા પ્રગાઢ કરવી જોઈએ. શાસ્ત્ર અનન્ત અને સમય અલ્પ (થોડો) છે, વાસ્તે જ્ઞાન પ્રાપ્તિની શુભ ચતુરાઈ એ કે, સઘળી વસ્તુનો સાર ગ્રહણ કરવો જોઈએ એવો સાર ભાગ લઈને તે ઉપદેશ પ્રમાણે જીવન ગાળવાની કોશીશ કરો. ભરતખંડમાં પ્રાચીન કાળથી એક ઉપમા ચાલુ છે, તે એ કે, જો તમે કોઈ હંસના મ્હોં આગળ જળ મિશ્રિત દુધનું એક પાત્ર ધરો તો તે (હંસ) તેમાંનું તમામ દુધ પી જશે, અને પાણી પડ્યું રહેવા દેશે. આ પ્રમાણે આપણે જ્ઞાનનો જેટલો પ્રયોજનીય ભાગ હોય, તે ગ્રહણ કરી, અસાર ભાગને કાઢી નાખવો (તજી દેવો) જોઈએ. પ્રથમ અવસ્થામાં આવી બુદ્ધિની પરિચાલનાની આવશ્યકતા પડે છે અન્યથા કંઇ પણ ગ્રહણ કર્યાથી ચાલશે નહિ. તો પણ જે યોગી છે, એવા તર્ક બુદ્ધિની અવસ્થા અતિક્રમ કરીને એક પર્વતવત્ અચળ દઢ સિદ્ધાન્તમાં જઈ પહોંચેલો છે તે લોકોએ તેનો એક માત્ર ઉદ્દેશ એ હોય છે કે, જે સિદ્ધાન્તમાં દઢ પ્રતીતિ થયું. તે કહે છે, વિચાર કરશો નહિ; જો કોઈ જોર કરીને તમારી પાસે તર્ક કરાવવા આવે છે, તો તમે તર્ક નહિ કરતાં ચુપ થઈ રહો.

શો. કોઇ તર્કનો ઉત્તર આપ્યા વિના પોતાના આત્મામાં રહેવું. કારણ તર્કના દ્વારા માત્ર મન ચપળ થાય છે એટલુંજ કેવળ બુદ્ધિને સતેજ કરી એજ એક તર્કનું પ્રયોજન હતું. તે જ્યારે પાર પડી ગયું, ત્યારે પછી મનને વ્યર્થ ચપળ કરવાનું પ્રયોજન શું? બુદ્ધિ એક દર્પણ જેવું માત્ર છે તે આપણને ઇન્દ્રિયોની મતીના ભિન્નત્વનું જ્ઞાન માત્ર આપી શકે છે યોગીનો ઉદ્દેશ એ હોય છે કે, ઇન્દ્રિયાતીત પ્રદેશમાં જવું. તેથી પછી બુદ્ધિના સાધનનું તેના પછી કાંઈ પ્રયોજન રહેતું નથી. આ વિષયમાં તે દૃઢ નિશ્ચયવાળો થયેલો હોવાથી, તે પછી તર્ક કરતો નથી. કારણ કે, તર્ક કરવા જવાથી મન આજે સમતાચ્યુત થઈ પડે છે, ચિત્તમાં તરંગો ઉત્પન્ન થઈ આવે છે, અને ચિત્તની એવી અવસ્થા તો પછી ચિત્ત મન જે એવા સર્વ તર્ક, બુદ્ધિ અથવા વિચાર દ્વારા જાણવું પણ એ કેવળ પ્રથમ શિક્ષાર્થીને માટે જ, એના કરતાં પણ વિશેષ ઉન્નત તત્ત્વે રહેલા છે સાંખ્ય જ્ઞાન કેવળ શિક્ષણાર્થ શિક્ષાર્થીઓ વિરુદ્ધ અંદર વિચારમાત્ર ગુપ્ત રહેલ જાણવું નથી. ઈશ્વરમાં કર્મોના અર્પણ, આથ કર્મોના ગ્રહણ સહ પોતે કોઇ પ્રકારની પ્રશંસા યા નિંદા ન કરે. એજ એ બન્નેને ઈશ્વરમાં (ઈશ્વરને) સમર્પણ કરી પોતે શાન્તિમાં રહેવું, એવો સમજાય છે.

समाधि-भावनार्थः क्लेशतनूकरणार्थश्च ॥ २ ॥

સૂત્રાર્થઃ—એ ક્રિયા યોગનું પ્રયોજન એ કે, સમાધિના અભ્યાસની મગરૂર પ્રાપ્ત કરવી. અને ક્લેશજનક વિઘ્નોને કમી કરવાં.

વ્યાખ્યાઃ—આપણે ચંચળ મનને પકડી આસક્ત જેવું કરી નાખીએ છીએ તે જે અદ્દલ છે તે આપીએ છીએ, તેથી પૂર્વે જે તપસ્યાની વાત કહેવામાં આવી છે, તેનો સર્વદા અભ્યાસ આવશ્યક છે. કે જેથી કરીને મનને સેવન કરી પોતાને વશ કરવામાં આવે આવા સંયમના અભાવથીજ યોગીને મન વિઘ્નો ઊભાં આવે છે. એને કેવળ પૂર્વોક્ત નાના પ્રકારના ઉપચારો તેને પોતાનું કાર્ય કરવાના હેતુને પ્રથમ કરીનેજ નિવારણ કરી શકાય.

अविद्यास्मितारागद्वेषाभिनिवेशाः पंच क्लेशाः ॥ ३॥

સૂત્રાર્થઃ—અવિદ્યા, અસ્મિતા, રાગ, દ્વેષ અને અભિનિવેશ, એએજ ક્લેશ.

વ્યાખ્યાઃ—આજ પાંચ ક્લેશ છે, તેએજ પંચબંધન સ્વરૂપે આપણને આ સંસારમા બદ્ધ કરી રાખે છે. અવસ્થા અવિદ્યાજ બાકીના સર્વેની જનની સ્વરૂપ છે. એ અવિદ્યાજ આપણા દુ:ખનું એક માત્ર કારણ છે. બીજા કોની તાકાત છે કે, આપણને એવા દુ:ખમાં રાખે ? આત્મા નિત્ય આનંદ સ્વરૂપ છે, તેને અજ્ઞાન, ભ્રમ, માયા વિના બીજા શેનાથી દુ:ખી કરી શકે ? આત્માનું આ સમુદય દુ:ખજ કેવળ ભ્રમ માત્ર છે.

अविद्या क्षेत्रमुत्तरेषां प्रसुप्ततनुविच्छिन्नोदाराणाम्॥४॥

સૂત્રાર્થ:—અવિદ્યાજ આ પશ્ચાદુક્ત સમુદયના ઉત્પાદક ક્ષેત્ર સ્વરૂપ છે તેઓ કદિ લીન ભાવે, કદિ સૂક્ષ્મ ભાવે, કદિ અન્ય વૃત્તિદ્વારા વિચ્છિન્ન એટલે અભિભૂત થઈ, કદિ પ્રકાશ પણ થાય છે.

વ્યાખ્યા:—કેવળ સંસ્કારજ એનું કારણ છે, અને એ સંસ્કારો ભિન્ન ભિન્ન પરિમાણે માણસના મનમાં અવસ્થિત કરી રહે છે પ્રથમ તેઓ પ્રસુપ્ત ભાવે રહે છે, તેઓની વાત વિચારી જુઓ અનેકવાર તમારા સાંભળવામાં આવે છે કે, "બાળકના જેવો નિર્દોષ અથવા નિસ્પૃહ"—પરંતુ તેવા બાળકની અંદર પણ હજારો દેવતાઓનો કે અસુરનો ભાવ રહેલો છે એ ભાવ ક્રમે ક્રમે પ્રકટ થશે. યોગીના હૃદયમાં આ પૂર્વ સંસ્કારો તનુ–ભાવે રહે છે એનું તાત્પર્ય એ કે, તેઓ ખૂબ સૂક્ષ્મ અવસ્થામાં રહે છે, અને તે તેઓને દમન કરીને રાખી શકે છે તેઓને વ્યક્ત થવા ના દેવાની તેનામાં શક્તિ છે વિચ્છિન્નનો અર્થ એવો કે, કેટલાક સંસ્કારો બીજા કેટલાક સંસ્કારોને કંઈક (થોડા) સમયને સારૂ આચ્છન્ન કરી રાખે છે પરંતુ જ્યારે એ આચ્છન્નકારી કારણો ખસ્યા જાય છે, ત્યારે પાછા તેઓ પ્રકટ થઈ પડે છે. શેષ અથવા ઉંચી અવસ્થાનું નામ ઉદાર. એ અવસ્થામાં સંસ્કારો ઉપયુક્ત સહાયતા પામીને શુભ વા અશુભરૂપે ખૂબ પ્રબલ ભાવથી કાર્ય કરતા રહે છે.

अनित्याशुचिदुःखानात्मसु नित्यशुचिसुखात्मख्यातिरविद्या ॥ ५ ॥

સૂત્રાર્થ—અનિત્ય, અપવિત્ર, દુઃખકારી અને આત્મા ભિન્ન પદાર્થમાં નિત્ય, શુચિ, સુખકારી અને આત્મા તરીકે જે ભ્રમ થાય છે, તેનેજ અવિદ્યા કહે છે.

વ્યાખ્યા:—આ સર્વ ગરબડોનું એક માત્ર કારણ અવિદ્યા છે (તેથી) પ્રથમ આપણે જાણવું જોઈએ કે, એ અજ્ઞાન શું ? આપણે સૌ એમ માનીએ કે, "હું શરીર છું," શુદ્ધ જ્યોતિર્મય નિત્ય આનન્દ સ્વરૂપ આત્મા નથી, એજ અજ્ઞાન આપણે માનુષને શરીર તરીકે ધારીએ, અને તેને શરીરજ દેખીએ, એજ મહા ભ્રમ.

दृग्दर्शनशक्त्योरेकात्मतेवास्मिता ॥ ६ ॥

સૂત્રાર્થ—દ્રષ્ટા અને દર્શન શક્તિનો એકી ભાવજ અસ્મિતા.

વ્યાખ્યા:—આત્માજ યથાર્થ દ્રષ્ટા છે, તે શુદ્ધ, નિત્ય પવિત્ર, અનન્ત અને અમર છે. વળી એનાં ઓજારો કયાં કયાં છે ? ચિત્ત અથવા મનોગતિ, બુદ્ધિ એટલે નિશ્ચયાત્મક શક્તિ, મન અને ઇન્દ્રિયો, એ સર્વ એનાં ઓજાર છે જેના વડે જગત્ દેખાડે છે તેઓ તેના ઉપર રહ્યા

છે, અને જ્યારે એજ આત્માની સાથે એક તરીકે ગણાય છે, ત્યારે તેને અસ્મિતા અથવા અહંરૂપ અજ્ઞાન કહે છે આપણે કહીએ કે "હું સિતમંત, " "હું રૂપાળો છું, અથવા હું સુખી છું " પરન્તુ વાત એ છે કે, કેવી રીતે આપણે રૂપ થયા છીએ અથવા આપણે કોના ગુણ કરીએ છીએ? આત્માની સાથે ન બની શકે એવા ભાવ વાળા કરી નાખવા જોઇએ તે તો કદિ પરિણામને પામતો નથી (હવે) આત્મા જો અપરિણામી હોય, તો તે કેવા રીતે ઘડીમાં સુખી અને ઘડીમાં દુઃખી થઇ શકે? તે તો નિરાકાર અનન્ત અને સર્વ વ્યાપી છે કોણ એને પરિણામ પ્રાપ્ત કરાવી શકે? તે (આત્મા) સર્વ પ્રકારના નિયમોના અતીત છે કેનાથી તેને વિકૃત કરી શકાય? જગત્માં કોઇ પણ એના ઉપર કોઇ કાર્ય કરી શકે નહિ તથાપિ આપણે અજ્ઞાનને લીધે પોતાને મન:રૂપ તરીકે ધારીએ છીએ અને સુખ અથવા દુઃખ અનુભવ કરીએ છીએ, એમ ધારીએ છીએ.

सुखानुशयी रागः ॥ ७ ॥

સૂત્રાર્થ.—જે મનોવૃત્તિ કેવળ સુખકર પદાર્થોના ઉપર રહેવાને ચહાય, તેને રાગ કહે છે

વ્યાખ્યા:—આપણે કોઈ કોઇ વિષયમાં સુખ પામીએ છીએ; અને જેનાથી આપણે સુખ પામીએ છીએ, તેના તરફ મન એક પ્રવાહની પેઠે પ્રવાહિત થઇ રહે છે સુખ-કેના તરફ ધસી જતા આપણા એ મનના પ્રવાહનેજ રાગ

અથવા આસક્તિ કહે છે. જેનાથી આપણને સુખના મળે એવા કોઈ પણ વિષયમાં કદિ આકૃષ્ટ થઈએ નહિ. અને સમગ્રે આપણે નાના પ્રકારના અદ્ભુત બનાવોથી સુખ પામીએ છીએ, તેનાથી પણ રાગનું જે લક્ષણ આપવામાં (જણાવવામા) આવ્યુ, તે સર્વત્ર લાગુ પડે છે. આપણે જ્યા સુખ પામીએ ત્યાજ આકૃષ્ટ થઇ રહીએ છીએ.

दुःखानुशयी द्वेषः ॥ ८ ॥

સૂત્રાર્થ—દુખકર પદાર્થમાં અંતઃકરણની દુઃખજનિત વૃત્તિ વિશેષને દ્વેષ કહે છે.

વ્યાખ્યાઃ—આપણે જેનાથી દુઃખ પામીએ છીએ, તેને તરતજ ત્યાગ કરવાની કોશીશ કરીએ છીએ.

स्वरसवाही विदुषोऽपि तथारूढोऽभिनिवेशः ॥ ९

સૂત્રાર્થઃ—જે વાસનાના સસ્કારરૂપ પોતાના સ્વભાવની અંદર થઇને પ્રવાહિત છે, તથા જે પંડિત પુરુષમાં પણ પ્રતિષ્ઠિત છે, તેજ અભિનિવેશ એટલે જીવનમાં મમતા છે.

વ્યાખ્યાઃ—આ જીવનમા મમતા પ્રત્યેક જીવમાં પ્રકાશિત જોવામાં આવે છે, એના ઉપર અનેક પરકાળ સંબંધી મત સ્થાપન કરવાની કોશીશ થઈ છે, કારણકે લોકો આ જીવનને એટલુ બધુ ચાહાય છે કે, તેઓ બીજા એક ભવિષ્યત જીવનની પણ આકાંક્ષા કરતા રહે છે. અવશ્ય, એ

કહેવું તો આવશ્યક છે કે, આ યુક્તિનું વિશેષ કંઈ મૂલ્ય નથી-તોપણ એમાં એટલો આશ્ચર્યકારક બનાવ જોવામાં આવે છે કે, પાશ્ચાત્ય દેશસમૂહમાં આ જીવનમાં મમતામાંથી પરલોકનું સમ્ભવિતપણું જે સૂચિત રૂપ છે, તે તેઓના મતે, કેવળ મનુષ્યના પક્ષેજ લાગુ પડે છે, પરન્તુ જન્તુના પક્ષે નહિ. ભરત ખંડમાં, આ જીવનમાં મમતા, પૂર્વ સંસ્કાર અને પૂર્વ જીવન પ્રમાણ કરવાની એક યુક્તિ સ્વરૂપ થઈ છે. ધારો કે, જો સમુદય જ્ઞાન આપણને પ્રત્યક્ષ અનુભૂતિમાંથી પ્રાપ્ત થતું રહે છે, તોપણ એ નિશ્ચય કે, જે આપણે કદિ પ્રત્યક્ષ અનુભવ્યું નથી, તેની કદિ કલ્પના પણ કરી શકીએ નહિ, અથવા સમજી પણ શકીએ નહિ. કૂકડીનાં બચ્ચાં ઈંડામાંથી બહાર નીકળતાજ ખોરાક ખોતરી (ખોળી) ખાવાનો આરમ્ભ કરે છે. અનેક સમયે એમ જોવામાં આવ્યું છે કે, જ્યારે કૂકડીએ હંસના ઈંડાં સેવીને કોર્યાં છે, ત્યારે હંસના બચ્ચાં ઈંડામાંથી બહાર નીકળતાજ જળમાં ચાલ્યાં ગયાં છે; તેની માએ (સેવનારી કૂકડીએ) ધાર્યું કે, બચ્ચાં જળમાં ડુબી મૂઆં લાગે છે જો પ્રત્યક્ષ જ્ઞાનજ જ્ઞાનનો એકમાત્ર ઉપાય હોય, તો કૂકડીના બચ્ચાં ખોરાક ખોતરી ખાવાનું ક્યાંથી શીખ્યાં? અથવા પેલાં હંસનાં બચ્ચાં જળ તેઓનું સ્વાભાવિક સ્થાન છે, એમ શી રીતે જાણી શક્યાં? જો તમે એમ કહો કે, એ સહજાત જ્ઞાન (અંગજ્ઞાન) (instinct) માત્ર છે, તો તેનાથી

ભૂતિનું ફલ છે કૂતરાં, બાજ અથવા શકરાથી બીહે છે, અને હંસના બચ્ચાં પાણીને બહુ ચહાય છે, એ સર્વે પૂર્વ પ્રત્યક્ષાનુભૂતિના ફળ સ્વરૂપ છે અહિં એવો પ્રશ્ન થાય છે કે, આ અનુભૂતિ કોઈ જીવાત્માની કે માત્ર શરીરની? હંસ હમણાં જે અનુભવે છે, તે કેવળ એ હંસના પૂર્વજો-ની અનુભૂતિમાંથી આવ્યું છે, કે તે હંસની પોતાની પ્રત્ય-ક્ષાનુભૂતિ છે. વર્તમાનકાળના વૈજ્ઞાનિકો કહે છે, એ કેવળ તેના શરીરનો ધર્મ છે. પરંતુ યોગીઓ કહે છે કે, એ મનની અનુભૂતિ છે. શરીરની અંદર થઈને માત્ર સંચા-લિત થાય છે, આને જ પુનર્જન્મ-વાદ કહે છે. પાછળ આપણે જોયું છે કે, આપણું સમુદયજ્ઞાન, તેઓને પ્રત્યક્ષ, વિચારજનિતજ્ઞાન અથવા સહજજ્ઞાન કહીએ, તે સર્વે પૂર્વ-જીવનની અનુભૂતિના ફળ સ્વરૂપ છે તે હવે અત્યન્ત ઘસા-વાળું થઈ સહજજ્ઞાનરૂપ બની ગયું છે ને સહજજ્ઞાન પાછું વિચારજનિત જ્ઞાનરૂપે પુનરદ્ભુત થતું રહે છે. સર્વે જગતની અંદર આ કાર્યભાગ ચાલે છે એના ઉપર જ ભ-રતખંડમાં પુનર્જન્મવાદની એક મુખ્ય યુક્તિ સ્થપિત થઈ છે. પૂર્વાનુભૂત અનેક જન્મના સંસ્કાર કાળે કરીને આ જીવ-નની મમતારૂપ બન્યા છે આ કારણથીજ બાળક છેક બાળપણથીજ આપોઆપ ભય પામતું રહે છે, કારણ તેના કર્મનો પૂર્વ સંસ્કાર રહેલો છે અતિશય વિદ્વાનજનોમાંથી જેઓ કહે છે, કે આ શરીર ચાલ્યું જશે, જેઓ કહે છે

છે, આત્માનું અણુ નથી, આત્મા એટલે શરીર કહેવું કે પાણીનો અણુ એ છે? તેઓની અંદર પણ, તેઓની અંદર ચિત્ત-વૃત્તિ જેમ આ જ્યાં પણ, આપણે એ જ્ઞાનમાં ફક્ત મમતા જેવા માનીએ છીએ એ જ્ઞાનમાં સમાય છે! આપણે જેવું જે છે, તે આપણી અનુભવ સ્મૃતિઓ થઈ છે. જેઓની ઉત્પત્તિ આપણે તેઓ સૂક્ષ્મ રૂપે બની ગઈ છે, એમ કહેવાય. આ સંસ્કારો સૂક્ષ્મ અથવા શુભ થઈ ચિત્તની અંદર જાણે નિદ્રિત રહેલ છે. આ સર્વ પૂર્વ જન્મની અનુભૂતિઓ, જેઓને આપણે સૂક્ષ્મ અનુસંધાન કરીએ છીએ–તેઓ જાણે જ્ઞાનની નિમ્ન ભૂમિએ જઈ પહોંચેલી છે તેઓ ચિત્તમાં જ વાસ કરે છે, અને નિષ્ક્રિય થઈને રહે છે, તેમ નથી. તેઓ ચિત્તમાં સ્થિત, રમાં કાર્ય કરે છે, આ ચિત્તવૃત્તિઓ એટલે જેઓ સ્થૂળભાવે પ્રકાશિત રહેલી છે, તેઓને આપણે સારી રીતે સમજી શકીએ છીએ અને અનુભવી શકીએ છીએ; તેઓને સહેજમાં દમન કરી શકાય, પરન્તુ એ સર્વ સૂક્ષ્મતર સંસ્કાર રૂપી વૃત્તિઓ શી રીતે દમન થવાની? તેઓને દમન કરવામાં આવે કેવી રીતે, ? જ્યારે હું સુખ શાન્તિ સારે મારું સમગ્ર મન જાણે એક મહા ક્રોધનો તરંગાકાર ધારણ કરે છે, હું તે અનુભવી શકું છું, એને જોઈ શકું છું, ... જાણે હાથે કરીને હલાવી શકું છું, સહેજમાં તેની સાથે જે મરજીમાં આવે તે કરી શકું છું, એની સાથે યુદ્ધ

કરી શકુછું. પરંતુ હું જો મનના અતિ ઊંડા પ્રદેશમાં જઈ નાશકું, તો કદિ પણ હું એ સંસ્કારના ભાવવાળી વૃત્તિયોની સાથે યુદ્ધ કરીને કૃતકાર્ય થઈ શકું નહિ. કોઈ માણસે વખતે મને કડક વચન કહ્યું, તો મને પણ એમ લાગવા માંડ્યું કે હું ગરમ થાઉંછું, તે બીજા પણ કડક વચનો કહેવા લાગ્યો, (તેથી) આખરે હું ક્રોધથી ઉન્મત્ત થઈ ઉઠ્યો, આત્મવિસ્મૃતિ થઈ (ભાન ભૂલ્યો), અને ક્રોધવૃત્તિની સાથે જાણે પોતાને શેળભેળ કરી નાખ્યો તેણે જ્યારે પ્રથમ મને કડવા વચન-કહેવા માંડ્યા હતા, ત્યારે પણ મને લાગતું હતું કે, મને ક્રોધ આવે છે. તે વેળાએ ક્રોધ એક અને હું એક, એમ પૃથક પૃથક હતા પરંતુ જ્યારે હું ક્રુદ્ધ થઈ ઉઠ્યો, ત્યારે હું પણ જાણે ક્રોધરૂપ બની ગયો આ વૃત્તિઓને મૂળમાંથીજ-તેમની સૂક્ષ્માવસ્થામાંથીજ ઉખેડી નાખવી (દૂર કરી દેવી) જોઇએ. જ્યારે આપણે સમજી શકીએ કે, તેઓ આપણા ઉપર કાર્ય કરેછે, તેના પહેલેથીજ તેઓને સયત કરવી જોઇએ જગતના ઘણાખરા લોકો આ વૃત્તિઓની સૂક્ષ્માવસ્થાનું અસ્તિત્વ સુધ્ધા જાણતા નથી સૂક્ષ્માવસ્થા કોને કહેવામાં આવે છે? જે અવસ્થામા એ વૃત્તિયો જાણે જ્ઞાનની નિમ્નભૂમિમાંથી થોડે થોડે કરીને ઉદય થાયછે, તેને સૂક્ષ્માવસ્થા કહેવાય. જ્યારે કોઈ સરોવરના તળિયેથી એક તરંગ ઉત્પન્ન થાયછે, ત્યારે આપણે તેને દેખતા

પામતા નથી. એકપુરૂષ કરું નથી. ઉપરના ભાગના (સપાટીના) છેકનાટકમાં આવે છે તો પણ આપણે તેને જ પામતા નથી (પરન્તુ) જ્યારે તેઓ ઉપર ઉછળી આવીને એક તરંગાકાર બને છે, ત્યારેજ આપણે જાણી શકીએ કે, એક તરંગ ઉઠ્યો (પણ) જ્યારે આપણે એ તરંગોની સૂક્ષ્મ અવસ્થામાંજ તેઓને પકડી શકીએ, ત્યારેજ આપણે તેઓને નિગ્રહ કરી શકીએ એવી રીતે જ્યાં સુધી આપણે એ ઇન્દ્રિય વૃત્તિઓ સ્થૂલ ભાવમાં બદલાઈ જવાના પૂર્વે તેઓની સૂક્ષ્માવસ્થામા તેઓને સંયમ કરી ના શકીએ, ત્યાંસુધી કોઇપણ વૃત્તિ પૂર્ણ રીતે સંયમ કરી શકીશું નહિ. ઇન્દ્રિય વૃત્તિઓને સંયમ કરવી હોય, તો અવશ્ય તેઓના મૂળમાં જઈને સંયમ કરવો જોઇએ ત્યારે-કેવળ ત્યારેજ આપણે તેના બીજ સુધ્ધાંને બાળી નાખી શકીશું; જેમ શેકેલું બીજ જમીનમાં નાખ્યાથી (વાવ્યાથી) પણ અંકુર થાય નહિ, તેમ એ ઇન્દ્રિયોની વૃત્તિ પાછી ઉદય થશે નહિ.

ते प्रतिप्रसवहेयाः सूक्ष्माः ॥ १० ॥

સૂત્રાર્થઃ—એવા સૂક્ષ્મ સંસ્કારોને વિપરીત વૃત્તિ ઉત્થાપન-ક્રમથી નાશ કરવા જોઇએ.

વ્યાખ્યાઃ—અહિં એવો વિચાર થાયછે કે, આ સંસ્કારોને શા ઉપાયથી નાશ કરાય ? પ્રથમ આપણે ઉચ્ચ

ઉચ્ચ (ઉપર ઉપરના) તરંગોથી આરંભ કરવો જોઇએ; તે પછી નિમ્નમા-ઉંડામાં-ઉતરવું જોઇએ ધારોકે, એક પ્રબળ ક્રોધનો તરંગ હૃદયમાં ઉઠી આવ્યો, તો તે વેળાએ શું કરીને તેનો નાશ કરવો જોઇએ ? એક પ્રબળ વિપરીત તરંગ ઉઠાવીને તે વખતે માયા મહોબત અથવા સ્નેહભાવ સબંધી વિચાર કરો કોઈ કોઈવાર એમ જોવામાં આવે છે કે, કોઇ માતા તેના પોતાના પતિ પ્રત્યે અતિશય ક્રુદ્ધ થયેલી છે, એવામાં તેનો પ્રિય બાળક આવીને તેની પાસે ઉભો રહ્યો, (તે જોઇ) તણે હેતભેર તે બાળકનું મુખ ચુમ્બન કર્યું, અને તરતજ તેના ક્રોધનો તરંગ કોણ જાણે કયાએ ચાલ્યો ગયો. બાળકના પ્રત્યેના સ્નેહભાવરૂપ નવો તરંગ ઉઠી આવ્યો, તેણેજ તેની પેલી પૂર્વ વૃત્તિને નાશ કરી દીધો, સ્નેહભાવ એ ક્રોધના વિરુદ્ધ વૃત્તિ છે; આવા કારણથી જ વિપરીત તરંગ ઉઠાવીને, આપણે જેમને ત્યાગ કરવાની ઇચ્છા કરીએ, તેઓને નાશ કરી શકીએ. ત્યાર પછી, જો આપણે આપણી અન્ત પ્રકૃતિમાં એવા સૂક્ષ્મ વિપરીત તરંગો ઉઠાવી શકીએ, તો જે ક્રોધ આપણી પ્રકૃતિના ગૂઢ પ્રદેશમાં છુપાઇ રહેલો છે, તે દમન થઈ જાય ચાલ્યાર હવે આપણે જોયું કે, અહિં જેઓ સરકારરૂપે પ્રકટી નીકળેછે, તેઓ આપણા પ્રયત્નજનિત પૂર્વ કર્મમાંથી ઉત્પન્ન થયેલા છે; અને અત્યારે ક્રમાગત સૂક્ષ્માનુસૂક્ષ્મ થઇ ગયા છે. તેથી એ નિશ્ચય છે કે, જો

આપણે પ્રયત્ન કરીને મનમાં સૂક્ષ્મ વૃત્તિઓને અટકાવી શકીએ, તો તેઓ પણ તેના (મનના) મૂળ પ્રદેશમાં જઈ સૂક્ષ્મરૂપે નાની જઈ અમસન નિવારણથી ઉપજેલા સાઠ રોગો અટકાવ કરવો.

ध्यानहेयास्तद्वृत्तयः ॥ ११॥

સૂત્રાર્થ:—ધ્યાનના દ્વારા તેઓની સ્થૂલાવસ્થા નાશ કરાય છે.

વ્યાખ્યા:—ધ્યાનજ એવા સકળ મહત્ તરંગોની ઉત્પત્તિ નિવારણ કરવાનો એક મુખ્ય ઉપાય છે. ધ્યાનથી મનના એવા વૃત્તિરૂપ સર્વ તરંગો લય પામશે. જો દિવસના પછી દિવસ, માસના પછી માસ, વરસના પછી વરસ, એવો ધ્યાનનો અભ્યાસ કરો, (જ્યાં સુધી તે તમારા સ્વભાવની અંદર મગ્ન થઇ રહે નહિ, જ્યાં સુધી તમે ઇચ્છા ના કરો તો પણ એ ધ્યાન આપો આપજ આવે નહિ) તો તેથી ક્રોધ, ઘૃણા વગેરે વૃત્તિઓ ચાલી જશે.

क्लेशमूलः कर्माशयो दृष्टादृष्टजन्मवेदनीयः ॥ १२ ॥

સૂત્રાર્થ:—પૂર્વોક્ત ક્લેશો, કર્મના આશયનું મૂળ છે; તેઓ વર્ત્તમાન અથવા હવે પછી જીવનમાં ફળ આપે છે.

વ્યાખ્યા:—કર્માશયનો અર્થ આ સંસ્કારોની સમષ્ટિ. જ્યારે કોઈ કાર્ય કરીએ કે તરતજ મન-સરોવરમાં

એક તરંગ ઉઠી આવે છે, (ત્યારે) આપણે એમ ધારીએ છીએ કે, એ કાર્ય પુરૂ થઇ જતાંજ તે તરંગ પણ ચાલ્યો જશે. પરંતુ વાસ્તવિક તેમ નથી તેણે માત્ર સૂક્ષ્મ આકાર ધારણ કર્યો છે, નહિ તો પછી પણ તે જ્યાંને ત્યાંજ રહેલો છે. જ્યારે પણ આપણે તેને યાદ કરવાનો યત્ન કરીએ છીએ, ત્યારે તે ફરીને ઉદય થઈ પાછો તરંગાકાર બની જાય છે તેથી જાણી શકાય છે કે, તે મનની અંદર ગૂઢ ભાવે હતો, જો ના હોત, તો યાદ અથવા સ્મૃતિ અસંભવિત થાત. વાસ્તે, પ્રત્યેક કાર્ય, પ્રત્યેક વિચાર, પછી તે શુભ હો કે અશુભ હો, મનના અતિ ઊંડા પ્રદેશમા જઇ સૂક્ષ્મ ભાવ ધારણ કરે છે, અને એ સ્થાનેજ સંચિત રહે છે એ સુખકર અથવા દુખકર વિચારોને ક્લેશજનક અંતરાય કહે છે, કારણ યોગીઓના મતે એ બંને પરિણામે દુખજ ઉત્પન્ન કરે છે ઇન્દ્રિયોથી જે પ્રમાણમા સુખ મળશે તેજ પ્રમાણમા તેઓ દુ:ખ લાવીજ મુકશે આપણું ગમે તેટલું સુખ કાં ના મળીયે, તો પણ આપણી સુખ-તૃષ્ણા ઓર વધતીજ જશે, (અને) તેનું ફળ ફક્ત ઓર દુખની વૃદ્ધિ છે મનુષ્યની વાસનાનો અંત નથી, તે ક્રમાગત વાસના કરે છે, અને વાસના કરતાં કરતા જ્યારે તે એક એવે સ્થાને જઇ પહોંચે છે કે, પછી કોઈ પણ રીતે તેની વાસના પૂર્ણ થાય નહિ, ત્યારે તેને દુઃખ ઉત્પન્ન થાય છે. આ કારણથીજ યોગીઓ શુ-

અશુભ સર્વ સંસ્કારોને ક્લેશજનક લેખ લેખ કરે છે, (કેમકે) તેઓ (સંસ્કારો) આત્માની મુક્તિના માર્ગમાં અંતરાય આણે છે. મનુષ્ય કર્મના સૂક્ષ્મ મૂળ સ્વરૂપ સંસ્કારો સબંધી પણ આમજ સમજવું જોઇએ. તેઓ ફળ રૂપ સ્વરૂપ થઇને આ જીવનમાં અથવા પરજીવનમાં ફળ ઉત્પન્ન કરે છે. વિશેષ વિશેષ ત્યારે એ સંસ્કારોના પ્રાબલ્યને લીધે તેઓ બહુજ જલદી ફળ ઉત્પન્ન કરે છે; અનુકૂળ પુણ્ય અથવા પાપ કર્મ આ જીવનમાંજ તેનું ફળ ઉત્પન્ન કરે છે. યોગીઓ વળી એમ પણ કહે છે કે, જે મહત્ મનુષ્યો આ જીવનમાંજ ખૂબ પ્રબળ શુભ સંસ્કાર ઉપાર્જન કરી શકે છે, તેઓના શરીર સુધા દેવ-શરીર બની જાય છે. યોગીઓના ગ્રન્થમાં એવા કેટલાક બનાવોની વાતો લખેલી છે. તેઓ પોતાના શરીરના ઉપાદાન સુધાંને ફેરવી નાખે છે. તેઓ પોતાની પેશીઓને (સ્નાયુઓને) એવા ભાવથી ફરીને ગોઠવી લે છે કે, પછી તેઓને કોઇ પીડા થતી નથી, અને આપણે જેને મૃત્યુ કહીએ છીએ, તે પણ તેઓના નજીક આવી શકતું નથી. આમ નહિ બનવાનું કંઇ કારણ નથી. શારીર વિધાન શાસ્ત્ર ખાદ્યનો અર્થ એવો કરે છે કે, સૂર્યમાંથી શક્તિ ગ્રહણ કરવી. એ શક્તિ પ્રથમ ઉદ્ભિદમાં પ્રવેશ કરે છે, તે ઉદ્ભિદને વળી કોઇ પશુ ખાય છે, અને માણસ વળી તે પશુનું માંસ ભક્ષણ કરે છે. આ બનાવને વૈજ્ઞાનિક ભાષામાં કહેતાં એમ કહેવું જોઇએ કે,

આપણે સૂર્યમાંથી કંઇક શક્તિ ગ્રહણ કરીને તેને પોતાના અંગીભૂત કરી લેઇએ છીએ. આ જો યથાર્થ હોય, તો પણ એ શક્તિ ગ્રહણ કરી લેવાનો જે એક માત્ર ઉપાય હશે, એમ કોણે કહ્યું ? આપણે જે રીતે શક્તિ ગ્રહણ કરીએ છીએ, તે રીતે ઉદ્ભિદ કરતા નથી, તે છતાં પણ સર્વે કોઇને કોઈ પણ રીતે શક્તિ સંગ્રહ કરતા રહે છે. યોગીઓ કહે છે, તેઓ કેવળ મન શક્તિના બળથીજ શક્તિ સંગ્રહ કરી શકે છે વળી તેઓ એમ પણ કહે છે કે, અમે સાધારણ ઉપાય અવલંબન ના કર્યા છતાં પણ, ઇચ્છામાં આવે તેટલી શક્તિ સંગ્રહ કરી શકીએ. કરોળિયો જેમ પોતાના શરીરમાથી તંતુ-વિસ્તાર કરીને આખરે એવો બદ્ધ થઇ પડે છે કે, તેને બહાર કયાંઇ પણ જવું હોય, તો તે તંતુનો આશરો લીધા વિના જઇ શકે નહિ, તેવી રીતે આપણે પણ આપણી મેળે સ્નાયુ-જાળ ઉત્પન્ન કરી છે, અને હવે તે સ્નાયુને અવલંબન કર્યા વિના કોઇ કાર્ય કરી શકતા નથી. યોગીઓ કહે છે, અમારે એમાં બદ્ધ રહેવાનું પ્રયોજન શું ? આ તત્ત્વ બીજા એક ઉદાહરણદ્વારા સમજાવી શકાય. આપણે પૃથ્વીપર ચારે તરફ વીજળિક શક્તિ પ્રેરણ કરી શકીએ છીએ, પરંતુ તે પ્રેરણ કરવાને સારુ આપણે તારની જરૂર પડે છે, અને પ્રકૃતિ તો વિના વિના તારે બહુ પરિમાણે શક્તિ પ્રેરણ કરે છે. કેમ ? આપણે જેને મન કહીએ છીએ, તે માત્ર તડિત્ ઉ-

ભિન્ન છે; કે જ્યાંની અંદર જે કોઇ મનુષ્ય
છે, તેમાં મને આગે વિદ્યુત શક્તિ છે, એમાં કરે
નથી. કારણ, વિદ્યુતની પેઠે એમાં પણ તે કેન્દ્ર છે,
શરીરના જે નાશ છે, તે સમે તેનામાં પણ એ
આવી જે આ પ્રાય એ શરીરના નાશનો તેણે સ્વ
ડાની અંદર મનને સંચિત કરી રાખીએ છીએ. (
સ્નાયુઓની મદદ લીધા વિના પણ આપણાથી તે
હિત કરવાને સમર્થ થવાય નહિ ? યોગીઓ કહે છે,
સહેલું મનાય છે, અને તેને કાંઇ નહિ ફેરી
કાય એમાં કૃતકાર્ય થવાથી તમે જગતની અંદર પણ
તાની એ શક્તિ પરિચાલન કરવાને સમર્થ થશો. પછી
કોઈ સ્નાયુ-નાની સહાય લીધા વિના પણ, જ્યાં
ત્યાં, જે શરીરના ઉપર ઇચ્છા કરો તે શરીરના ઉપર,
કરી શકશો જ્યારે કોઇ આત્મા એવા સ્નાયુ યથાર્થ
લીની અંદર શક્તિ-પ્રવાહીની માત્રને-કાર્ય કરે છે,
આપણે તેને જીવતો કહીએ છીએ અને એ થતો
થવાથી તેને મૃત કહીએ છીએ પરંતુ જે એ રીતે શ
ની સહાય લેઇને અથવા શરીરની સહાયની સ્પૃહા રા
વિના કાર્ય કરી શકે છે, તેના પક્ષે જન્મ અને મૃત્યુ
બને શબ્દનો કાંઇ અર્થજ નથી. જગતમાં ભિન્ન ભિન્ન
કારનાં શરીર છે, તે સર્વે તન્માત્રાદ્વારા રચાયેલાં છે,
તેઓના વિન્યાસની પ્રણાલીમા પ્રભેદ છે. જો તમે એ

ન્યાસના કર્તા થાઓ, તો તમારી ઇચ્છા પ્રમાણે એ તન્માત્રાઓનો વિન્યાસ કરી શકો. આ શરીર તમારા વિના બીજા કોણે નિર્માણ કર્યું છે? આહાર કરે છે કોણ? જો બીજો કોઈ એક જણ તમારા પેટને આહાર કરી આપત, તો તમે ઘણા દિવસ જમવાનું થાત નહિ. વળી એ ખાદ્યમાંથી રક્ત પણ ઉત્પન્ન કરે છે કોણ? જરૂર તમેજ. એ રક્ત ગ્રહણ કરીને ધમની, શિરા, પ્રશિરા આદિમાં પ્રવાહિત કરો છો. વળી ઉપર કહી તેવી સ્નાયુ-નસો અને પેશીઓ પણ કોણ નિર્માણ કરે છે? તમેજ પોતાની સત્તાથી તે નિર્માણ કરો છો. તમેજ પોતાનું શરીર નિર્માણ કરીને પોતેજ તેમાં વાસ કરોછો. માત્ર કેવી રીતે તે નિર્માણ કરવું જોઈએ, એ જ્ઞાન આપણે ખોઈ દીધું છે. આપણે યન્ત્રના જેવા અજ્ઞાત સ્વભાવવાળા થઈ પડ્યા છીએ. એ નિર્માણ-પ્રણાલી આપણે ભૂલી ગયા છીએ. તેથી હમણાં આપણે જે યન્ત્રની માફક કરીએ છીએ, તે પોતાની શક્તિના બળથી જ્ઞાનસારે (જાણીને-સમજીને-જ્ઞાનપૂર્વક) કરવું જોઈએ. આપણેજ સૃષ્ટિ-કર્તા (છીએ), તેથી આપણેજ આ સૃષ્ટિને નિયમિત કરવી જોઈએ. તેમાં કૃતકાર્ય થવાથી આપણે ઇચ્છા પ્રમાણે દેહનિર્માણમાં સમર્થ થઈશું; પછી આપણને જન્મ, મૃત્યુ, વ્યાધિ આદિ કંઈપણ રહેશે નહિ.

सति मूले तद्विपाको जात्यायुर्भोगाः ॥ १३ ॥

સૂત્રાર્થઃ—જો મનમાં સંસ્કારનું મૂળ રહે, તો તેના ફલ-સ્વરૂપ મનુષ્યાદિ જાતિ, ભિન્ન ભિન્ન આયુષ્ય અને સુખદુઃખાદિ ભોગ થાય છે.

વ્યાખ્યાઃ—જો મૂલ એટલે સંસ્કારરૂપ કારણ અંતરમાં રહે, તો તે પુન પ્રકાશ પામીને ફળરૂપ બની જાય છે. કારણનો નાશ થઈ કાર્યનો ઉદય થાય છે, અને પાછું કાર્ય સૂક્ષ્મ ભાવ ધારણ કરીને પાછલના (પછી થવાના) કાર્યના કારણરૂપ થાય છે. વૃક્ષ બીજ પેદા કરે છે; અને બીજ પાછું આગળ ઉપર થવાના વૃક્ષની ઉત્પત્તિનું કારણ થઈ રહે છે. આવી રીતે કાર્ય-કારણ-પ્રવાહ ચાલતો જ રહે છે. હમણાં આપણે જે કંઈ કર્મ કરીએ છીએ, તે સર્વે પૂર્વ સંસ્કારના ફલસ્વરૂપ છે આ સંસ્કારો પાછા ભવિષ્યના કાર્યનું કારણ થાય છે; એ પ્રમાણેજ પરસ્પર પરસ્પરના ઉપર કાર્ય કરે છે તેટલા માટે આ સૂત્ર કહે છે કે, કારણ રહ્યાથી અથવા હોવાથી, તેનું ફળ વા કાર્ય અવશ્ય હોય. આ ફળ પ્રથમ જાતિરૂપે પ્રકટ થાય છે; કોઈ મનુષ્ય થશે, કોઈ દેવતા થશે, કોઈ પશુ થશે, અને કોઈ વળી અસુર થશે. બીજું, એ કર્મ પણ આયુષ્યને નિયમિત કરે

1. એક જણ વખતે પચાસ વરસ જીવતો રહી જાય, બીજાનું જીવન વખતે સો વરસનું થશે, અને કોઈ વળી વખત બે વરસજ જીવીને મરણ પામે છે, તે પછી

એટલે કે પૂર્વે જન્મના થતા નથી આવાં વિભિન્નતા, કેમકે પૂર્વકર્મોદય નિયામક થાય છે. કોઇને જન્મથી એમ [illegible] છે, આમ શુભાશુભ કારક તેના કર્મ છે, એને તે જન્મમા જરૂર સુખ નહિ, તો દુઃખ જરૂર તેના પાછળ પાછળ ફરે. જીવન આ જન્મ જન થાય છે ત્યાં દુઃખ તેની પાછળ પાછળ ફરતું જાય છે. ત્યાં [illegible] તેની આગળ દુઃખમય થઇ રહે છે આ સર્વ તમોના કેવળ પોતાના પૂર્વકર્મનું ફળ છે. ધાર્મિક [illegible] છે કે સત્કૃત્ય પુણ્ય કર્મ સુખ, અને અસત્કૃત્ય પાપ કર્મ દુઃખ આપે છે. જે મનુષ્ય કોઇ અસત્ કાર્ય કરે છે તે જરૂર ક્લેશરૂપે તેના કૃત્યનું ફળ ભોગવે.

ते ह्लादपरितापफलाः पुण्यापुण्यहेतुत्वात् ॥ १४ ॥

સૂત્રાર્થ - એ પૂર્વોક્ત જાતિ વગેરેનુ ફળ આનન્દ અને દુઃખ (છે. અને) તેઓનુ કારણ પુણ્ય અને પાપ (છે)

परिणामतापसंस्कारदुःखैर्गुणवृत्तिविरोधाच्च सर्वमेव दुःखं विवेकिनः ॥ १५ ॥

સૂત્રાર્થઃ—પ્રત્યેક વસ્તુમા કાંતો પરિણામ કાળે, નહિ તો ભોગકાળે ભોગ વ્યાઘાતની આશંકાથી, અથવા તેના સંસ્કારજન્ય ભવિષ્ય દુઃખના પ્રસવ-

કારી તરીકે બીજી ગુણવૃત્તિ, એટલે સત્વ, રજ અને તમ પરસ્પર પરસ્પરના વિરોધી તરીકે વિવેકીની આગળ સર્વે દુઃખ જેવું લાગે છે.

વ્યાખ્યાઃ—યોગીઓ કહે છે, જેને વિવેક શક્તિ છે, જેની ચિત્તના તરફ દૃષ્ટિ છે, તે સુખ અને દુઃખ નામથી સર્વ ચિજ વસ્તુના છેક અંદરના ભાગ સુધી (તળિયા પર્યંત) દેખતા રહે છે, અને જાણી શકે છે કે, તેમાં સત્વ સર્વત્ર સમકાલે રહેલી છે એકની સાથે બીજી એક જાણે જડાઈ રહેલી છે એક જાણે બીજા એકમાં લાગી ગયેલી છે તે વિવેકી પુરુષ દેખી શકે છે કે, માણસ સઘળું જીવનમાં કેવળ એક ભાવનાનું અનુસરણ કરે છે; તે કદિ પણ તેની વાસના પૂર્ણ કરવાને સમર્થ થતું નથી. જગતમાં એવો કોઈ પ્રેમ નથી, જેનો નાશ નથી થયો. એક સમયે મહારાજ યુધિષ્ઠિરે કહ્યું હતું, કે જીવનમાં સર્વથી આશ્ચર્યકારક બનાવ એ છે કે, દરરોજ આપણે બીજાને મરતાં દેખીએ છીએ, તથાપિ એમ ધારીએ છીએ કે, અમે કદિ પણ મરીશું નહિ આપણી ચારે તરફ કેવળ મૂર્ખાઓ જોઈએ છીએ, અને એમ ધારીએ છીએ કે, માત્ર એક અમેજ પંડિત છીએ—કેવળ અમેજ મૂર્ખ શ્રેણીથી સ્વતંત્ર છીએ. ચારે તરફ સર્વ પ્રકારની ચપળતાનાં દૃષ્ટાંતોથી ઘેરાઈને આપણે એમ ધારીએ છીએ કે, આપણો પ્રેમજ એક માત્ર સ્થાયી પ્રેમ છે. આમ શી રીતે બની

શો ! પ્રેમભાવ પણ સ્વાર્થીપણાની સાથે મિશ્રિત છે. યોગી કહે છે કે, પરિણામે પતિ પત્નીનો પ્રેમ, સન્તાનના પ્રત્યે સ્નેહમમતા, એટલુંજ નહિ. પણ બન્ધુઓનો પ્રમુખ સુધાં અલ્પે અલ્પે નાશ પામે છે આ સંસારમાં નાશ પ્રત્યેક વસ્તુને આક્રમણ કરતો રહે છે સ્નેહ મમતામાં પણ જ્યારે આપણે નિરાશ થઇએ છીએ, ત્યારેજ મનુષ્ય જાણે અગ્નિની પેઠે સમજી શકે છે કે, આ જગત્ કેવો ભ્રમ છે ! જાણે સ્વપ્ન જેવું ! ત્યારે જ એક બિન્દુ વૈરાગ્યસાર તેના હૃદયમાં ઉદિત થાય છે. ત્યારેજ તે જગત્ના અતીત સત્તાનો કંઇક આભાસ પામે છે આ જગત્ને ત્યાગ કર્યાથી જ પારલૌકિક તત્ત્વ હૃદયમાં પ્રતીત થાય છે, આ જગત્ના સુખમાં આસક્ત રહ્યાથી, તે કદિપણ સંભવિત થઈ શકે નહિ. એવો કોઈ મહાત્મા થયો નથી, જેને એવી ઉચ્ચ અવસ્થા પ્રાપ્ત કરવાને સારૂ ઇન્દ્રિય સુખ ભોગનો ત્યાગ કરવો પડ્યો નથી, દુઃખનું કારણ, પ્રકૃતિની વિભિન્ન શક્તિઓનો પરસ્પર વિરોધ છે. એક એક તરફ, અને બીજી બીજી તરફ તાણી લેઈ જાય છે, તેથી સ્થાયી સુખ અસંભવિત થઈ પડે છે

हेयं दुःखमनागतम् ॥ १६ ॥

સૂત્રાર્થઃ—જે દુઃખ હજી આવ્યું નથી, તેનો પણ ત્યાગ કરવો જોઇએ.

વ્યાખ્યાઃ—કર્મનો કિંચિત્ અંશ આપણે ક્યારનો
છીએ. કિંચિત્ આપણે હાલ ભોગવીએ છીએ. અને
કોનો ભાગ ભવિષ્યમાં ફળ આપવાને તત્પર થઈ રહ્યો
જે અંશ આપણે ભોગવી ચૂકા છીએ, તેનો અંત
ગયો છે, હાલ જે આપણે ભોગવીએ છીએ, તે અ
ભોગવવોજ જોઈશે, કેવળ જે કર્મ ભવિષ્યમાં ફળ આપ
તત્પર થઈ રહેલ છે, તેનેજ આપણે જય કરી શ
એટલે તેનો નાશ કરી શકીશું. આ કારણથીજ આ
સમુદય શક્તિને જે કર્મ હજુ પણ કાંઈ ફળ આપ્યું ન
તેનાજ નાશને માટે નિયુક્ત કરવી આવશ્યક છે. પૂર્વ સૂત્ર
વિપરીત વૃત્તિ પ્રવાહની વાત કહેવામાં આવી છે, તેના
સંસ્કારોને જય કરવા (જીતવા—નાશ કરવા) એટલે

द्रष्टृदृश्ययोः संयोगो हेयहेतुः ॥ १७ ॥

સૂત્રાર્થઃ—આ જે હેય, એટલે જે દુઃખ
ત્યાગ કરવું જોઇએ, તેનુ કારણ દ્રષ્ટા અને દૃશ્ય
સંયોગ છે.

વ્યાખ્યાઃ—આ દ્રષ્ટાનો અર્થ શો ? મનુષ્યનો આત્મા
પુરુષ, દૃશ્ય શું ? મનથી આરંભ કરીને સ્થૂલ ભૂત
પૈન્ત સમુદય-પ્રકૃતિ. આ પુરુષ અને મનના સંયોગથી
આજે કાંઈ, સુખ દુઃખ સમુદાય ઉત્પન્ન થયાં છે. તમ
અવશ્ય યાદ રહેવું જોઈએ કે, આ યોગશાસ્ત્રનામને પુ

તેને ઘણાં બચ્ચાં થયાં હતાં. તે બહુ સુખથી કાળ ગાળે
કેટલાક દેવતાઓએ તેની એવી દુરવસ્થા જોઈને તેની પ
જઈને કહ્યું, " આપ દેવરાજ છો, સર્વ દેવતા આપ
શાસનમાં રહે છે, (તે છતાં) આપ અહિં કેમ !
તેનો ઈન્દ્રે એવો ઉત્તર આપ્યો કે, " હું બહુ મઝા
સ્વર્ગને હું ચહાતો નથી, જ્યાં સુધી આ શુકરી અને
બચ્ચાં છે, ત્યાં સુધી સ્વર્ગાદિ કશાની કામના
નથી. " ત્યારે તે દેવો શું કરવું તે કાંઇ નક્કી કરી શ
નહિ પછી થોડા દિવસ બાદ તેઓએ મનમાંને મનમાં
સંકલ્પ સ્થિર કરીને, ધીરે ધીરે જઈ (પેલા શુકરના
એક બચ્ચાને મારી નાખ્યું, અને એ પ્રમાણે એ
કરીને બધાં બચ્ચાં માર્યાં ગયાં આખરે તે દેવોએ
શુકરીને પણ મારી નાખી એ પ્રમાણે ઈન્દ્રનો સઘળો
રિવાર મરી પરવાર્યો. ત્યારે તે દુ:ખી થઈને વિલાપ ક
લાગ્યો. પછી દેવતાઓએ તેના પોતાના શુકર દેહ
કકડે કકડા કરી નાખ્યા તે વેળાએ તે (ઈન્દ્ર) તે
દેહમાંથી નીકળીને હસવા લાગ્યો, અને વિચારવા લાગ્યો
હું કેવું ભયંકર સ્વપ્ન દેખતો હતો ! હું દેવરાજ થઈને
વા શુકરના જન્મોતેજ એક માત્ર જન્મ તરીકે ધારતો
એકલુંજ નહિ, પણ સમુદય જગત્ પણ શુકરનો દેહ
રણ કરે એમ ઈચ્છતો હતો. પુરૂષ પણ એ પ્રમાણે
નિની સાથે મળી જઈને, તે શુદ્ધ સ્વભાવ અને

પાણી જેમને [illegible] [illegible] છે, પુરુષ [illegible] કે જેઓ
ની સાથે મિશ્રિત થઈને તેનાથી મન અને [illegible]
[illegible] [illegible] [illegible] છે એમ માનીએ છે; વળી
(ભાગી) એમ [illegible] છે, આ દુઃખમય [illegible]
[illegible] હોય, તો તેના ઉપાય એ છે કે, પ્રાકૃતિક [illegible]
[illegible] જ [illegible] [illegible] [illegible] [illegible]
[illegible] [illegible] [illegible] તેના અને આપણે [illegible]. હેતુ
નક્કી છે આપણે આપણને એ જગતમાં નાખ્યા છે, અને
આપણેજ તેમાંથી બહાર નીકળવું જોઈએ. આપણે ફરે
એ કુંડમાં પગ નાખ્યા છે, અને આપણાં પોતાના ક્ષેત્ર
બીજ તેમાંથી ખેંચી લેવું જોઈએ. પત્ની, પતિ પત્ની સંબંધી
મિત્ર સંબંધો અને બીજા જે સઘળા શુદ્ધ શુદ્ધ પ્રેમ સં-
બંધી આસક્તિ હોય છે, તે સર્વ ભોગની છે. (પુરુષ હંમેશાં)
જો પોતાનું સ્વરૂપ સદૈવ સ્મરણ રહે, તો તમે જલદીથી
નિર્વિઘ્ને તેમાંથી (ભોગમાંથી) પાર પડી જશો. આ બધું
પ્રેમ અતિશય રચ્યાં છે, તે કદિ પણ ભૂલશો નહિ; તેમાંથી
બહાર નીકળી જવું, એ આપણું લક્ષ્ય રહે. ભોગ—એટલે
સુખ દુઃખનો અનુભવ આપણો મહા શિક્ષક છે, પરંતુ
ભોગ કેવળ ભોગજ છે એમ મનમાં રહે. તેઓ ક્રમે ક્રમે
આપણને એક એવી અવસ્થામાં લેઈ જશે, કે જ્યાં ટેકે
અતિ તુચ્છ થઈ જશે. પુરુષ પછી વિશ્વવ્યાપી વિરાટરૂપ
બની જશે; પછી સમુદય જગત્ જાણે સમુદ્રમાં એક બિંદુ

નથી. પરંતુ પતંજલિ કહે છે કે, જો તમે યોગાભ્યાસ કરો, તો થોડા દિવસ પછી તમારી અનુભવ શક્તિ એટલી બધી સૂક્ષ્મ થશે કે, તમે તન્માત્રાઓને વાસ્તવિક પ્રત્યક્ષ કરશો. તમે સાભળ્યું છે કે, પ્રત્યેક વ્યક્તિની ચારે તરફ એક પ્રકારનો જ્યોતિ છે, પ્રત્યેક પ્રાણીના ભિતરમાંથી સર્વદા એક પ્રકારનો પ્રકાશ નીકળે છે પતંજલી કહે છે. કેવળ યોગીજ તે દેખવાને સમર્થ છે આપણે સર્વે તે જોવા પામતા નથી ખરા, પરન્તુ જેમ પુષ્પમાંથી સર્વદા પુષ્પના સૂક્ષ્માણુ પરમાણુ-સ્વરૂપ તન્માત્રા નીકળે છે, જેના દ્વારા આપણે તેનો વાસ લેઇ શકીએ છીએ, તે પ્રમાણે આપણાં શરીરમાંથી સર્વદા એવી તન્માત્રાઓ બહાર નીકળે છે. દરરોજ આપણાં શરીરમાંથી શુભ વા અશુભ કોઇને કોઇ પ્રકારની દગલાબધ શક્તિ બહાર નીકળે છે, તેથી આપણે જ્યાં જઇએ, ત્યાં ચારે દિશાએ તન્માત્રાથી પૂર્ણ થઇ જાય છે. મનુષ્ય એનું પ્રકૃત રહસ્ય ના જાણ્યા છતા પણ અજ્ઞાનસારે (અજાણપણે) તેના અન્તરમા મન્દિર, દેવળ વગેરે કરવાનો ભાવ આવ્યો છે, ભગવાનની ઉપાસના કરવાને સારૂ મન્દિરનિર્માણનું શું પ્રયોજન હતું ? ઇશ્વરની ઉપાસના તે અમે ત્યાં ક્યાંયથીએ ચાહત. એનું કારણ એ કે, મનુષ્ય પોતે રહસ્યના જાણ્યા છતાં પણ તેના મનમાં સ્વાભાવિક એવો ઉદય થયો હતો કે, જે ઠેકાણે લોકો ઇશ્વરની ઉપાસના કરે છે, તે ઠેકાણું પવિત્ર તન્માત્રાથી પરિપૂર્ણ થઇ

જાય છે લોકો દરરોજ ત્યાં જતા રહે છે અને તેઓ ત્યાં કેટલી બધી પ્રાર્થના કરે છે. તેથી તે સ્થાન પવિત્ર થતું રહે છે જો માણસના અંતરમાં સત્વગુણ બહુ નથી તો જ્યાં ત્યાં જાય તે વખત પણ સત્વગુણના ઉદય થશે આથી, મંદિર વગેરે અને તીર્થાદિ કેમ પાવન મનાય છે તેનું કારણ સમજાયું. પરંતુ આ વાત સ્મરણ બહાર રાખવી જોઈએ કે, સાધુ લોકોના સમાગમના ઉપરજ તે સ્થાનની પવિત્રતાનો આધાર રહેલો છે. પરંતુ લોકોનો એવો તોટો થઈ પડે છે કે, તેઓ તેનો મૂળ ઉદ્દેશ વિસ્મૃત થઈ જાય છે. અને ગાડીને ઘોડાની આગળ જોડવાની (જોડવાની) ઇચ્છા કરે છે પ્રથમ સાધુઓએજ તે સ્થાનને પાવન કર્યું હતું. ત્યાર પછી તે સ્થાનની પવિત્રતા રૂપ કાર્ય પણ કારણ થઇને લોકોને પણ પવિત્ર કરતું જાય. તે સ્થાનમાં સર્વદા અસાધુ લોક આવજાવ કરે, તો તે સ્થાન પણ બીજા સ્થાનોના જેવું અપવિત્ર થઈ જશે. મકાનના ગુણથી નહિ, પણ લોકોના ગુણથીજ મંદિર પવિત્ર ગણાય છે. આ વાત આપણે સર્વદા ભુલી જઇએ છીએ. આ કારણથીજ પ્રબળ સત્વગુણ સંપન્ન સાધુ અને મહાત્માજનો ચારે દિશામાં કેવળ સત્વગુણ વિકિરણ કરે છે, અને તેથીજ તેઓ તેઓની આસપાસના લોકોના ઉપર મહા પ્રભાવ વિસ્તાર કરે છે. માણસ એટલો બધો પવિત્ર થઈ શકે છે કે, તેની તે પવિત્રતા જાણે એકદમ પ્રત્યક્ષ દીઠામાં આવશે-દેહમાંથી બહાર ફુટી નીક-

જાશે. સાધુનું શરીર પવિત્ર થઈ જાય છે, તેથી તે હિતાર્થે
વિચરણ કરે છે, ત્યાં પવિત્રતા વિકિરણ કરે છે. આ કંઈ
કવિત્વની (રસિકતાની) ભાષા નથી, રૂપક નથી, પણ
વાસ્તવિક એવી પવિત્રતા જાણે ઇન્દ્રિય ગોચર એક જડ
વસ્તુ તરીકે પ્રતીયમાન થાય છે એનું એક યથાર્થ અસ્તિ
ત્વ-યથાર્થ સત્તા છે. જે માણસ એવા લોકોના સંસર્ગમાં
આવે છે, તે પવિત્ર થઈ જાય છે. હવે લિંગમાત્રનો અર્થ
તે તપાસીએ, લિંગમાત્ર કહ્યાથી બુદ્ધિ સમજાને. એ પ્રકૃતિ
પ્રથમ અભિવ્યક્તિ છે, એનાથીજ બીજી સર્વ વસ્તુ અભિ
વ્યક્ત થઈ છે, હવે અલિંગની વાત કહીએ છીએ, અહિં
આધુનિક વિજ્ઞાન અને સમુદય ધર્મમાં એક મહા વિરો
જોવામાં આવે છે પ્રત્યેક ધર્મમાં આ એક સાધારણ
જોવામાં આવે છે કે, આ જગત્ ચૈતન્યશક્તિમાંથી ઉત્પ
થયું છે. તો પણ કોઈ કોઈ ધર્મ કંઈક અધિક દાર્શનિ
હોવાથી વૈજ્ઞાનિક ભાષા વાપરે છે. અવશ્ય સગુણ ઈશ્વર
વાત સમસ્ત છોડી દેઈ વિજ્ઞાનની અંદર થઈને.(વિજ્ઞા
મારફતે) વાત કરવાથી ઈશ્વર શબ્દથી સૃષ્ટિના આદિ
સ્થિત એક ચૈતન્ય સમજાય છે. તે ચૈતન્ય શક્તિમાં
સ્થૂલ ભૂતનો પ્રકાશ થયો છે. પરંતુ આધુનિક દાર્શનિક
કો કહે છે કે, ચૈતન્યજ સૃષ્ટિની શેષ વસ્તુ છે. એટ
તેઓનો મત એ છે કે, અચેતન જડ વસ્તુ સર્વ ક્રમે
અલ્પે ઉત્તરપ બની છે, અને એ જીવ , પાશ. ક્રમ

ઉત્પન્ન થઈને મનુષ્યાકાર ધારણ કરે છે તેઓ કહે છે કે, સર્વ વસ્તુ ચૈતન્યમાંથી ઉત્પન્ન થઈ નથી, ચૈતન્યજ સૃષ્ટિની સર્વ શ્રેષ્ઠ વસ્તુ છે જોકે આથી ધર્મ સમૂહનો અને વિજ્ઞાનનો સિદ્ધાન્ત તુરતવેગાનો વિરુદ્ધ જેવો લાગે છે, તોપણ બન્ને સિદ્ધાન્તને સત્ય કહી શકાય એક અનન્ત સાંકળી વા શ્રેણી ગ્રહણ કરો જેમકે,क-ख-क-ख-क-ख ઇત્યાદિ. હવે પ્રશ્ન એ કે, એમાંનો क પહેલો કે ख પહેલો ? જો તમે એ સાંકળીને क-ख એવી રીતે ગ્રહણ કરો, તો અવશ્ય कને પહેલો કહેવો જોઈએ; પરન્તુ જો તમે એને ख-क એવી રીતે ગ્રહણ કરો, તો खને પહેલો લેવો જોઈએ આપણે જે દૃષ્ટિયો એને દેખીશું, તેજ ભાવથી તે પ્રતીયમાન થશે ચૈતન્ય અનુલોમ-પરિણામ પામીને સ્થૂલભૂતનો આકાર ધારણ કરે છે, (અને) સ્થૂલભૂત પાછાં વિલોમપરિણામ પામીને ચૈતન્યરૂપે બને છે સાંખ્ય અને સર્વ ધર્માચાર્યો ચૈતન્યને આગળ સ્થાપન કરે છે. તેનાથી તે સાંકળ એવો આકાર ધારણ કરે છે કે, પ્રથમ ચૈતન્ય, પછી ભૂત, પછી ફરીને ચૈતન્ય અને ત્યાર પછી ભૂત ઇત્યાદિ. વૈજ્ઞાનિકો પ્રથમ ભૂતને ગ્રહણ કરીને કહેછે કે, પ્રથમ ભૂત, પછી ચૈતન્ય, પછી ફરીને પાછા ભૂત, પછી ચૈતન્ય ઇત્યાદિ પરન્તુ આ બન્ને પેલી એકજ સાંકળીની વાત કહે છે. પરન્તુ ભારતખંડનાં દર્શન એ ચૈતન્ય અને ભૂત બન્નેના ઉપર જઈ પુરુષ અથવા આત્માને જોવા પામે તે

લાગે. સાધુનું શરીર પવિત્ર થઈ જાય છે, તેથી તે દેહ જ્યાં વિચરણ કરે છે, ત્યાં પવિત્રતા વિકિરણ કરે છે. આ કોઈ કવિત્વની (રસિકતાની) ભાષા નથી, રૂપક નથી, પણ વાસ્તવિક એવી પવિત્રતા જાણે ઇન્દ્રિય ગોચર એક જડ વસ્તુ તરીકે પ્રતીયમાન થાય છે એનું એક યથાર્થ અસ્તિત્વ-યથાર્થ સત્તા છે. જે માણસ એવા લોકોના સંસર્ગમાં આવે છે, તે પવિત્ર થઈ જાય છે. હવે લિંગમાત્રનો અર્થ શો તે તપાસીએ, લિંગમાત્ર કહ્યાથી બુદ્ધિ સમજાશે. એ પ્રકૃતિની પ્રથમ અભિવ્યક્તિ છે, એનાથીજ બીજી સર્વ વસ્તુ અભિવ્યક્ત થઇ છે, હવે અલિંગની વાત કરીએ છીએ, અહિંજ આધુનિક વિજ્ઞાન અને સમુચ્ચય ધર્મમાં એક મહા વિરોધ જોવામાં આવે છે પ્રત્યેક ધર્મમાં આ એક સાધારણ સત્ય જોવામાં આવે છે કે, આ જગત્ ચૈતન્યશક્તિમાંથી ઉત્પન્ન થયું છે તો પણ કોઈ કોઈ ધર્મ કંઇક અધિક દાર્શનિક હોવાથી વૈજ્ઞાનિક ભાષા વાપરે છે અવશ્ય સગુણ ઈશ્વરની વાત સમસ્ત છોડી દેઈ વિજ્ઞાનની અંદર થઈને, (વિજ્ઞાન માર્ગને) વાત પકડવાથી ઈશ્વર શબ્દથી સૃષ્ટિના આદિમાં સ્થિત એક ચૈતન્ય સમજાય છે તે ચૈતન્ય શક્તિમાંથી સ્થૂલ ભૂતનો પ્રકાશ થયો છે પરંતુ આધુનિક દાર્શનિકો કહે છે કે, ચૈતન્યજ સૃષ્ટિની શેષ વસ્તુ છે. એટલે તેઓનો મત એ છે કે, અચેતન જડ વસ્તુ ક્રમે ક્રમે આપે ચૈતન્યરૂપ બની છે, અને એ જીવ પ્રાણ

મનો-હ્રાસ વૃદ્ધિ બને છે એ પરિવર્તનશીલ છે, શરીરની પેઠે તે પણ ક્રમાગત પરિણામ પ્રાપ્ત થાય છે, શરીરના જે જે ધર્મો છે તેના સંસ્કાર પણ તેનામાં પણ વિદ્યમાન છે. શરીરના પણ નાશ જેવી રીતે છે, તેવી રીતે જ્ઞાનના પણ દેહ પણ [illegible] નાશ શરીરનો એક અંશ વિ-દેહ છે, અને એ [illegible] કાપી નાખ્યા છતાં પણ શરીર કાયમ રહેશે એમ હોવા છતાં પણ એ જ્ઞાન કદિ પણ અવિનાશી થઈ શકે નહિ એ (જ્ઞાન) અવશ્ય જન્ય પદાર્થ છે અને એ જન્ય છે એ વાતથી સમજાય છે કે, એના ઉપર-એનાથી બધ ભિન્ન એક પદાર્થ છે, કારણકે જન્ય પદાર્થ કદિ મુક્ત સ્વભાવ થઈ શકે નહિ જેની સાથે પ્રકૃતિનો સંબંધ છે, તેજ પ્રકૃતિના અંદર, તેથી, તે ચિત્તશક્તિને શા? બદ્ધ ભાવાપન્ન છે, ત્યારે પ્રકૃત મુક્ત કોણ? જે કોઈ કારણ સંબંધના અતીત, તેજ પ્રકૃત મુક્ત-સ્વભાવ. જો તમે કહો કે મુક્ત-સ્વભાવ કોઈ છે એ ધારણા ભ્રમાત્મક છે, તો હું કહીશ, બદ્ધભાવ પણ ભ્રમાત્મક છે. આપણા જ્ઞાનમાં આ બંને ભાવ સદા વિરાજિત છે, એ બંને ભાવ. પરસ્પર પરસ્પરના આધિન છે એકના ગયાથી બીજો રહી શકે નહિ એમાંનો એક ભાવ એ કે આપણે બદ્ધ. છીએ કે, આપણને એવા ઇચ્છા થાય કે, આપણે દિવાલની અંદર થઈને જઈશું (પણ તેમ કરતાં) આપણું માથું દિવાલની સાથે અથડાયું એટલે સમજાયું કે, આપણે આ દિવાલ દ્વારા

આ આત્મા જ્ઞાનના પણ અતીત છે; જ્ઞાન આનો કેવ
ળ પ્રથમ પ્રકાશ-સ્વરૂપ છે.

द्रष्टा दृशिमात्रः शुद्धोऽपि प्रत्ययानुपश्यः ॥ २० ॥

સૂત્રાર્થઃ—દ્રષ્ટા કેવળ-ચૈતન્ય માત્ર; જોકે તે સ્વયં પવિત્ર સ્વરૂપ (છે), તથાપિ બુદ્ધિની મારફત થઇને તે દેખતો રહેછે.

વ્યાખ્યાઃ—અહિં પણ સાંખ્ય દર્શનની વાત કહેવામાં આવે છે. આપણે પૂર્વે જોયું છે કે, સાંખ્યદર્શનનો મત એવો છે કે, અતિ સૂક્ષ્મ પદાર્થથી તે બુદ્ધિ પર્યન્ત સર્વ પ્રકૃતિના અંતર્ગત છે, પરન્તુ પુરૂષોગણ એ પ્રકૃતિના બહાર છે, અને એમનો (પુરૂષનો) કોઇ ગુણ નથી. તો પછી આત્મા દુઃખી અથવા સુખી અથવા દુઃખી લાગે છે કેમ? કેવળ બુદ્ધિના ઉપર પ્રતિબિમ્બિત થઇને તે એવા પ્રકારે રૂપે સમજાય છે જેમ એક સ્ફટિકના કકડાને એક ટેબલ ઉપર મૂકીને તેની પાસે જો એક લાલ ફુલ રાખવામાં આવે, તો તે ફુલ એ સ્ફટિકને લાલ દેખાડશે; તેજ પ્રમાણે આપણે જે સુખ અથવા દુઃખ સમજીએ છીએ, તે વાસ્તવિક પ્રતિબિમ્બ માત્ર છે, ખરી રીતે આત્મામાં કાંઇપણ નથી. આત્મા પ્રકૃતિનાથી સંપૂર્ણ પૃથક્ વસ્તુ છે, પ્રકૃતિ એક વસ્તુ, આત્મા એક વસ્તુ, સંપૂર્ણ પૃથક્, સર્વદા પૃથક્ સાંખ્યો કહે છે કે, જ્ઞાન એક મિશ્ર પદાર્થ (છે). એ

મનો-હ્રાસ વૃદ્ધિ બંને છે, એ પરિવર્તનશીલ છે; શરીરની પેઠે તે પણ ક્રમાગત પરિણામ પ્રાપ્ત થાય છે; શરીરના જે જે ધર્મો છે, તેના જેવાજ ધર્મો તેનામાં પણ વિદ્યમાન છે. શરીરના પક્ષે નખ જેવી રીતે છે, તેવી રીતે જ્ઞાનના પક્ષે દેહ પણ છે અવશ્ય નખ શરીરનો એક અંશ વિશેષ છે; અને સેંકડો વાર કાપી નાખ્યા છતા પણ શરીર કાયમ રહેશે. આમ હોવા છતા પણ એ જ્ઞાન કદિ પણ અવિનાશી થઈ શકે નહિ એ (જ્ઞાન) અવશ્ય જન્ય પદાર્થ છે. અને એ જન્ય છે, એ વાતથી સમજાય છે કે, એના ઉપર–એનાથી શ્રેષ્ઠ બીજો એક પદાર્થ છે, કારણકે જન્ય પદાર્થ કદિ મુક્ત સ્વભાવ થઇ શકે નહિ. જેની સાથે પ્રકૃતિનો સબંધ છે, તેજ પ્રકૃતિના અંદર, તેથી, તે ચિરકાળને માટે બદ્ધ ભાવાપન્ન છે, ત્યારે પ્રકૃત મુક્ત કોણ? જે કાર્ય કારણ સબંધના અનીત, તેજ પ્રકૃત મુક્ત-સ્વભાવ. જો તમે કહો કે, મુક્ત-સ્વભાવ કોઈ છે, એ ધારણા ભ્રમાત્મક છે, તો હુ કહીશ, બદ્ધભાવ પણ ભ્રમાત્મક છે. આપણા જ્ઞાનમાં આ બને ભાવ સદા વિરાજિત છે; એ બને ભાવ. પરસ્પર પરસ્પરના આશ્રિત છે. એકના રહ્યાથી બીજો રહી શકે નહિ. એમાંનો એક ભાવ એ કે આપણે બદ્ધ. ધારો કે, આપણને એવી ઇચ્છા થઇ કે, આપણે દિવાલની અંદર થઇને જાઇશું. (પણ તેમ કરતા) આપણું માથુ દિવાલની સાથે અથડાયું એટલે સમજાયું કે, આપણે આ દિવાલ દ્વારા

રીમાબદ્ધ છીએ. પરતુ તે છતાં પણ આપણે જોઇએ છીએ
આપણી ઇચ્છા-શક્તિ રહી છે. એ ઇચ્છા શક્તિને
પણે જ્યાં મરજીમા આવે ત્યા ચલાવી શકીએ છીએ.
ત્યેક વિષયમાં આપણે જોઇએ છીએ કે, આ વિરોધી
વો આપણા સામે આવે છે આપણે અવશ્ય વિચાર
રવો જોઇએ કે, આપણે મુક્ત છીએ; પરંતુ દર પળે
ખીએ છીએ કે, આપણે મુક્ત નથી. જો એમાંનો
ભાવ ભ્રમાત્મક હોય, તો બીજો પણ ભ્રમાત્મક થશે,
રણકે, તે બને અનુભવરૂપ એક જ આધાર ઉપર સ્થાપિત
યોગી કહે છે કે, આ બને ભાવ સત્ય છે. બુદ્ધિ
લીધાથી આપણે વાસ્તવિક બદ્ધ પરતુ આત્મા લેઇને
આપણે મુક્ત-સ્વભાવ. માણસનુ પ્રકૃત સ્વરૂપ-આત્મા
પુરુષ-કાર્ય કારણ સાંકળની બહાર છે. આત્માનજ મુ
સ્વભાવે ભૂતના ભિન્ન ભિન્ન પદમા થઈ પ્રકાશિત
બુદ્ધિ, મન, ઇત્યાદિ નાના પ્રકારના આકાર ધારણ કર્યા છે.
એનોજ જ્યોતિ સર્વની અંદર થઇને પ્રકાશિત થાય છે.
બુદ્ધિનું પોતાનુ કાંઈ ચૈતન્ય નથી. પ્રત્યેક ઇન્દ્રિયનું મગજમાં
એકેક કેન્દ્ર છે. સર્વ ઇન્દ્રિયોનુ એકજ કેન્દ્ર છે. એમ નહિ.
પણ તે પ્રત્યેકનુ કેન્દ્ર પૃથક્ પૃથક્ છે. ત્યારે આપણી
અનુભૂતિ કયાં જઇને એકત્વ મેળવે છે. જો મગજમાં તે
ઓ એકત્વ પ્રાપ્ત કરત, તો ચક્ષુ, કર્ણ, નાસિકા એ સર્વ
માત્ર એકજ કેન્દ્ર હોત. પરંતુ આપણે નિશ્ચય કરીને

જોઈએ છીએ કે, પ્રત્યેકને સારૂ ભિન્ન ભિન્ન દેહ છે. પ-
રંતુ કેટલોક વખત સમયે કોઈ ભ્રમણા થાય છે તેથી એમ
બને છે કે, અજ્ઞાન બુદ્ધિની પાસેજ એક એક નવ છે બુદ્ધિ
નિરંતર મનની સાથે સબદ્ધ છે–પરંતુ એ બુદ્ધિની પણ
પછવાડે પુરૂષ રહેલ છે તેજ એકત્વ સ્વરૂપ સર્વ અનુભૂ-
તિઓ તેની આગળ જઈને એકી ભાવ ધારણ કરે છે. આ-
ત્માજ તે કેન્દ્ર છે, કે જ્યાં સમુદય ભિન્ન ભિન્ન ઇન્દ્રિયાનુ-
ભૂતિયે એકીભૂત થાય છે વળી આત્મા મુક્ત સ્વભાવ
છે. એનોજ મુક્ત સ્વભાવ તમને દર પળે કહે છે કે, તું
મુક્ત છે. પરંતુ તમે ભ્રમમાં પડીને તે મુક્ત સ્વભાવને દર-
ણીએ બુદ્ધિ અને મનના સાથે મિશ્રિત કરી નાખો છો,
તમે તે મુક્ત સ્વભાવનો બુદ્ધમાં આરોપ કરો છો અને
તરતજ પાછા જોવા પામો છો કે બુદ્ધિ મુક્ત સ્વભાવ નથી.
તમે વળી તે મુક્ત સ્વભાવ દેહમાં આરોપ કરો છો, પ-
રંતુ પ્રકૃતિ તમને તરતજ કહી દે છે કે, તમે ભૂલ્યા છો;
મુક્તિ દેહનો ધર્મ નથી આથી કરીનેજ એકજ સમયે આ-
પણી મુક્તિ અને બંધન એવી બે પ્રકારની અનુભૂતિ જો-
વામાં આવે છે. યોગી મુક્તિ અને ના બંનેનો વિચાર ક-
રે છે, અને તેનો અજ્ઞાનાન્ધકાર ચાલ્યા જાય છે તે સ-
મજી શકે છે કે, પુરૂષજ મુક્ત-સ્વભાવ, જ્ઞાન સ્વરૂપ
છે, તેજ બુદ્ધિરૂપ ઉપાધિમાં થઇ, શાન્ત જ્ઞાનરૂપે પ્રકાશ
પામે છે, તેથી તે બદ્ધ.

तदर्थ एव दृश्यस्यात्मा ॥ २१ ॥

સૂત્રાર્થઃ—દૃશ્ય એટલે આ ભોગ સાધન પ્ર
કૃતિ ચિન્મય પુરુષના ભોગને સારૂ.

વ્યાખ્યાઃ—પ્રકૃતિની પોતાની કાંઇ શક્તિ નથી જ
સુધી પુરુષ તેની પાસે રજુ રહે, ત્યાંસુધીજ તેની શક્તિ
માલમ પડે છે, પરન્તુ ખરી રીતે તે શક્તિ પુરુષની
ચન્દ્રનો પ્રકાશ જેમ તેનો પોતાનો નથી, સૂર્યમાંથી આવે
છે, તે પ્રમાણે તે પણ યોગીઓના મતે, પ્રકૃતિથી પેદા
થયેલી છે. પરન્તુ પ્રકૃતિનો બીજો કોઇ ઉદ્દેશ નથી, માત્ર
સ્માને મુક્ત કરવો એજ તેનું (પ્રકૃતિનું) પ્રયોજન છે.

कृतार्थं प्रति नष्टमप्यनष्टं तदन्यसाधारणत्वात् ॥२२

સૂત્રાર્થઃ—જેણે તે પરમપદ પ્રાપ્ત કર્યું છે, તે
ના પક્ષે અજ્ઞાન નષ્ટ થયા છતાં પણ સાધારણ
એ અજ્ઞાન નષ્ટ થતું નથી; કારણ કે, તે બીજાના
પક્ષે સાધારણ છે.

વ્યાખ્યાઃ—આત્મા પ્રકૃતિથી સ્વતંત્ર છે તે જણાવ
તુંજ પ્રકૃતિનું એક માત્ર લક્ષ્ય છે. આત્મા જ્યારે તે
શી શકે છે, ત્યારે પ્રકૃતિ પછી કોઇ પણ રીતે તેને ઇ
આવી . નથી. જે મુક્ત થયો છે, તેના સંબંધમાં
મુખ્ય પ્રકૃતિ ત્યારે ઉડી ... પરંતુ અનંતોની
લોક ચિરકાલ ... ... પ્રકૃતિ કાર્ય
કર્યાં જશે.

स्वस्वामिशक्त्योः स्वरूपोपलब्धिहेतुः संयोगः॥२३॥

સૂત્રાર્થઃ—દૃશ્ય અને દૃષ્ટાના ભોગ્યત્વ તથા ભોક્તૃત્વરૂપે ઉપલબ્ધિને સંયોગ કહે છે.

વ્યાખ્યાઃ—આ સૂત્રાનુસારે જ્યારે આત્મા પ્રકૃતિની સાથે સંયુક્ત થાય છે, ત્યારે સંયોગને લીધે, દૃષ્ટૃત્વ અને દૃશ્યત્વ બંને શક્તિનો પ્રકાશ થઇ રહે છે ત્યારેજ આ જગત પ્રપંચ ભિન્ન ભિન્ન રૂપે વ્યક્ત થતો રહે છે. અજ્ઞાનજ એવા સંયોગનો હેતુ છે. આપણે દરરોજ દેખીએ છીએ કે, આપણા દુઃખ અથવા સુખનું કારણ, શરીરની સાથે આપણો સંયોગ છે. જો મને એવું નિશ્ચય જ્ઞાન રહેત, કે હું શરીર નથી, તો હું ટાઢ, તાપ અથવા અન્ય કોઇ પ્રકારના વિષયને સારૂ જરા કેટલું પણ લક્ષ્ય આપત નહિ. આ શરીર એક સમવાય અથવા સંહતિ માત્ર છે. મારો એક દેહ, તમારો બીજો દેહ, સૂર્યનો એક પદાર્થ એમ કહેવું તે માત્ર કહેવાનુંજ છે. આ સમુદાય જગત્ એક મહાભૂત સમુદ્ર તુલ્ય છે. તે મહા સમુદ્રનું તમે એક બિન્દુ છો, હું એક બિન્દુ છું, અને સૂર્ય પણ એક બિન્દુ છે. આપણે જાણીએ છીએ કે, એ ભૂત સદા ભિન્ન ભિન્ન આકાર ધારણ કરે છે આજ જે સૂર્ય તરીકે ઓળખાય છે, તે કાલ આપણા શરીરના અંશ રૂપે બની જઈ શકે.

तस्य हेतुरविद्या ॥ २४ ॥

[illegible]

શરીરથી પૃથક્ થવી જોઈએ.

तदभावात् संयोगाभावो हानं तद्दृशेः कैवल्यम् ॥

મૂલાર્થ—એ અજ્ઞાનનો અભાવ થવાથી, [illegible]
પુરુષ પ્રકૃતિનો સંયોગ નષ્ટ થઈ ગયો. આ સં[illegible]

યેને નાશ કરવો એજ પ્રયોજન, એજ દ્રષ્ટાની કૈવલ્યપદમાં અવસ્થિતિ.

વ્યાખ્યા:—આ ગ્રંથ શાસ્ત્રના મતે આત્મા અવિદ્યાને લીધે પ્રકૃતિની સાથે સંયુક્ત થયો છે, તેથી પ્રકૃતિ જેથી કરીને આપણા ઉપર કાંઈ સત્તા વિસ્તારી શકે નહિ, એજ આપણો ઉદ્દેશ એજ સર્વ ધર્મનું એક માત્ર લક્ષ્ય. આત્મા માત્ર અવશ્ય બ્રહ્મભાવાપન્ન બાહ્ય અને અન્તર પ્રકૃતિને વશ કરીને એ બ્રહ્મભાવ પરિસ્ફુટ કરવો એજ આપણું લક્ષ્ય. કર્મ, ઉપાસના, મન: સંયમ અથવા જ્ઞાન, એમનો એક, કે અનેક, અથવા એ સઘળા ઉપાય અવલંબન કરીને એ સદ્બન્ધથી મુક્ત થાઓ. એજ ધર્મનું પૂર્ણાંગ છે. મત, અનુષ્ઠાન, કર્મ, શાસ્ત્ર, મંદિરમાં જઈને ઉપાસના કરવી વગેરે એના કેવળ ગૌણ અંગ પ્રત્યંગ માત્ર છે. યોગી મન સંયમ દ્વારા એ સર્વોપરી લક્ષ્યમાં જઈ પહોંચવાની ઇચ્છા રાખે છે જ્યાં સુધી આપણે પ્રકૃતિના હાથમાંથી આપણો ઉદ્ધાર કરી શકીએ નહિ, ત્યાં સુધી આપણે સામાન્ય વેચાતું લીધેલા ગુલામ જેવા મનુષ્ય; પ્રકૃતિ જેમ ફરમાવે તેમ ચાલવાને આપણે બંધાયેલા રહીએ છીએ. યોગી કહે છે, જે મનને વશ કરી શકે, તે ભૂતને પણ વશ કરી શકે. અંતર પ્રકૃતિ બાહ્ય પ્રકૃતિ કરતાં ઉચ્ચતર હોવાથી તેના ઉપર સત્તા વિસ્તારવી એ વિશેષ કઠણ છે. અને સંયમ કરવી વધારે મુશ્કેલ છે.

આ પ્રમાણે જે અન્તઃપ્રવૃત્તિ વશ કરી શકે છે, તેને વશ આખું જગત્ થાય છે. જગત્ તેના હુકમઆધીન થઈ જાય છે. બહારના પ્રવૃત્તિને એ પ્રમાણે વશ કરવાનો ઉપાય દેખાડી દેવો. આ જગતમાં આપણે જે મહાન શક્તિઓની સાથે પરિચય થયેલો છીએ. તેના કરતાં ઉચ્ચતર શક્તિઓને વશમાં આણીએ તેમણે આ શરીર મનનું એક બાહ્ય આવરણ માત્ર છે. શરીર અને મન એ બંને ભિન્ન ભિન્ન છે, એમ નથી. તેઓ શંબુક અને તેના બાહ્ય આવરણની માફક છે એ એકજ વસ્તુની બે ભિન્ન ભિન્ન અવસ્થા છે. શંબુકના ભિતરમાં જે પદાર્થ છે, તે બહારથી નાના પ્રકારના પદાર્થ ગ્રહણ કરીને એવું બહારનું આવરણ રચે છે. મનોનામધારીએ આંતરિક સૂક્ષ્મ શક્તિસમૂહ પણ બહારથી સ્થૂલ ભૂત લેઈને તેનાથી આ શરીરરૂપ બાહ્ય આવરણ તૈયાર કરે છે. તેથી, જો આપણે અંતર જગતને જીતી શકીએ, તો બાહ્ય જગતને જીતવું પણ સહજ થઈ આવે છે. તેમજ વળી એ બે શક્તિઓ પરસ્પર વિભિન્ન છે, તેમ કાંઈ નથી. કેટલીક શક્તિઓ ભૌતિક અને કેટલીક માનસિક, તેમ પણ નથી. જેમ આ દૃશ્યમાન ભૌતિક જગત્ સૂક્ષ્મ જગતનો સ્થૂલ પ્રકાશ માત્ર છે, તેમ ભૌતિક શક્તિઓ પણ સૂક્ષ્મ શક્તિનો સ્થૂલ પ્રકાશ માત્ર છે.

विवेकख्यातिरविप्लवा हानोपायः ॥ २६ ॥

સૂત્રાર્થઃ—નિરંતર એ વિવેકનો અભ્યાસજ અજ્ઞાન નાશનો ઉપાય છે.

વ્યાખ્યાઃ—સર્વ સાધનનું મુખ્ય લક્ષ્ય એ સદસદ્વિવેક-પુરુષ પ્રકૃતિનાથી સ્વતંત્ર છે, તે જાણવું એ છે. એટલું વિશેષે કરીને જાણવું કે, પુરુષ ભૂત પણ નથી, મન પણ નથી, તેમને પ્રકૃતિ પણ નથી, તેથી તેનું કોઇ પ્રકારનું પરિણામ અસંભવિત છે કેવળ પ્રકૃતિજ સર્વદા પરિણત થાય છે, નિરંતર એનો સંશ્લેષ, વિશ્લેષ થયા કરે છે જ્યારે નિરંતર અભ્યાસદ્વારા આપણે વિવેક પ્રાપ્ત કરીશું, ત્યારે અજ્ઞાન ચાલ્યું જશે ત્યારેજ પુરુષ પોતાના સ્વરૂપમાં એટલે સર્વજ્ઞ, સર્વ શક્તિમાન અને સર્વવ્યાપિરૂપે પ્રતિષ્ઠિત થશે.

तस्य सप्तधा प्रान्त भूमिः ॥ २७ ॥

સૂત્રાર્થઃ—એ જ્ઞાનનાં સાત ઉચ્ચતર પગથિયાં છે.

વ્યાખ્યાઃ—જ્યારે એ જ્ઞાન પ્રાપ્ત થાય છે, ત્યારે તે જાણે એકના પછી એક એમ કરીને સાત નજરે આવે છે. અને જ્યારે એમાંની એક અવસ્થાનો આરંભ થાય છે, ત્યારે આપણે નિશ્ચય કરીને જાણી શકીએ છીએ કે, આપણે જ્ઞાન પ્રાપ્ત કરીએ છીએ. પ્રથમ આવી અવસ્થા આવશે કે,-મનમાં એવો ઉદય થશે કે, જે જાણવાનું, તે જાણ્યું છે. પછી મનમાં કોઇ પ્રકારનો અસંતોષ રહેશે નહિ.

જ્યારે આ [illegible] રહે છે ત્યારે અમારે [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] થતું નથી, [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] શોધીએ, એમ જ્યાં સુધી આપણે આ અનુભવ કરી શકીએ નહિ, કે શુદ્ધ જ્ઞાન આપણા અંતરમાં જ છે, ત્યાં સુધી મિથ્યા [illegible] [illegible] [illegible] [illegible] કરવામાં કોઈપણ પ્રયત્નને સફલ કરી શકતા નથી, આપણે કેવલ કોરી આશા કરતા રહીએ, આપણાં અન્તઃકરણ શુદ્ધ કરીને [illegible] [illegible] અભ્યાસ કરવાનો આરંભ કરીથી આપણે [illegible] [illegible] [illegible] થઈએ, તેનું પ્રથમ ચિહ્ન એ પ્રગટ થાય છે, કે [illegible] [illegible] અવસ્થા સુધી જાગૃતિ [illegible] પછી નિર્ભય [illegible] થાય છે, આપણે મન પ્રત્યે ધ્યાન દઈએ એ શાન્ત ચિત્ત ભાગ્યે જ કદાચ રહી શકે નહિ. ત્યારે આપણે જાણી શકીશું કે, આત્મ સ્વરૂપ શું ઉદય થાય છે, અજ્ઞાનરૂપી રાત્ર જેવી રીતે વધતું જાય છે. પછી જ્યાં સુધી આપણે તે પરમ પદ પ્રાપ્ત કરી શકીશું નહિ, ત્યાં સુધી નિરન્તર અભ્યાસ પ્રયત્ન કર્યે રહીશું. ત્યારે અવસ્થામાં બધાં દુઃખ ચાલ્યાં જશે. ભૌતિક, માનસિક અથવા આધ્યાત્મિક કોઈપણ વિઘ્ન પછી આપણને કંઈ

કેમ શકશે નહિ. ત્રીજી અવસ્થામાં આપણે પૂર્ણ જ્ઞાન પ્રાપ્ત કરીશું; એટલે સર્વજ્ઞ થઈશું ત્યારપછી ચિત્ત વિમુક્તિ અવસ્થા આવશે. આપણે સમજી શકીશું કે, આપણાં વિઘ્ન વિપત્તિ સર્વે ચાલ્યાં ગયાં છે જેમ કોઈ પર્વતના શિખર ઉપરથી એક પત્થર નીચે તળેટીમાં ગબડી પડવાથી, તે પછી કદિપણ ઉપર જઇ શકે નહિ. તેમ મનની ચપળતા, મનઃસંયમનું અસામર્થ્ય સર્વે (નીચે) પડી જશે, એટલે ચાલ્યાં જશે. ત્યારે પછીની અવસ્થા એ થશે કે,—ચિત્ત સમજી શકશે કે, પ્રયત્ન થતાંજ તે સ્વકારણમાં લીન થઇ જાય છે. અને આખરે આપણે જોઇ શકીશું કે, આપણે સ્વરૂપમાં અવસ્થિત રહ્યા છીએ, દેખીશું કે, આટલા દિવસ જગતની અંદર કેવળ એકમાત્ર આપણેજ અવસ્થિત હતા. મન અથવા શરીરની સાથે આપણો કશો સંબંધ નહોતો. તેઓનો કદિપણ અમારી સાથે સંયુક્ત નહોતો. તેઓ પોતપોતાનું કામ પોતે કરતા હતાં, અમે અજ્ઞાનને વશ થઇને અમને તેની સાથે યુક્ત કર્યાં હતા પરંતુ કેવળ અમેજ સર્વશક્તિમાન, સર્વવ્યાપી, સદાનન્દ સ્વરૂપ હતા. અમારો પોતાનો આત્મા એટલો બધો પવિત્ર અને પૂર્ણ હતો કે, અમારે બીજું કંઇપણ આવશ્યક નહોતું. અમને સુખી કરવાને સારૂ બીજા કોઇની પણ આવશ્યકતા નહોતી, કારણ અમેજ સુખસ્વરૂપ હતા. આપણે જોઈ શકીશું કે, આ જ્ઞાન બીજા કશાના ઉપર આધાર રાખતું નથી. જગ

સમુદ્રમાં એક કમળનું નથી. જે તે આપણું અંતઃકરણ આકાશ પ્રતિબિંબિત થશે નહિ. આપ મેલીનું પરમ શુદ્ધ પછી જે (મેલી) ધોઈ અને જ્ઞાન થઇ જાય છે, કોઈ પ્રકારનું કંઈ અનુમાનનો નથી. પછી તે અજ્ઞાન-વિરુદ્ધ કંઈ જ્ઞાન થતા નથી. હું જ સદા તેનો સ્પર્શ કરી શકું નથી. તે આપણી તરફ છે કે, હું નિત્યાનંદ સ્વરૂપ, નિત્ય પૂર્ણ સ્વરૂપ, અને સર્વશક્તિમાન છું.

योगाङ्गानुष्ठानादशुद्धिक्षये ज्ञानदीप्तिराविवेकख्यातेः ॥ ૨૮ ॥

સૂત્રાર્થઃ—પૃથક્ પૃથક્ યોગાંગનું અનુષ્ઠાન કરતાં કરતા જ્યારે અપવિત્રતાનો ક્ષય થઈ જાય છે, ત્યારે પછી જ્ઞાન પ્રદીપ્ત થઈ ઉઠે છે; એની શેષ સીમા વિવેકખ્યાતિ.

વ્યાખ્યાઃ—હવે સાધનની વાત કહેવામાં આવે છે. અત્યાર સુધી જે કહેવામાં આવ્યું હતું, તે તે કંઇક વધારે ઉચ્ચતર વ્યાપાર હતો તે આપણાથી ઘણે દૂર છતાં તેજ આપણો આદર્શ, તેજ આપણું એકમાત્ર લક્ષ્ય (છે). એ લક્ષ્યસ્થળે પહોંચવાને સારૂ, પ્રથમ શરીર અને મનને સંયત કરવાં આવશ્યક છે. ત્યારે પછી પૂર્વોક્ત ઉચ્ચતર લક્ષ્ય વાસ્તવિક અપરોક્ષ પણે આવીને સ્થાયી થઇ શકે છે. આપણું આદર્શ લક્ષ્ય શું, તે આપણે જાણી શક્યા છીએ. હવે તે પ્રાપ્ત કરવાને સારૂ સાધનની આવશ્યકતા છે.

यमनियमासनप्राणायामप्रत्याहारधारणाध्यानसमा-
धयोऽष्टावङ्गानि ॥ २९ ॥

સૂત્રાર્થઃ—યમ, નિયમ, આસન, પ્રાણાયામ પ્રત્યાહાર, ધારણા, ધ્યાન, સમાધિ, આ આઠ યો-ગના અંગસ્વરૂપ (છે)

अहिंसासत्यास्तेयब्रह्मचर्यापरिग्रहा यमाः ॥ ३० ॥

સૂત્રાર્થઃ—અહિંસા, સત્ય, અસ્તેય (અચૌર્ય) બ્રહ્મચર્ય, અને અપરિગ્રહ, આમને યમ કહેછે.

વ્યાખ્યાઃ—જેણે પૂર્ણ યોગી થવું હોય, તેણે લિંગા-ભિમાન ત્યાગ કરવુ જોઇએ. આત્માનું કોઇ લિંગ નથી, ત્યારે તે લિંગાભિમાન દ્વારા પોતાને કલુષિત કરે કેમ? પછી વ ધારે સ્પષ્ટ સમજી શકાશે કે, કેમ એ સર્વભાવ એકદમ ત્યાગ કરવા જોઇએ ચૌર્ય જેમ અસત્કાર્ય છે, તેમ પરિ-ગ્રહ એટલે બીજાની પાસેથી ગ્રહણ પણ તેવુંજ અસત્કાર્ય છે. જે બીજાની પાસેથી કોઇરીતનુ દાન અથવા ભેટ ગ્રહણ કરે છે, તેના મનના ઉપર ધન-દાતાનું મન કાર્ય કરે છે, તેથી જે તે ગ્રહણ કરે છે, તે ભ્રષ્ટ થઇ જાય છે ધન લીધાથી આપણે વેચાથી લીધેલા ગુલામની પેઠે અધીન થઇ પડીએ છીએ, વાસ્તે કંઇ ગ્રહણ કરવુ ઉચિત નથી.

एते जातिदेशकालसमयानवच्छिन्नाः सार्वभौमा
महाव्रतं ॥ ३१ ॥

સૂત્રાર્થ:—આ સર્વ જાતિ, દેશ, કાળ [illegible]
સમય એટલે ઉદ્દેશ દ્વારા અપરિચ્છિન્ન થતાં
સાર્વભૌમ મહાવ્રત તરીકે કહેવાય છે.

વ્યાખ્યા: આ પાંચેય અર્થે અહિંસા, સત્ય, [illegible] સર્વ, અપરિગ્રહ, [illegible] [illegible], [illegible] અને [illegible] [illegible] પણ [illegible], દેશ અથવા અવસ્થા નિર્દિષ્ટ [illegible]

शौचसंतोषतपःस्वाध्यायेश्वरप्रणिधानानि नियमा[illegible]

સૂત્રાર્થ:—બાહ્ય અને અન્તઃ શૌચ, સંતો[illegible] તપસ્યા, અધ્યાત્મ-શાસ્ત્ર-પાઠ અને ઈશ્વરોપ[illegible] સના આ સર્વ નિયમ.

વ્યાખ્યા—બાહ્ય શૌચનો અર્થ શરીરને શુચી (શુ[illegible] પવિત્ર-નિર્મળ) રાખવું, અશુચિવાળો પુરુષ કદિ પણ [illegible] થઇ શકે નહિ, એવા બાહ્ય શૌચની સાથે સાથે અન્તઃ[illegible] પણ આવશ્યક છે પૂર્વે જે ધર્મોની વાત કહેવામાં આ[illegible] છે, તેનાથી એ અન્તઃ શૌચ આવે છે. અવશ્ય બાહ્ય શૌ[illegible] કરતાં અન્તઃ શૌચ અધિકતર ઉપકારી છે. પરન્તુ દે[illegible] તેનું પ્રયોજન છે, વળી અન્તઃ શૌચ વિના કેવળ [illegible] શૌચ કઈ ફલોપદાયક થાય નહિ.

वितर्कबाधने प्रतिपक्ष-भावनम् ॥ ३३ ॥

સૂત્રાર્થ:—યોગના પ્રતિબંધક ભાવ, સમૂહ [illegible] પસ્થિત થયેથી, તેનો વિપરીત વિચાર કરવો જોઇએ

વ્યાખ્યાઃ—પૂર્વે જે સકળ ધર્મની વાત કહેવામા આવી
છે. તેઓના અભ્યાસનો ઉપાય એ છે. મનમા વિપરીત પ્ર
કારના વિચાર આવ્યા. જ્યારે અન્યમ. ચોરીનો ભાવ આવ
વે, ત્યારે ચોરી નહિ કરવાનો (અચૌર્યનો) વિચાર કરવો
જોઈએ. જ્યારે દાન ગ્રહણ કરવાની ઇચ્છા થાય ત્યારે તેન
વિપરીત વિચાર કરવો જોઇએ

**वितर्का हिंसादयः कृतकारितानुमोदिता लो
क्रोध मोहपूर्वका मृदुमध्याधिमात्रा दुःखज्ञानान
न्तफला इति प्रतिपक्ष भावनम् ॥ ३४ ॥**

સૂત્રાર્થઃ—પૂર્વ સૂત્રમા જે પ્રતિપક્ષ-ભાવવાની
(વિપરીત વિચારની) વાત કહેવામા આવી છે,
તેની પ્રણાલી આવી છે -વિતર્ક એટલે યોગના પ્ર
તિબંધક હિંસા આદિ કાર્ય, કારિત, અથવા અનુ
મોદિત, તેઓના કારણ, લોભ, કાધ, અથવા મોહ
એટલે અજ્ઞાન, એ અલ્પ હો કે મધ્યમ પરિણામ
હો, અથવા અધિક પરિણામ હો, પણ તેનુ ફળ
નાનાવિધ અજ્ઞાન અને કલેશ છે, આવી રીતની
ભાવનાને પ્રતિપક્ષ ભાવના કહેછે.

વ્યાખ્યાઃ—આપણે પોતે કોઇ મિથ્યા (ખોટી-જૂઠી
વાત કહીએ, તેનાથી જે પાપ થાય, તેના જેટલુંજ પા

હિંસ છે, તેમો પણ શાન્ત ભાવ ધારણ કરે છે. તેવા યોગીની આગળ વાઘ અને બેટાનુ બચ્ચુ એકત્ર બેસશે, પરસ્પરને હિંસા કરશે નહિ. આ અવસ્થા પ્રાપ્ત થયાથી તમે સમજી શકશે કે, તમારુ અહિંસા વ્રત દૃઢ પ્રતિષ્ઠિત થયું છે.

सत्यप्रतिष्ठायां क्रियाफलाश्रयत्वं ॥ ३६ ॥

સૂત્રાર્થઃ—જ્યારે સત્યવ્રત હૃદયમા પ્રતિષ્ઠિત થાય, ત્યારે પોતાને સારૂ વા પરને સારૂ કોઇ કર્મ કર્યા વિના પણ તેનુ ફળ પ્રાપ્ત થાયછે.

વ્યાખ્યાઃ—જ્યારે આ સત્યની શક્તિ તમારામા પ્રતિષ્ઠિત થશે, જ્યારે સ્વપ્નમા સુધા તમે મિથ્યા વાત કહેશો નહિ, જ્યારે કાયમનો વાક્યથી સત્ય સિવાયનુ મિથ્યા ભાષણ કદિપણ કરશો નહિ, ત્યારે (એવી અવસ્થા પ્રાપ્ત થયેથી)તમે જે બોલશો, તે સત્ય થઈ જશે. ત્યારે પછી જો તમે કોઇને પણ કહો, કે " તુ કૃતાર્થ થા. " તો તરતજ તે કૃતાર્થ થઇ જશે. કોઈ પીડિત મનુષ્યને જો કહો, કે " રોગ મુક્ત થા " તો તરતજ તે રોગ મુક્ત થઇ જશે,

अस्तेयप्रतिष्ठायां सर्वरत्नोपस्थानं ॥ ३७ ॥

સૂત્રાર્થઃ—અચૌર્ય પ્રતિષ્ઠિત થયેથી, તે યોગીની આગળ ધન રત્નાદિ સર્વ આવી રહે.

વ્યાખ્યા—તમે જેટલા પ્રકૃતિનાથી દૂર નાસવાની ઇ-

વશ કરશો, તેટલી તે તમારું અનુસરણ કરશે, અને હવે જો તે પ્રકૃતિના પ્રત્યે જરાએ લક્ષ્ય નહિ આપો, તો તે તમારી દાસી થઈને રહેશે

ब्रह्मचर्यप्रतिष्ठायां वीर्यलाभः ॥ ३८ ॥

સૂત્રાર્થઃ—બ્રહ્મચર્ય પ્રતિષ્ઠિત થયાથી વીર્ય-લાભ થાય.

વ્યાખ્યાઃ—બ્રહ્મચર્યવાન માણસના મગજમાં પ્રબળ શક્તિ–મહત્ ઇચ્છા શક્તિ સંચિત રહે છે. એના વિના માનસિક તેજ બીજા કશાથી પણ થઈ શકતું નથી. જે મોટા મોટા મગજવાળા પુરુષો જોવામાં આવેછે, તેઓ સર્વે બ્રહ્મચર્યવાન હતા. એના દ્વારાએ માણસના ઉપર આશ્ચર્યકારક સત્તા પ્રાપ્ત કરી શકાય છે. જે જે પુરુષો લોકોના નેતા થયા છે, તેઓ સર્વે બ્રહ્મચર્યવાન હતા, બ્રહ્મચર્યથીજ તેઓને સઘળી શક્તિ પ્રાપ્ત થઈ હતી, વાસ્તે યોગીએ બ્રહ્મચર્યવાન થવાની વિશેષ આવશ્યકતા છે.

***अपरिग्रहप्रतिष्ठायां जन्मकथन्तासंबोधः ॥३९॥**

સૂત્રાર્થઃ—અપરિગ્રહ દૃઢ પ્રતિષ્ઠિત થયાથી પૂર્વ જન્મ સ્મૃતિ માર્ગમાં ઉદિત થશે.

વ્યાખ્યાઃ—યોગી જ્યારે અન્યની પાસેથી કોઈ વસ્તુ ગ્રહણ કરવાનો પરિત્યાગ કરે છે, ત્યારે તેનું મન બીજાના

* अपरिग्रह स्थैर्ये એવો પાઠ પણ જોવામાં આવે છે.

પ્રત્યે આગ્રહ નહિ રહેવાનાં ઉમદું સ્વાધીન અને મુક્ત સ્વતંત્રપણું થાયછે. તેનું મન પણ શુદ્ધ થઇ જાય છે, કારણ કે, દાન ગ્રહણ કરવા ગયાથી દાતાના સર્વ પાપ ગ્રહણ કરવાં પડે છે. મનના ઉપર તેના (પાપના) ઘરેઘર લાગી રહે છે, અને આપણું મન સર્વ પ્રકારના પાપના આવરણથી આવૃત થઇ પડે છે. આ પરિગ્રહ ત્યાગ કર્યાથી મન શુદ્ધ થઈ જાય છે; અને તેનાથી જે સફળ ફળ પ્રાપ્ત થાય છે, તેમાં પૂર્વ જન્મ સ્મૃતિ માર્ગમાં આરૂઢ થવો (પૂર્વ જન્મનો વૃત્તાંત યાદ થઈ આવવો) એ પ્રથમ છે. ત્યારે જ પછી તે યોગી તેના પોતાના લક્ષ્યમાં સંપૂર્ણ રીતે દૃઢ થઇને રહી શકે છે, કારણ કે તે જોઇ શકે છે કે, આજ દિન સુધી તે કેવળ જા આવ કરતો હતો, ત્યારથી પછી તે દૃઢ પ્રતિજ્ઞાવાળો થાય છે કે, આ વખતે (હવે) હું મુક્ત થઇશ, હવે હું જા આવ કરીશ નહિ, અને પ્રકૃતિનો દાસ થઇશ નહિ.

શૌચપ્રતિષ્ઠાયાં સ્વાઙ્ગજુગુપ્સા પરૈરસઙ્ગશ્ચ ॥૪૦॥

સૂત્રાર્થઃ—જ્યારે બાહ્ય અને આભ્યન્તર બન્ને પ્રકારનું શૌચ પ્રતિષ્ઠિત થાયછે, ત્યારે પોતાના શરીરના પ્રત્યે એક પ્રકારની ઘૃણાનો ઉદ્રેક થાયછે, અને પરની સાથે પણ સંગ કરવાની પ્રવૃત્તિ પછી રહેતી નથી.

વ્યાખ્યાઃ—જ્યારે વાસ્તવિક બાહ્ય અને આભ્ય
અને પ્રકારનું શૌચ સિદ્ધ થાય છે, ત્યારે શરીરના પ્રતે અ
પન (બેદરકારપણું) થઇ આવે છે, અને શું કરીને
એને સાફ રાખવું, શું કરીને એને સુંદર દેખાડવું, એ બધું
બ્દન એકદમ ચાલ્યા જાય છે બીજાઓ જેને અતિ સુન
મુખ કહેશે, તે યોગીની આગળ (યોગીને) વખતે પશુન
મુખ જેવુ માલમ પડશે. જો તે મુખપર જ્ઞાનનું કોઇ ચિ
ન્હ નહિ હોય તો જગતના લોકો જે મુખે કાંઇ વિશેષ
દેખશે નહિ, તેને (તે મુખને) તે (યોગી) વખતે સ્વર્ગી
ય મુખ ગણી કહેશે, જો તેના પછવાડે ચૈતન્યનો પ્રકાશ મા
લમ પડતો હશે તો આ શરીરને સારુ તૃષ્ણા એ મનુષ્
જીવનનુ એક મોટું અસુખ (દુઃખ) છે. જ્યારે એવી
(બાહ્યાભ્યાન્તર) પવિત્રતા પ્રતિષ્ઠિત થઇ જશે, ત્યારે
તેનુ પ્રથમ લક્ષણ એ થશે કે, તમે પોતાને પાડી એક શ
રીર માત્ર તરીકે ધારી શકશો નહિ. જ્યારે એવી પવિત્રતા
વાસ્તવિક જ આપણામાં પ્રવેશ કરે છે, ત્યારે જ આપણે
એવા દેહભાવને અતિક્રમ કરી શકીએ છીએ.

सत्वशुद्धिसौमनस्यैकाग्र्येन्द्रियजयात्मदर्श-
नयोग्यत्वानि ॥ ४१ ॥

સૂત્રાર્થ.—આ શૌચથી સત્વ-શુદ્ધિ, સૌમન-
સ્ય એટલે મનનો પ્રફુલ્લભાવ, એકાગ્રતા, ઇન્દ્રિય-
જય અને આત્મ-દર્શનની યોગ્યતા પ્રાપ્ત થાય છે.

વ્યાખ્યાઃ—યોગના અભ્યાસથી સત્વ પદાર્થની વૃદ્ધિ થશે, તેથી મન પણ આરામ અને સંતોષપૂર્ણ રહેશે. તમે ધર્મમાર્ગમાં આગળ વધો છો તેનું પ્રથમ લક્ષણ એ જોશો કે, તમને સારો સંતોષ પ્રાપ્ત થાય છે. વિષાદ (ખેદ) દુઃખ અવસ્થા અવશ્ય અજીર્ણ રોગનું ફળ હોઇ શકે, પરંતુ તે ધર્મ નથી. સુખજ સત્વનો સ્વભાવ સિદ્ધ ધર્મ છે; સાત્વિક મનુષ્યના પક્ષે સર્વ સુખમય નક્કી લાગે છે. તેથી તમને જ્યારે એવા આનંદનો ભાવ આવતો રહે, ત્યારે તમે સમજશો કે તમે યોગમાં ખૂબ ઉન્નતિ કરો છો. કષ્ટ જે કાંઈ છે તે સર્વ તમોગુણ-પ્રભવ છે. જેથી તે કષ્ટ જેનાથી નાશ થાય, તે કરવું જોઇએ. અતિશય વિષાદયુક્ત થઈ મુખ ભારે કરી (તોબરો ચઢાવી) રહેવું, એ તમોગુણનું એક લક્ષણ છે સબળ, દૃઢ, શરીરે સાજાતાજા, જુવાન અને હિંમતવાન મનુષ્યોજ યોગી થવાને ઉપયુક્ત છે. યોગીને સર્વ કાંઈ સુખમય નક્કી જ માલમ પડે છે. તે જે કોઈ મનુષ્ય મૂર્તિ જુએ છે, તેનાથી તેને આનંદ ઉપજે છે આજ ધાર્મિક લોકનું ચિહ્ન છે. પાપ જ કષ્ટનું કારણ છે, બીજા કોઈ કારણથી કષ્ટ થતું નથી. વિષાદરૂપ વાદળથી છવાયેલા મુખવાળા થઈને રહ્યાથી શું થશે? એ કેવો ભયાનક દેખાવ છે ! એવું ચઢેલું મ્હો લઈને બહાર જાઓ નહિ, કોઇ દિવસ એમ થાય છે કે બારણાં બંધ કરી સાંકળવાથી અંદર રહીને તે દિવસ ગાળી નાંખો. જગત્માં એ વ્યાધિને સંક્રા-

[illegible]

सन्तोषादनुत्तमः सुखलाभः ॥ ४२ ॥

સૂત્રાર્થ: સન્તોષથી પરમ સુખ પ્રાપ્ત થાય છે.

कायेन्द्रियसिद्धिरशुद्धिक्षयात्तपसः ॥ ४३ ॥

સૂત્રાર્થ:— અશુદ્ધિ-ક્ષયને લીધે તપસ્યાથી નાના પ્રકારના દેહ અને ઇન્દ્રિયોની શક્તિ આવે છે.

વ્યાખ્યા:—તપસ્યાનું ફળ [illegible] દૂરદર્શન, દૂરશ્રવણ ઇત્યાદિરૂપે પ્રકાશ પામે છે.

स्वाध्यायादिष्टदेवतासम्प्रयोगः ॥ ४४ ॥

સૂત્રાર્થ:—મન્ત્રનું પુનઃ પુનઃ ઉચ્ચારણ અથવા અભ્યાસ કર્યાથી, જે દેવતાને દેખવાની ઇચ્છા કરવામાં આવે, તેનું દર્શન થાય છે.

વ્યાખ્યા:—જે પરિમાણથી ઉચ્ચ પ્રકૃતિ દેખવાની ઇચ્છા કરશો, તે પરિમાણે અભ્યાસ પણ અધિક કરવો જોઈશે.

+समाधिरीश्वरप्रणिधानात् ॥ ४५ ॥

સૂત્રાર્થ:—ઇશ્વરમાં (ઇશ્વરને) સમુદય અર્પણ કર્યાથી સમાધિ પ્રાપ્ત થઇ રહે.

વ્યાખ્યા—ઇશ્વરમાં જ આધાર રાખી રહેવાથી સમાધિ બરોબર પૂર્ણ થાય છે

स्थिरसुखमासनम् ॥ ४६ ॥

સૂત્રાર્થ:—જે ભાવથી ઘણીવાર સુધી સ્થિર ભાવે સુખે બેશી રહી શકાય, તેનુ નામ આસન.

વ્યાખ્યા:—હવે આસનની વાત કહેવામા આવશે. જ્યાંસુધી તમે સ્થિરભાવથી ઘણીવાર બેશી રહી શકતા નથી, ત્યાંસુધી તમે પ્રાણાયામ અને બીજા સાધનમા કોઇપણ રીતે કૃતાર્થ થશો નહિ આસન દૃઢ થવાનો અર્થ એકે, તમે શરીરની સત્તા જરાએ અનુભવી શકશો નહિ એમ થાય ત્યારે વાસ્તવિક આસન દૃઢ થયુ છે, એમ કહેવાય પરંતુ સાધારણ ભાવે, તમે જો થોડીવાર બેસવાની કોશીશ કરો, તો તેમાં તમને નાના પ્રકારના વિઘ્ન નડતા રહેશે પરંતુ જ્યારે તમે આ સ્થૂલ દેહભાવ વિવર્જિત થશો, ત્યારે તમને તમારા શરીરનું અસ્તિત્વ સુધા અનુભૂત થશે નહિ. પછી તમે સુખ અથવા દુ:ખ કંઇપણ અનુભવશો નહિ

+ समाधिसिद्धिरीश्वरप्रणिधानात् આવો પાઠ પણ જોવામાં આવે છે.

[illegible]

प्रयत्नशैथिल्यानन्तसमापत्तिभ्याम् ॥ ४७ ॥

સૂત્રાર્થ—શરીરના જે એક પ્રકારનો અભિમાનાત્મક પ્રયત્ન છે, તેને શિથિલ કરી દેઈને અને અનન્તની ચિન્તા (ધ્યાન) દ્વારા આસન સ્થિર અને સુખકર થઈ શકે.

વ્યાખ્યા.—પછી આ લોક (પ્રકાશ) અને અંધકાર, સુખ અને દુ:ખ તમને ચંચળ કરી શકશે નહિ.

ततोद्वन्द्वानभिघातः ॥ ४८ ॥

સૂત્રાર્થ—એવીરીતે આસન જય થયાથી, પછી દ્વન્દ્વ પરંપરા કંઈ વિઘ્ન ઉત્પાદન કરી શકે નહિ.

વ્યાખ્યા:—દ્વંદ્વનો અર્થ ગુણ અને અવગુણ, શીત અને ઉષ્ણ અને એવા રીતના વિપરીત ધર્મવાળા બંને પદાર્થો.

તસ્મિન સતિ શ્વાસપ્રશ્વાસયોર્ગતિવિચ્છેદઃ પ્રાણાયામઃ ॥ ૪૯ ॥

સૂત્રાર્થ—આ આસનજયના પછી શ્વાસ અને પ્રશ્વાસ બંનેની ગતિ સંયત થઈ જાય, તેને પ્રાણાયામ કહે છે

વ્યાખ્યા:—જ્યારે આસન જિત થાય (દૃઢ-સ્થિર થાય), ત્યારે શ્વાસ પ્રશ્વાસની ગતિ ભગ્ન કરી દેઈને તેને જીતી લેઈએ, તેથી હવે પ્રાણાયામના વિષયનો આરંભ થયો. પ્રાણાયામ શું ? ના-શરીરમાં રહેલી જીવની શક્તિને વશમાં આણવી તે છે પ્રાણ શબ્દનો અર્થ સાધારણ શ્વાસ એવો થતો રહે છે, પરન્તુ વાસ્તવિક તેનો અર્થ શ્વાસ નથી પ્રાણનો અર્થ જાગતિક સમુદાય શક્તિસમષ્ટિ તે પ્રત્યેક જનમાં રહેલી છે એનો તત્કાળ ભાસમાન પ્રકાશ-ફેફસાની ગતિ છે. પ્રાણ જ્યારે શ્વાસને અંદરની તરફ આકર્ષણ કરે છે, ત્યારે એ ગતિનો આરંભ થાય છે. પ્રાણાયામ કરવાને પવનને આપણે એને જ સંયમ કરવાની કોશીશ કરતા રહીએ છીએ. પ્રાણના ઉપર શક્તિ પ્રાપ્ત કરવાને, આ-

[illegible] કરીએ છીએ
[illegible] છે, જેમ [illegible] પ્રમાણે છે

સ બાહ્યાભ્યન્તરસ્તમ્ભવૃત્તિઃ દેશકાલસંખ્યાભિઃ પરિદૃષ્ટો દીર્ઘઃ સૂક્ષ્મઃ ॥ ૫૦ ॥

સૂત્રાર્થ—આ પ્રાણાયામના ત્રણ પ્રકાર છે. જેવા કે,–બાહ્ય–વૃત્તિ, અભ્યન્તરવૃત્તિ અને સ્તમ્ભવૃત્તિ, તે વળી દેશ, કાળ અને સંખ્યાના દ્વારા નિયમિત અને દીર્ઘ અથવા સૂક્ષ્મ છે.

વ્યાખ્યા—આ પ્રાણાયામ ત્રણ પ્રકારની ક્રિયાથી થાય છે પ્રથમ, જ્યારે આપણે શ્વાસને અભ્યન્તરમાં ખેંચી લઈએ છીએ, બીજું, જ્યારે આપણે તેને બહાર કાઢીએ (કાઢીએ) છીએ, અને ત્રીજું જ્યારે ફેફસાંની અંદર તેની બહાર પૂર થાય છે (રેચક છે). તેઓ પણ દેશ અને કાળાનુસાર ભિન્ન ભિન્ન આકાર ધારણ કરે છે. દેશનો અર્થ–પ્રાણને શરીરના કોઈ અંગ વિશેષમાં બદ્ધ રાખવો. સમયનો અર્થ, પ્રાણને કયા સ્થાનમાં કેટલી વાર રાખવો જોઈએ તે સમજવું જોઈએ. આમ કેટલી વાર કેટલીવાર રેચક કરવો જોઈએ, ઇત્યાદિ કહેવામાં આવે છે. આ પ્રાણાયામનું ફળ ઉદ્ઘાત એટલે કુંડલીનું જાગરણ.

બાહ્યાભ્યન્તરવિષયાક્ષેપી ચતુર્થઃ ॥ ૫૧ ॥

સૂત્રાર્થઃ—ચોથા પ્રકારનો પ્રાણાયામ એ કે, જે

નાથી પ્રાણને બહાર અથવા અંદર પ્રયોગ કરાય.

વ્યાખ્યા—આ બીજા એક પ્રકારનો (૪ થા પ્રકારનો) પ્રાણાયામ છે એનાથી પ્રાણને કાંતો બહાર અથવા ભિતરમાં પ્રયોગ કરી શકાય.

ततः क्षीयते प्रकाशावरणम् ॥ ५२ ॥

સૂત્રાર્થઃ—તેનાથી જ ચિત્તના પ્રકાશનું જે આવરણ હોય છે, તે ક્ષય થઇ જાય છે.

વ્યાખ્યાઃ—ચિત્તમાં સ્વાભાવિક જ સમુદય જ્ઞાન રહેલું છે, તે સત્વ પદાર્થ દ્વારા નિર્મિત, અને કેવળ રજ અને તમોદ્વારા આવૃત્ત થયું છે. પ્રાણાયામ દ્વારા ચિત્તનું એ આવરણ ચાલ્યું જાય છે

धारणासु च योग्यता मनसः ॥ ५३ ॥

સૂત્રાર્થઃ—આ આવરણ ચાલી ગયાથી આપણે મનને એકાગ્ર કરવાને સમર્થ થઇએ છીએ.

स्वस्वविषयसम्प्रयोगाभावे चित्तस्वरूपानुकार इवेन्द्रियाणां प्रत्याहारः ॥ ५४ ॥

સૂત્રાર્થઃ—જ્યારે ઇન્દ્રિયો તેઓનો પોત પોતાનો વિષય પરિત્યાગ કરીને ચિત્તનું સ્વરૂપ ગ્રહણ કરે છે, ત્યારે તેને પ્રત્યાહાર કહેવામાં

વ્યાખ્યા:— આ [illegible]
[illegible]
[illegible]
[illegible] આકૃતિની [illegible]
[illegible]
અને [illegible] નિશ્ચિત [illegible]
[illegible] મન [illegible]
[illegible] નિવારણ કરી [illegible]
[illegible] મન [illegible]

ततः परमवश्यतेन्द्रियाणाम ॥ ५५ ॥

સૂત્રાર્થ — પ્રત્યાહારથી જ ઇન્દ્રિયો સંપૂર્ણ [illegible] તે જીતાઇ રહે છે

વ્યાખ્યા:—જ્યારે યોગી-ઇન્દ્રિયોને એ પ્રમાણે [illegible] રની વસ્તુની આકૃતિ ધારણ કરવાનું નિવારણ કરી [illegible] અને મનની સાથે તેઓને એક કરીને ધારણ [illegible] કૃતકાર્ય થાય છે, ત્યારે જ ઇન્દ્રિયો સંપૂર્ણ રીતે [illegible] રહે છે. અને જ્યારે ઇન્દ્રિયો જીતાય છે, ત્યારે જ [illegible] સુદૃઢ સ્નાયુ, સમુદય માંસ પેશીઓ સુધાં [illegible] વશમાં આવી રહે છે. આ ઇન્દ્રિયો જ્ઞાનેન્દ્રિય અને [illegible] ન્દ્રિય એવા બે ભાગમાં વિભક્ત છે. જ્યારે [illegible] ય છે, ત્યારે યોગી સર્વ પ્રકારના ભાર અને [illegible]

ને જાને છે. સર્વ શરીર પણ તેના આધીન થઈ પડે
. આવી અવસ્થા પ્રાપ્ત થવાથી માણુસ દેહ ધારણમાં
આનન્દ અનુભવે છે, ત્યારે જ તે યથાર્થ સત્ય ભાવે કરી
કે છે કે, " હું જન્મ્યો હતો તેથી હું સુખી છું "
જ્યારે ઇન્દ્રિયોના ઉપર એવી શક્તિ પ્રાપ્ત થાય છે, ત્યારે
સમજવામાં આવે છે કે, આ શરીર ખરેખર જ અતિ
અદ્ભુત પદાર્થ છે.

સાધન પાદ સમાપ્ત.



अध्याय त्रीजो.

विभूति-पाद.

હવે વિભૂતિ-પાદ આવ્યો.

देशबन्धश्चित्तस्य धारणा ॥ १ ॥

સૂત્રાર્થઃ—ચિત્તને કોઇ વિશેષ સ્થાનમાં બદ્ધ કરી રાખવાનું નામ ધારણા.

વ્યાખ્યાઃ—જ્યારે મન શરીરની અંદર અથવા બહારે કોઇ વસ્તુમાં બદ્ધ થાય, અને કેટલીકવાર સુધી એ પ્રકારે રહે, તેને ધારણા કહે છે.

तत्र प्रत्ययैकतानता ध्यानम् ॥ २ ॥

સૂત્રાર્થઃ—તે વસ્તુ સબંધી જ્ઞાન જો નિરંતર એક ભાવે પ્રવાહિત થતું રહે, તો તેને ધ્યાન કહે છે.

વ્યાખ્યાઃ—ધારો કે, મન જાણે કોઇ એક વિશેષ વિચાર અથવા ધ્યાન કરવાની કોશીશ કરે છે, કોઇ એક વિશેષ સ્થાનમાં, જેમકે, માથાના ઉપર અથવા હૃદય આદિ સ્થાનમાં પોતાને ધરી રાખવાનો યત્ન કરે છે.

એ ઇન્દ્રિના માત્ર એક અંગની મારફત સર્વ પ્રકારની અનુભૂતિ ગ્રહણ કરવાને સમર્થ થાય, શરીરના બીજા અમુક ભાગને તે વિષય-ગ્રહણથી નિરત રાખી શકે, તો તેનું નામ ધારણા, અને યોગીશ્વર પોતાને એ અવસ્થામાં રાખવાને સમર્થ થાય, તેનું નામ ધ્યાન.

देवार्थमात्रनिर्भास स्वरूप-शून्यमिव समाधि ॥३॥

સૂત્રાર્થ:—તેજ જ્યારે સમુદય બાહ્યોપાધિ પરિત્યાગ કરીને કેવળ અર્થ માત્રનેજ પ્રકાશ કરે છે, ત્યારે તે સમાધિ કહેવાય છે.

વ્યાખ્યા:—ધ્યાનથી સર્વ ઉપધિ પરિત્યક્ત થાય છે. એને અર્થ શો? ધારો કે, હું આ પુસ્તક સબંધી ધ્યાન કરું છું; અને એમ ધારો કે, એના ઉપર ચિત્ત સંયમ કરવામાં હું કૃત કાર્ય થયો, ત્યારે કેવળ કોઇ રીતના આકારથી અપ્રકાશિત, અર્થ નામધારી, આભ્યન્તરની અનુભૂતિ મારા મનમાં પ્રકાશિત થવા લાગી આવા ધ્યાનની અવસ્થાને સમાધિ કહે છે.

त्रयमेकत्र संयमः ॥ ४ ॥

સૂત્રાર્થ:—આ ત્રણે જ્યારે એકત્ર એટલે એકજ વસ્તુના સંબંધમાં અભ્યસ્ત થાય, ત્યારે તેને સંયમ કહે છે.

વ્યાખ્યાઃ—જેમ માણસ જ્યારે તેના મનને કોઈ મુકર્રર સ્થાનમાં એક સ્થાને કેન્દ્રીભૂત ના ધારણ કરી શકે, અને તે વસ્તુને તેના અન્તર્ભાગમાંથી પૃથક કરીને ઘણો વખત સુધી રાખી શકે ત્યારે તે સંયમ થયો એટલે ધારણા, ધ્યાન અને સમાધિ એ ત્રણે એકના પછી એક એમ અનુક્રમે એક વસ્તુના ઉપર થવાથી એક સંયમ થયો. તે વખતે વસ્તુનો બાહ્યનો આકાર પ્રથમ ચાલ્યો જાય છે, અને ત્યાં કેવળ તેનો અર્થ માત્ર ઉદ્ભાસિત થઈ રહે છે.

तज्जयात् प्रज्ञालोकः ॥ ५ ॥

સૂત્રાર્થઃ—આ સંયમના દ્વારા યોગીના જ્ઞાનાલોકનો પ્રકાશ થાય છે.

વ્યાખ્યાઃ—જ્યારે કોઈ વ્યક્તિ આ સંયમ-સાધનમાં કૃતકાર્ય થાય છે, ત્યારે સઘળી શક્તિ તેના હાથમાં આવી રહે છે. આ સંયમ જ યોગીનું એક માત્ર યંત્ર છે. જ્ઞાનના વિષય અનન્ત છે; તેઓ સ્થૂલ, સ્થૂલતર, સ્થૂલતમ; અને સૂક્ષ્મ, સૂક્ષ્મતર, સૂક્ષ્મતમ ઇત્યાદિ હિસાબથી નાના વિભાગમાં વિભક્ત છે. પ્રથમ સ્થૂલ વસ્તુના ઉપર એ (સંયમનો) પ્રયોગ કરવો જોઈએ; પછી જ્યારે સ્થૂલનો જ્ઞાન-લાભ થવા માંડે, ત્યારે થોડે થોડે કરીને એક પછી બીજા પગથિયે ચઢવાનીપેઠે તે સૂક્ષ્મતર વસ્તુના ઉપર પ્રયોગ કરવો જોઈએ.

तस्य भूमिषु विनियोगः ॥ ६ ॥

સૂત્રાર્થ:—આ સંયમ સોપાન-ક્રમથી (અનુક્રમે ચઢની પાયરીએ) પ્રયોગ કરવો જોઇએ.

વ્યાખ્યા—ખૂબ ઉતાવળા દોરા જવાની કોશીશ કરશો નહિ, એમ આ સૂત્ર સાવધાન કરી દે છે.

त्रयमन्तरङ्गं पूर्वेभ्यः ॥ ७ ॥

સૂત્રાર્થ:—આ ત્રણ પૂર્વ કથિત સાધનોથી યોગનું અધિક અન્તરંગ સાધન.

વ્યાખ્યા:—પૂર્વે પ્રાણાયામ, આસન, યમ અને નિયમા રિતે કહેવામાં આવ્યુ છે તેઓ ધારણા, ધ્યાન અને સમાધિથી બહિરંગ છે, પરંતુ ધારણા, ધ્યાન અને સમાધિ પોતે નિર્બીજ સમાધિના પક્ષે બહિરંગ-સ્વરૂપ છે. આ અવસ્થાઓ પ્રાપ્ત કર્યાથી અવશ્ય માણસ સર્વજ્ઞ અને સર્વ શક્તિમાન થઇ શકે છે, પરંતુ સર્વજ્ઞતા અથવા સર્વ શક્તિમાનપણું એ કાંઇ મુક્તિ નથી કેવળ એ ત્રિવિધ સાધન દ્વારા મન નિર્વિકલ્પ એટલે પરિણામ-શૂન્ય થઇ શકે ત્યાં એ સાધનો આયત્ત (આધીન-કબજે) થયેથી પણ ...ધરણુના બીજ રહી જશે જ્યારે તે બીજ પાણીયોની ...માં જેને રોગા (ભુંજલા) કહે છે, તેવાં થઇ જાય, ...રે તેઓની ફરીને વૃક્ષ ઉત્પન્ન કરવાના ઉપયોગની શક્તિ ...ટ થઇ જાય છે. શક્તિ સમૂહ કદિપણ બીજને રોકી ...કે નહિ.

ની વૃત્તિ રહેત નહિ.' ધારો કે, મનમાં એવી એક પ્રકા-
રની વૃત્તિ ઉદય થઇ છે, જે મનને ઇન્દ્રિયોના તરફ લેઇ
જાય છે, અને યોગી એ વૃત્તિને સંયમ કરવાની કોશીશ
કરે છે. એ અવસ્થામાં એ સંયમને પણ એક વૃત્તિ કહેવા
જોઇએ. એક તરંગ બીજા એક તરંગ દ્વારા નિવારિત થ
યો, તેથી તે સર્વ તરંગની નિવૃત્તિરૂપ સમાધિ નથી. કારણ,
એ સંયમ તરંગ (છે.) તોપણ એ નિમ્નતર સમાધિ, જે
અભ્યાસથી મનમાં તરંગના ઉપર તરંગ આવતા રહે છે,
તેના કરતાં ઉચ્ચતર સમાધિના નજીકની ખરી

तस्य प्रशान्तवाहिता संस्कारात् ॥ १० ॥

સૂત્રાર્થઃ—અભ્યાસના દ્વારા એની સ્થિરતા
થાય છે.

વ્યાખ્યાઃ—પ્રતિદિન નિયમિત રીતે અભ્યાસ કર્યાથી
ન એવું નિરંતર સંયત અવસ્થામા રહી શકે છે કે, પછી
(મન) નિત્ય એકાગ્રતા શક્તિ પ્રાપ્ત કરે છે

सर्वार्थतैकाग्रतयोः क्षयोदयौ चित्तस्य समाधि
णामः ॥ ११ ॥

સૂત્રાર્થઃ—મનમાં સર્વ પ્રકારની વસ્તુનુ ગ્રહણ
કરવું અને એકાગ્રતા, આ બે જ્યારે ક્ષય અને
ઉદય થાય, ત્યારે તેને ચિત્તનું સમાધિ-પરિ
ણામ કહે.

तदपि बहिरङ्गं निर्बीजस्य ॥ ८ ॥

સૂત્રાર્થ—પરન્તુ આ સંયમ પણ નિર્બીજ સ[illegible]
[illegible]ધિના પણ બહિરંગ સાધન છે.

વ્યાખ્યા—[illegible]

[illegible] ([illegible])

व्युत्थाननिरोधसंस्कारयोरभिभवप्रादुर्भावौ
निरोधक्षणचित्तान्वयो निरोधपरिणामः ॥ ९

સૂત્રાર્થ—જ્યારે વ્યુત્થાન એટલે મનના [illegible]
સ્કારનો અભિભવ (નાશ) અને નિરોધ સંસ્[illegible]
રનો આવિર્ભાવ થાય, ત્યારે ચિત્ત નિરોધ ક્ષણ[illegible]
અવસરનો અનુગત થાય, તેને નિરોધ પરિણ[illegible]
કહે છે.

વ્યાખ્યા—આનો અર્થ એ છે, કે પહેલી પ્રઘ[illegible]
વસ્થામાં મનની સર્વ વૃત્તિઓ નિરુદ્ધ થાય છે ખરી, [illegible]
સંપૂર્ણ રીતે નહિ, કારણ કે, તેમ થવાથી [illegible]

[illegible] નહિ. [illegible] [illegible] છે, [illegible] અને [illegible] [illegible] [illegible] [illegible] તો સર્વ [illegible] (છે.) [illegible] મનમાં [illegible] સમાધિ [illegible]

तस्य प्रशान्तवाहिता संस्कारात् ॥ १० ॥

સૂત્રાર્થ:—અભ્યાસના દ્વારા એની સ્થિરતા થાય છે.

વ્યાખ્યા—પ્રતિદિન નિયમિત રીતે અભ્યાસ કર્યાથી મન એનું નિરંતર સતત [illegible] છે કે, પછી તે (મન) નિત્ય એકાગ્રતા [illegible] પ્રાપ્ત કરે છે

सर्वार्थैकाग्रतयोः क्षयोदयौ चित्तस्य समाधिपरिणामः ॥ ११ ॥

સૂત્રાર્થ:—મનમાં સર્વ પ્રકારની વસ્તુનું ગ્રહણ કરવું અને એકાગ્રતા, આ બે જ્યારે ક્ષય અને ઉદય થાય, ત્યારે તેને ચિત્તનું સમાધિ-પરિણામ કહે.

૧૧

વ્યાખ્યાઃ—મન [illegible] પ્રકારનું [illegible] કરે છે, [illegible] વસ્તુમાં [illegible] છે. [illegible] મનની એવી એક [illegible] અવસ્થા રહેલી છે, કે જે [illegible] ક્ષણમાં તે મન એક જ વસ્તુને ગ્રહણ કરીને બીજી વસ્તુને ત્યાગ કરી શકે છે [illegible] એક વસ્તુ ગ્રહણ કરવું [illegible] સમજવું.

शान्तोदितौ तुल्यप्रत्ययौ चित्तस्यैकाग्रतापरिणामः ॥ १२ ॥

સૂત્રાર્થ—જ્યારે મન શાન્ત અને ઉદિત એટલે અતિત (ગયેલી-ભૂત-) અને વર્તમાન અવસ્થામાં તુલ્ય-પ્રત્યય (સરખા જ્ઞાનવાળું) થાય, એટલે બન્નેને એક સમયે ગ્રહણ કરી શકે, તેને ચિત્તની એકાગ્રતા-પરિણામ કહે છે.

વ્યાખ્યાઃ—મન એકાગ્ર થયું છે, એ શી રીતે અનુભવમાં આવે? મન એકાગ્ર થવાથી સમયનું કાંઈ જ્ઞાન રહેશે નહિ. સમયનું જ્ઞાન જેટલું જાય, તેટલા આપણે એકાગ્ર થઈએ છીએ, એમ સમજવું જોઈએ. સાધારણ રીતે અનુભવમાં જોવામાં આવે છે કે, જ્યારે આપણે ખૂબ આગ્રહ સહિત કોઈ પુસ્તક વાંચવામાં મગ્ન થઈએ છીએ, ત્યારે સમયના તરફ આપણું લક્ષ બિલકુલ રહેતું નથી. પછી પાછા જ્યારે તે પુસ્તક વાંચવું બંધ કરીએ છીએ, ત્યારે

એક વિકારીને અનુભવ પ્રમાણે ઈચ્છે છે. કેટલો સમય વ્યતીત થયા પછી અને તે અમુક સમય બાદ એકત્રિત થઈને વર્તમાનમાં એકીભૂત થઈ આવ્યો જ કહેવામાં આવ્યું છે કે, જેટલું અતીત (ભૂત) અને અનાગત આદિ મળી એકીભૂત થઈ જાય, પરંતુ મન એકાગ્ર થાય નહિ.

एतेन भूतेन्द्रियेषु धर्मलक्षणावस्था परिणामा व्याख्याताः ॥ १३ ॥

સૂત્રાર્થઃ—આના દ્વારા ભૂત અને ઇન્દ્રિયમાં જે ધર્મ, લક્ષણ અને અવસ્થારૂપ પરિણામ છે, તેની વ્યાખ્યા કરવામાં આવી.

વ્યાખ્યાઃ—આના દ્વારા મનના ધર્મ, લક્ષણ અને અવસ્થારૂપ ત્રણ પ્રકારના પરિણામની વ્યાખ્યા કરાઈ. મન અનાગત વૃત્તિરૂપે પરિણામ થાય છે (દેખાઈ જાય છે, બની જાય છે). એ મનનું ધર્મરૂપ પરિણામ. આ પરિણામોને કેવળ વર્તમાન અવસ્થામાં રાખી શકવાથી, તેને લક્ષણ રૂપે કાળગત પરિણામ કહે છે. અને મન જ્યારે આ વર્તમાન અવસ્થાઓને પણ પરિણામ કરીને અતીત અવસ્થાઓમાં લઈ શકે છે, ત્યારે તેનું નામ અવસ્થા પરિણામ. પૂર્વનાં સૂત્રોમાં જે સકળ સમાધિઓ વિષે કહેવામાં આવ્યું છે, તેઓનો ઉદ્દેશ એ છે કે, જેથી કરીને યોગી મંદાર સિદ્ધિઓના ઉપર ઇચ્છા પૂર્વક સત્તા ચલાવી શકે. તેનાથી પૂર્વોક્ત સંયમ-શક્તિ પ્રાપ્ત થાય છે.

शान्तोदिताव्यपदेश्य धर्मानुपाती धर्मी ॥१४॥

સૂત્રાર્થઃ—શાન્ત એટલે અતીત, ઉદિત (વર્તમાન) અને અવ્યપદેશ્ય (ભવિષ્યત્) ધર્મ જેનામાં અવસ્થિત, તેનું નામ ધર્મી.

વ્યાખ્યાઃ—ધર્મી તેને કહે છે, કે જેના ઉપર કાળ અને સંસ્કાર કાર્ય કરે છે, જે સર્વદા પરિણામ-પ્રાપ્ત અને વ્યક્તભાવ ધારણ કરે છે.

क्रमान्यत्वं परिणामान्यत्वे हेतुः ॥ १५ ॥

સૂત્રાર્થઃ—ભિન્ન ભિન્ન પરિણામ થવાનું કારણ, ક્રમની વિભિન્નતા (છે) (ધર્મનો જે ક્રમ, તેનું નાનાવિધપણું જ નાનારૂપ પરિણામનો હેતુ.)

परिणामत्रयसंयमादतीतानागतज्ञानम् ॥ १६ ॥

સૂત્રાર્થઃ—આ ત્રણ પરિણામના પ્રત્યે ચિત્ત-સંયમ કર્યાથી અતીત અને અનાગત એટલે ભવિષ્યતનું જ્ઞાન ઉત્પન્ન થાય છે.

વ્યાખ્યાઃ—પૂર્વે સંયમનું જે લક્ષણ કહેવામાં આવ્યું છે, તે આપણે વિસ્મૃત થવું નહિ. જ્યારે મન વસ્તુના બાહ્ય ... મને પરિણામ કરીને તેના આભ્યન્તરિક ભાવોની સાથે ... તેને એકીભૂત કરવાને ઉપયુક્ત અવસ્થામાં જઈ પહોંચે ..., ત્યારે લાંબા અભ્યાસથી તે (મન) કેવળ એકમાત્ર

તેજ શરીરે તે અવસ્થામાં પહોંચવા જવાની શક્તિ પ્રાપ્ત ક
છે, માટે તેને સંયમ કહે છે આ અવસ્થા પ્રાપ્ત કરી
ને કોઈ પણ ભવિષ્યત્ બનાવનો નિર્ણય કરે તો તેણે
ણ સંસ્કારોના પરિણામોના ઉપર સંયમ પ્રયોગ કરવો જો
ઈએ. કેટલાક સંસ્કાર વર્તમાન અવસ્થામાં કામ કરે છે, ક
ટલાકો કામ પૂરું કરી ગયા છે અને કેટલાક હવે પછી
કામ પ્રારંભ કરવા તરીકે સંચિત પડ્યા છે આ બધાના ઉ
પર સંયમ પ્રયોગ કરીને તે ભૂત અને ભવિષ્યત્ સર્વે
જાણી શકે છે

शब्दार्थप्रत्ययानामितरेतराध्यासात्सङ्करस्तत्प्र
विभागसंयमात्सर्वभूतरुतज्ञानम् ॥ १७ ॥

સૂત્રાર્થઃ—શબ્દ, અર્થ અને પ્રત્યયના પરસ્પરે પરસ્પરના આરોપને લીધે એક પ્રકારની સંકરાવસ્થા થઈ છે, તેઓના પ્રભેદોના પર સંયમ કર્યાથી સર્વભૂતોનું શબ્દ જ્ઞાન થાય છે

વ્યાખ્યાઃ—શબ્દ કહવાથી બાહ્ય વિષય-જે મનમાં વૃત્તિને ઉત્પન્ન કરી દે છે, તેને સમજવો જોઈએ; અર્થ કહવાથી શરીરની અંદરનો જે વૃત્તિ પ્રવાહ ઇન્દ્રિય દ્વારે ય ઈને વિષયને લેઈ જઈ મગજમાં પહોંચાડી દે છે, તેને સમજવો જોઈએ; અને જ્ઞાન કહવાથી મનની જે પ્રતિક્રિયા, જેનાથી વિષયાનુ ભૂતિ થાય છે, તેને સમજવી જોઈએ.

ત્રણ મિશ્રિત થઇને જ આપણી ઇન્દ્રિયગોચર વિષય ઉત્પન્ન થાય છે. ધારો કે, મેં એક શબ્દ સાંભળ્યો, (તેમાં) પ્રથમે બહાર એક કમ્પન થયું, ત્યારપછી શ્રવણેન્દ્રિય દ્વારા મનમાં એક બોધ પ્રવાહ ગયો, ત્યાર પછી મને પ્રતિઘાત કર્યો, (એટલે) હું શબ્દને જાણી શક્યો. (એવીરીતે) મેં એ શબ્દ જે જાણ્યો, તે ત્રણ પદાર્થોનું મિશ્રણ,—પ્રથમ કમ્પન બીજો અનુભૂતિ પ્રવાહ, અને ત્રીજો પ્રતિક્રિયા. સાધારણ રીતે આ ત્રણ બનાવને પૃથક કરાતા નથી, પરંતુ યોગી અભ્યાસદ્વારા તેઓને પૃથક કરી શકે છે. માણસ જ્યારે આ કેટલાક વ્યાપારને પૃથક કરવાની શક્તિ પ્રાપ્ત કરે છે, ત્યારે તે જે કોઈ શબ્દના ઉપર સંયમ પ્રયોગ કરે છે, તે શબ્દ જે અર્થ પ્રકટ કરવાને માટે ઉચ્ચારેલો,—તે કાંતિ મનુષ્યે ઉચ્ચારેલો હો કે પશુએ ઉચ્ચારેલો હો, તરત જ સમજી શકે.

संस्कारसाक्षात्करणात्पूर्वजातिज्ञानम् ॥ १८ ॥

સૂત્રાર્થ:—સંસ્કારોને પ્રત્યક્ષ કર્યાથી એટલે તેઓને જાણી શક્યાથી પૂર્વ જન્મનું જ્ઞાન થાય.

વ્યાખ્યા:—આપણે જે કાંઇ અનુભવ કરીએ છીએ, તે સર્વે આપણા ચિત્તમાં તરંગાકારે આવી રહે છે, તે પાછા ચિત્તના અભ્યન્તરમાં મળી જાય છે, (અને) ક્રમે ક્રમે, સૂક્ષ્મથી સૂક્ષ્મતર થઇ રહે છે, એકદમ નષ્ટ થઈ જતા નથી. તે ત્યાં જઇને અતિ સૂક્ષ્માકારે અવસ્થિતિ કરે છે. જો આપણે એ તરંગને પાછા લાવી શ

